ભારતીય સાહિત્યના નિર્માતા

જોસેફ મેકવાન

મણિલાલ હ૦ પટેલ

સાહિત્ય અકાદેમી

અનુક્રમ

૧. ભૂમિકા

૨. જીવન ઘડતર

૩. રેખાચિત્રો વિશે

૪. નવલકથાઓ વિશે

૫. ટૂંકીવાર્તાઓ વિશે

૬. નિબંધ અને અન્ય લેખન

૭. ઉપસંહાર

૮. પરિશિષ્ટ અને સંદર્ભ સાહિત્ય

નિવેદન

સર્જક જોસેફ મેકવાન વિશેના આ લઘુગ્રંથમાં એમના જીવન ઘડતર સાથે સર્જક તરીકે એમનાં વિવિધ પાસાંને લક્ષમાં રાખ્યાં છે. મુખ્યત્વે એમનાં રેખાચિત્રો, એમની નવલકથાઓ, વાર્તાઓ તથા નિબંધોનો આસ્વાદલક્ષી અને સમીક્ષાત્મક પરિચય કરાવ્યો છે. જોસેફ મેકવાનના જીવનકાળનો અને એ સમયનાં સામાજિક પરિબળોનો પણ પરિચય આલેખ્યો છે સાહિત્ય અકાદમીની આ – 'ભારતીય સાહિત્યના નિર્માતા' શ્રેણી અંતર્ગત તૈયાર થતા લઘુગ્રંથો મૂળ ભાષાના વાચકો ઉપરાંત અનુવાદ દ્વારા ભારતીય ભાષાઓના વાચકો સુધી પહોંચે એવો હેતુ હોય છે. એટલે આ ગ્રંથના લેખનમાં શક્ય એટલી વિશદતા જાળવીને કૃતિઓનો આસ્વાદલક્ષી પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે.

જોસેફ મેકવાનની સર્જકમુદ્રા વાચકો સમક્ષ સ્પષ્ટ ઉપસી આવે અને વાચકોને પ્રમાણભૂત તથા સંતર્પક વાચન મળી રહે એવી કાળજી પણ રાખી છે લઘુગ્રંથના અંતે પરિશિષ્ટમાં લેખક અને સંદર્ભગ્રંથો વિશે માહિતી મૂકી છે. આશા છે કે આ લઘુગ્રંથના લેખન પાછળનું, વાચકો સુધી પહોંચવાનું ધ્યેય ફળિભૂત થશે.

– મણિલાલ હ૦. પટેલ

૧
ભૂમિકા

"જોસેફ એક શિક્ષક છે : કર્મઠ કાર્યકર છે. સમાજ સુધારક છે, દેશભક્ત છે. પરંતુ ગુજરાતમાં કદાચ તેમની સૌથી મોટી ઓળખ એક સાહિત્યકાર તરીકેની છે. જોસેફ મેકવાન ગુજરાતી સાહિત્યની એક ઘટના છે. અસત્ય, અન્યાય અને સમાજ માળખામાં નિહિત અને વકરેલી હિંસાએ જોસેફની વાણીને ધાર આપી છે. સ્વાભિમાન, કરુણા, સમવેદનાએ એ વાણીને મધુરતા આપી છે. "

– નારાયણ દેસાઈ

જોસેફ મેકવાન (૧૯૩૫–૨૦૧૦) : જોસેફ મેકવાન આપણા દલિત સાહિત્યના પ્રમુખ, પ્રવર્તક, સાહિત્યકાર હોવા સાથે મુખ્ય ધારાના લોકપ્રિય સાહિત્યકાર પણ ખરા. વિદ્વાનો અને કલા મર્મજ્ઞોએ એમના સાહિત્યને નાણ્યું-પ્રમાણ્યું અને વખાણ્યું તો સાહિત્યના અભ્યાસીઓએ, રસિકજનોએ અને સામાન્ય ભાવકોએ પ્રેમથી આસ્વાદ્યું અને પોતાની સંવેદનાઓનું એમાં પ્રમાણ જોયું. જોસેફ મેકવાનને એક બહોળો વાચકવર્ગ મળ્યો એનું કારણ એમના સાહિત્યમાં પ્રગટતું જીવનનું કરુણ વાસ્તવ અને અસલ જીવતા ગામડાનાં મનેખનું તળબોલીમાં થયેલું હૃદયસ્પર્શી આલેખન છે.

જોસેફ મેકવાને રેખાચિત્રો લખ્યાં, સ્વામી આનંદ પછી આવાં હૃદયસ્પર્શી અને સાચકલાં ચરિત્રોનું ચિત્રણ જોસેફ પાસેથી મળે છે. આ સુદીર્ઘ ચરિત્રોને આપણે ચરિત્ર નિબંધની કોટિમાં પણ મૂકી શકીએ. જોસેફે નવલકથાઓ લખી છે. બહુધા ઉપેક્ષિતો અને પીડિતોના જીવનની વ્યથાઓ અને એમનાં વીતકોનું એમાં આલેખન છે. એમણે ટૂંકીવાર્તાઓ પણ લખી. સંસ્મરણાત્મક નિબંધો લખ્યા તો વળી સમાજજીવન અને રાજકીય સત્તાઓના સંઘર્ષોને આલેખતા લેખોય લખ્યા. એક પત્રકાર તરીકે પણ એમણે સમકાલીન સમાજજીવનને સચ્ચાઈપૂર્વક આલેખ્યું છે.

*

જોસેફ મેકવાનનું જીવનઘડતર થયું એ કાળ આમ તો ભારતની આઝાદી માટેનો

આંદોલનકાળ હતો. એમના જન્મ સમયે સમગ્ર વિશ્વ બીજા વિશ્વયુદ્ધનો સામનો કરી રહ્યું હતું. ભારત પર રાજ કરતા અંગ્રેજી શાસકોએ ભારતને પણ એમાં પોતાના લાભ માટે બ્રિટનપક્ષે સંડોવી દીધું હતું. ૧૯૩૧ની ગોળમેજી પરિષદ નિષ્ફળ ગયા પછી અંગ્રેજ સરકારે ભારતમાં પ્રાંતીય સરકારો રચીને રાજસત્તા-શાસનમાં ભારતીય પ્રજાની આભાસી ભાગીદારી રચી હતી. આંદોલનકારી નેતાઓ આનાથી બહુ રાજી નહોતા એટલે છેવટે ૧૯૪૨માં 'ભારત છોડો'ની ચળવળ પૂરી તાકાતથી શરૂ થઈ અને ૧૯૪૭ સુધીમાં એ પરિણામગામી બની રહી. આ ગાળામાં જોસેફ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મેળવતા હતા. દેશની જેમ ગુજરાત પ્રાંતમાં પણ થોડીક શાળાઓ અને એકલદોકલ કૉલેજો શરૂ થઈ હતી. ચરોતરમાં અને ગુજરાતના બીજા આદિવાસી પટ્ટાઓમાં ખ્રિસ્તી મિશનરીઓએ ગરીબ પ્રજાને આધાર આપવાનું, ભણાવવાનું અને નોકરીએ ચડાવવાનું આરંભ્યું હતું. આ પ્રવૃત્તિથી સ્વાભાવિક રીતે જ ઉપેક્ષિતો અને ગરીબો ખ્રિસ્તી ધર્મ તરફ આકર્ષાયા હતા. સમાજના ઉપલાવર્ગના શોષણ અને અમાનવીય અત્યાચારોએ પણ દલિતો, પીડિતાને મિશનરીઓ તરફ વાળ્યા હતા. જોસેફ મેકવાનના પિતાજીએ એ ગાળામાં ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો. આમ, એ વણકર મટીને મેકવાન લખાવતા થયા હતા. ચરોતરમાં મિશનરીઓની પ્રવૃત્તિએ ઘણાને સધિયારો આપ્યો હતો. જોસેફના ઘડતરમાં ખ્રિસ્તી મિશનરીઓ અને એમની શાળાઓ તથા છાત્રાલયોનો ખાસ્સો હિસ્સો રહ્યો છે. આ લોકોના પરિવારો જમીનદારોના ખેતરોમાં અને તમાકુની ખળીઓમાં મહેનત મજૂરી કરવા સાથે પોતાની થોડીક ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય કરતા હતા.

જોસેફ મેકવાન આવા પરિવેશમાં, ગ્રામીણ સમાજમાં અને ખ્રિસ્તી બનેલા દલિત પરિવારમાં મોટા થયા. ગુજરાતી સાહિત્યમાં એ સમય ગાંધી પ્રભાવનો હતો. ૧૯૨૦થી ૧૯૪૫ સુધીનો એ સમયગાળો ગુજરાતી સાહિત્યમાં ગાંધીજીના જીવન આદર્શો અને જીવનકાર્યો તથા મૂલ્યોથી પ્રભાવિત હતો. આ ગાળામાં ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠ દ્વારા અપાતું શિક્ષણ પણ ઘણાને પ્રભાવિત કરતું હતું. પંડિત યુગના પ્રમુખ સર્જકોનું લેખનકાર્ય મુખ્યત્વે પૂરું થયું હતું. કનૈયાલાલ મુનશી જેવા કથા સાહિત્યકારો અને બળવંતરાય ઠાકોર તથા ન્હાનાલાલ જેવા કવિઓ સર્જનક્ષેત્રે એમની સાક્ષરી પરંપરામાં રચનાઓ કરતા હતા. પરંતુ ગાંધીજીનો પ્રભાવ જીવનનાં અનેક ક્ષેત્રોની જેમ સાહિત્ય અને સાહિત્યકારો ઉપર અસર જમાવતો હતો. ધૂમકેતુની વાર્તાઓ, ર૦ વ૦ દેસાઈની આદર્શ અને ભાવનાવાદી નવલકથાઓ, મેઘાણીની કવિતા તથા લોકકથાઓ પ્રજામાં વધુ વંચાતાં હતાં. ગાંધીજીના વિચારોને સાહિત્યમાં ઝીલનારા આ ગાળાના સાહિત્યકારોમાં ઉમાશંકર જોશી, સુંદરમ્ અને કાકાસાહેબ કાલેલકર મુખ્ય હતા. ગુજરાતી સાહિત્યના આ સમયગાળાને ગાંધીયુગના નામે યોગ્ય રીતે જ ઓળખાવવામાં આવ્યો છે. પન્નાલાલ પટેલ, ઈશ્વર પટેલીકર, ચુનીલાલ મડિયા, પીતાંબર પટેલ અને દર્શક જેવા કથા સાહિત્યકારોએ પણ આ જ સમયગાળામાં સર્જનકાર્ય આરંભેલું, સ્વાભાવિક રીતે જ જોસેફ મેકવાન આ સાહિત્યિકારોના લેખન-સર્જનથી વાકેફ થતા ગયા હતા.

જોસેફ મેકવાને લેખનકાર્ય શરૂ કર્યું એ પહેલાં કેટલીક મહત્ત્વની ઘટનાઓ બની હતી. ભારતને આઝાદી મળવા સાથે હિંદુસ્તાન – પાકિસ્તાન એવા ભાગલા પડ્યા હતા અને એ ભાગલા દરમ્યાન કોમી દાવાનળમાં બન્ને પક્ષના હજારો લોકોની કત્લેઆમ થઈ હતી. થોડાક સમય માટે દેશ હિંસા અને અરાજકતામાં ધકેલાઈ ગયો હતો. ગાંધીજીની હત્યાએ પણ લોકોને હતાશ કરી દીધા હતા. ધીમે ધીમે નવી સરકારે ૧૯૫૦માં બંધારણનો અમલ કરાવ્યો. એ સાથે જ પંચવર્ષીય યોજનાઓ દ્વારા દેશને એક નવી દિશામાં લઈ જવાના સફળ પ્રયાસો શરૂ થયા હતા. ગામડાં સુધી શાળાઓ તથા શહેરોમાં કૉલેજો ખૂલવા માંડી હતી. આમ, પ્રજાજીવન શાંત પડવા સાથે ભવિષ્યની આશાઓમાં કાર્યરત બન્યું હતું. અલબત્ત સગાવાદ, સ્વાર્થ અને ભ્રષ્ટાચાર શરૂ થઈ ગયા હતા. ગાંધીયુગના કવિઓએ ૧૯૪૭ પછી રચેલી કવિતામાં અને કથાવાર્તાઓમાં એની જીકર કરી જ છે. જોસેફ જેવા સંવેદનશીલ યુવાનને આ બધું અજાણ્યું ન હોય કેમ કે એ ગાળામાં ભણવા સાથે ભણાવતા પણ હતા.

૧૯૪૦ પછીના વર્ષમાં ગુજરાતી કવિતામાં કેટલાક નવા કવિઓ આવ્યા એમણે કવિતાને સામાજિક જવાબદારીમાંથી જાણે કે મુક્ત કરી દીધી. કવિતામાં વ્યક્તિ સંવેદના અને સૌંદર્યવાદી ધારાઓનું આલેખન ધ્યાન ખેંચે છે. નિરંજન ભગત, રાજેન્દ્ર શાહ, પ્રહલાદ પારેખ, પ્રિયકાન્ત મણિયાર, ઉશનસ્ અને જયંત પાઠક જેવા કવિઓ ગુજરાતી કવિતાને કળાના નોખા પ્રદેશમાં લઈ જાય છે. ૧૯૫૫ પછીનાં વર્ષોમાં સુરેશ જોષી જેવા સજ્જ અને સમર્થ, આધુનિક વિચારધારા ધરાવનારા સર્જકનો અવાજ પ્રબળ બને છે. ગુજરાતી કવિતા, વાર્તા, નવલકથા, નાટકમાં અને નિબંધલેખનમાં આધુનિકતાનાં પ્રબળ વલણો ઉભરતાં દેખાય છે. અલબત્ત આ ગાળામાં પન્નાલાલ, પેટલીકર, દર્શક જેવા સર્જકોની ઉત્તમ કથાવાર્તાઓ ચર્ચામાં રહે છે. અને રઘુવીર ચૌધરી તથા ચંદ્રકાન્ત બક્ષી જેવા નવા કથા સર્જકો ધ્યાન ખેંચે છે. હિંદી સાહિત્યના અભ્યાસી એવા જોસેફ મેકવાન આ ગાળામાં મુનશી પ્રેમચંદથી પ્રભાવિત થાય એ સ્વાભાવિક છે. જ્યોતિબા ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે, બાબુલાલ બાગુલે તથા ભીમરાવ

આંબેડકરના વિચારોથી વધારે પ્રભાવિત થનાર જોસેફ મેકવાન સૌંદર્યવાદી ધારાથી કે આધુનિકતાવાદી વિચારોથી પ્રભાવિત થયા વિના આપણી પોતાની પરંપરામાં રહીને દલિતો, પીડિતોની વાત સાહિત્યમાં પ્રથમવાર લઈ આપવાનું હિંમતભર્યું સાહસ કરે છે.

૧૯૮૪માં જોસેફ મેકવાન પોતાના રેખાચિત્રોનો પ્રથમ સંચય 'વ્યથાનાં વીતક' લઈને આવ્યા ત્યારે હજી ઉમાશંકર જોશી અને સુરેશ જોષી હયાત હતા. હજી આધુનિક સાહિત્યકારોની હાક અને ધાક સાહિત્યિક વાતાવરણમાં ગુંજતી હતી. પણ 'વ્યથાનાં વીતકે' 'બ્રેક થ્રુ' કરીને નવી ભોંય ભાંગી હતી. એ જ વરસોમાં કુંદનિકા કાપડિયા 'સાત પગલાં આકાશમાં' જેવી નારીવાદી નવલકથા લઈને આવ્યાં હતાં. એનો પણ ખૂબ પ્રભાવ પડ્યો હતો. મોહન પરમાર અને દલપત ચૌહાણ આ જ વર્ષમાં 'દલિતવાર્તા'નું સંપાદન લઈને આવ્યા હતા. નીરવ પટેલની દલિત કવિતાએ ઘણાનું ધ્યાન ખેંચ્યું હતું. તો ૧૯૮૬માં હિમાંશી શેલત આધુનિકોથી સાવ જુદી છતાં કલાત્મક અને નારીકેન્દ્રી-વાર્તાઓનો સંગ્રહ 'અંતરાલ' લઈને પ્રકાશિત થયા હતાં. 'સરસ્વતીચંદ્ર' લખાયાના બરાબર સો વર્ષ પછી જોસેફ મેકવાન, 'સરસ્વતીચંદ્ર'માં આલેખાયેલા ભદ્ર વર્ગની સામે દલિતો, પીડિતોની વેદનાને તળબોલીમાં વ્યક્ત કરતી 'આંગળિયાત' (૧૯૮૭) નવલકથા લઈને આવે છે અને સાહિત્ય ઍકેડેમીનો ઍવૉર્ડ મેળવે છે. આમ ગુજરાતી સાહિત્યમાં એક યુગ પલટો થાય છે. જોસેફ મેકવાન આ અનુઆધુનિકયુગના પ્રમુખ સર્જકોમાંના એક છે.

❐

૨
જીવન ઘડતર

જોસેફ મેકવાનનું વતન આણંદ જિલ્લાનું ઓડ ગામ. એમનો જન્મ ૯મી ઑક્ટોબર, ૧૯૩૫ના રોજ એમના મોસાળ ગામે – ત્રણોલ મુકામે થયો હતો. માતાનું નામ હીરાબેન, પિતાનું નામ ઈગ્નાસ મેકવાન પણ બધાં એમને ડાહ્યાભાઈ માસ્તર નામથી બોલાવતાં. માસ્તરનાં બાનું નામ ધનીબા. થોડીક જમીન ધરાવતો આ પરિવાર એ કાળે ગરીબ નહોતો. ધનીડોસી ભેંસો દોહી અને ઘી વેચી રાણી છાપ રૂપિયા ભેગા કરતાં હતાં. એવા રાણી છાપ રૂપિયાથી ભરેલો એક માટીનો ઘડો એમણે ઘરમાં કોઈ કોઠી નીચે ખાડો ખોદીને સંતાડી રાખેલો એમ કહેવાય છે. જે ઘડો મરતી વેળાએ ધની ડોસીએ પોતાની દીકરી એકલી ને જ ખાનગીમાં ભળાવ્યો હતો જેથી દીકરીનું ગરીબડું ઘર નભી શકે. જોસેફને એક મોટોભાઈ હતો. છ વર્ષ મોટા એ ભાઈનું નામ મનુ. એ બેની વચ્ચે એક બેન જન્મીને ગુજરી ગયેલી. મોટો મનુ પણ હીરાબાના અવસાન પછી સોરાઈ સોપાઈને એક જ વર્ષમાં ગુજરી ગયેલો. જોસેફે રેખાચિત્રોમાં પોતાના બધા જ પરિવારજનો વિશે ઘણું વિગતે લખ્યું છે.

ધની ડોસીને હીરાવહુ માટે ખૂબ પક્ષપાત હતો .વિશ્વાસ અને પ્રેમથી ધની ડોસી હીરાવહુ તથા એનાં સંતાનોને સાચવતાં. ડાહ્યા માસ્તર સિવાય ધની ડોસીને બીજો એક દીકરો હતો, જેનું નામ સોમાભાઈ, એક દીકરી પણ હતી જેનો આપણે ઉપર ઉલ્લેખ કર્યો છે. સોમાભાઈનાં પત્નીનું નામ ઝવર. જોસેફનાં આ કાકા-કાકીએ પરિવારની અને જોસેફની ઘણી કાળજી રાખી હતી. ખેતીનું કામ પણ સોમાભાઈ સંભાળતા. ઝવરકાકી ભેંસોને સાચવવા ઉપરાંત ખેતીકામ કરતાં. ઝવરને પોતાની જેઠાણી હીરા માટે ખૂબ આદરભાવ હતો. એટલે હીરાને જ્યારે ટી.બી. થયો ત્યારે એમણે જોસેફ અને મનુની દેખભાળ આ કાકા-કાકીને સોંપેલી. હીરાને ટી.બી. થયા પછીના દિવસોમાં કુટુંબની જાણે કે કસોટી થવા માંડી હતી. જોસેફના બાપુજી ડાહ્યા માસ્તર શિક્ષક હતા. સમાજમાં આગેવાન પણ ખરા. મિશનમાં એમનાં માન-પાન પણ ખરાં. માસ્તર સ્વભાવે મનમોજી અને જાત-ભાતનું પહેરવા ઓઢવાનું અને ખાવાનો પણ શોખ. થોડા આક્રમક અને આખાબોલા પણ ખરા. રંગીલો સ્વભાવ અને સ્વાભિમાન પણ એવું જ! પોતાના મનની વાત કોઈને કહે નહીં. પોતાનું ધાર્યું કરે અને

એકલા-એકલા દુઃખ વેઠી લે પણ કોઈને ખબર પડવા ન દે એવા મિજાજવાળા હતા. જોસેફ એમને નાનપણથી જ બરાબર ઓળખી ગયા હતા. આ પિતાના હાથનો માર પણ અનેકવાર જોસેફ વેઠ્યો હતો. ટીબીનું દર્દ વધતાં જોસેફનાં બા હીરાનું મૃત્યુ લગભગ નિશ્ચિત હતું. એ ગાળામાં જ માસ્તર બીજી એક યુવતીના પ્રેમમાં પડેલા. એ જાણ્યા પછી હીરાની સ્થિતિ બહુ કરુણ બની રહેલી. પોતાના બન્ને દીકરાઓની ચિંતા એમને કોરી ખાતી હતી. આવી સ્થિતિમાં ટીબી વધારે વકરે છે અને હીરાનું અવસાન થાય છે. હીરા કોઈ વાતે વિરોધ કરતી તો માસ્તર એને માર મારતા એ દૃશ્યો જોસેફ અને મનુએ જોયેલાં. ધની ડોસી એવું નહોતાં ઇચ્છતા કે માસ્તર પેલી પ્રેમિકા બાઈને આ ઘરમાં લાવે. ધનીડોસીએ ઘણી હઠ કરી હતી પણ દીકરો સગીમાથી ખાસો અળગો થઈ ગયો હતો. ધનીડોસીએ પૈસાનો વહીવટ પોતાને ન સોંપ્યો અને પત્ની હીરાને સોંપ્યો એ વાતે પણ માસ્તર પોતાનું ધાર્યું કરવા જીદે ચઢી ગયા હતા. ધની ડોસીએ પોતે ઝેર ખાઈને મરી જશે એવી ધમકી આપ્યા છતાં માસ્તર પેલી બાઈ સાથે લગ્ન કરવા તૈયાર થયેલા. એ દિવસે વહેલી સવારે સાચે જ ધનીડોસીએ અફીણ લઈને મૃત્યુને વહાલું કર્યું હતું. સગી જનેતાની કબરમાં માટી વાળીને બપોરે પાછો આવેલો દીકરો બે કલાક પછી લગ્ન કરવા માટે નીકળે છે. જોસેફને આ બધું પાછળથી સમજાયેલું. પણ મોટો ભાઈ મનુ સમજતો હોવાથી બહુ હેબતાઈ ગયેલો. સોમાભાઈ અને ઝવર પણ આ ઘટનાને રોકી શકેલાં નહીં. જોસેફના જીવનનો આ બહુ મોટો વળાંક હતો જેની એને એ ઉંમરે ખબર ન હોય એ સ્વાભાવિક છે. બાની માંદગી અને બાપુજીની મનમોજી જિંદગી વચ્ચે જોસેફ કે મનુના ઉછેર અને ભણતરની કાળજી લેવાયેલી નહીં. સોમાભાઈ અને ઝવર ખેતી કરી અને આ છોકરાંઓને ટંકે રોટલો આપવાનું તથા વહાલ કરવાનુ કામ કરતાં. આક્રમક મોટાભાઈ માસ્તરની સામે સોમાભાઈ કે ઝવર કશું બોલવા માગતાં નહોતાં. એમને ખ્યાલ આવી ગયો હતો કે હવે આ ઘરમાં સુખ-શાન્તિ રહેશે નહીં. નવી મા આવતાં જોસેફને માથે કાચી વયે ઘરકામ કરવાનું આવી પડેલું. પિતાજી શિક્ષક હતા તોય જોસેફ ભણે છે કે નહીં એની પણ એમને એ વરસોમાં કશી પડી નહોતી. મનુ તો નવીમાના આવ્યા પછી હીરાબાના વિરહમાં ઝૂરી ઝૂરીને સાત-આઠ માસમાં જ મૃત્યુ પામેલો. હવે ઘરમાં બધું કામ જોસેફને માથે હતું. નવીમાનાં સંતાનોને હિંચોળવાં, રમાડવાં કામ તો જાણે ગમે અને સમજાય એવું છે. પણ આઠ-દસ વર્ષના જોસેફ માથે જે કામ આવી પડ્યું તે ઘણું કઠોર-કપરું હતું. એની સ્થિતિ બહુ કરુણ તો હતી જ પણ ખૂબ અસહ્ય પણ હતી. ઘરમાંથી કચરો વાળવો, ભેંસોનું છાણ-મૂતર ભરીને ઉકરડે નાખવા જવું. ઓડના ઊંડા કૂવાનું પાણી સીંચીને લઈ આવવું. સાત-આઠ બેડાં પાણી હોય ત્યારે ઘર ચાલે. ખેતરમાં જઈને ભેંસ માટે ચાર પણ લઈ આવવાની, અનાજ લણવામાં મદદ કરવાની અને આટલું કરવા છતાં ઘણીવાર એના ભાગનો રોટલો પણ નવી માએ કર્યો ન હોય. ભૂખ્યો ને તરસ્યો જોસેફ શાળાએ જાય. ન કપડાંનું ઠેકાણું હોય, ન વાળ ઓળ્યા હોય. ઘણીવાર તો નાહવાનું પણ ન બન્યું હોય એટલે ભણવામાં હોંશિયાર હોવા છતાં જોસેફને છોકરા-છોકરીઓ દૂર રહીને તાક્યા કરતાં. સામે બારણે રહેતો મગન એનો ખાસ મિત્ર, ક્યારેક એ એને માટે ખાવાની વ્યવસ્થા કરી દે એ જ રીતે ફળિયાના બીજા છેડે રહેતી લાડુભાભીની દીકરી હેતા જોસેફને બપોરની રિસેસમાં છાનીમાની પોતાના ઘરે લઈ જઈને ખાવાનું આપતી. જોસેફને લાડુભાભીનું હેત પણ મળતું, ઘરમાં સાંજે ખાવાનું બરાબર ન મળ્યું હોય તો બાજુમાં ઝવરકાકી ચૂપચાપ બોલાવીને ઘી-રોટલો કે ખીચડી-દૂધ ખવરાવતાં. કિશોર જોસેફના શૈશવકાળના આ દિવસો સૌથી કપરા દિવસો હતા.

મજબૂત બાંધાનો છોકરો જોસેફ ખેતીકામથી પણ હારે એમ નહોતો. ઘરકામ પણ સપાટાભેર કરી લતો. નિશાળે જતો ત્યારે બીજાનાં ઊજળા કપડાં, સારું દફતર, સારું ખાવા-પીવાનું અને હસતા ચહેરા જોતો ત્યારે એના મનમાં અનેક વિચારો આવતા. પોતાની આટલી કસોટી કેમ થાય છે એવું સમજવાની એ ઉંમર તો નહોતી પણ ધીમેધીમે માણસોના સ્વભાવ સમજાતા હતા. પોતાનું નસીબ પાધરું નથી. બા અને દાદી બેઉ ગુજરી ગયાં. કઠોર બાપ કશી વાતે સાંભળતા નથી અને સાવકીમા ઘરકામના બધા જ ઢસરડા કરાવ્યા છતાં ટંકે પેટ ભરાય એટલો રોટલોય આપતી નથી. એ તો સારું હતું કે કૂવાકાંઠે જોસેફની વયની કે થોડી મોટી બેન-દીકરીઓ એને પાણી સીંચવામાં, કપડાં ધોવામાં, ક્યારેક વાસીંદાના ટોપલા ઊંચકી લેવામાં તો કદીક છાનુમાનુ ખાવાનું લાવીને ખવરાવવામાં સદાય તત્પર રહેતી હતી. એ પછી સુમિત્રા હોય, ગૌરી હોય, કે બીજી બેન-દીકરીઓ હોય. આપણે એવું કહી શકીએ કે જોસેફનું ઘડતર ઓડ ગામમાં અગ્નિખૂણે આવેલા લીમડાઓ પાસેના આ કૂવાકાંઠે થયું. કૂવો મોટો અને ઊંડો, બાજુમાં જ ચર્ચ. જેમણે ખૂબ સમજણ આપી એવા ભવાન ભગતનું દૂરનું ખેતર અને સીમ વગડો પણ જોસેફને ઘડનારાં મોટાં પરિબળો રહ્યા છે. ખાવાનું તો વખતે ખેતર-વગડેથીયે મળી રહેતું. સાથીદારો સાથે મોટા તળાવમાં કે કૂવામાં ધુબાકાએ મારી લેવાતા, પશું-પંખી અને ઝાડવાંયે ભેરુઓ જેવાં લાગતાં. નાનકડો વાસ અને ત્યાંથી ખેતરોમાં જતાં નેળિયાં એમનીયે જાણે માયા હતી. અને તોય થયા કરતું હતું કે દુનિયામાં સગી જનેતા સિવાય વહાલ કરનારું કોઈ જ નથી હોતું. અલબત્ત

જોસેફે ઝવરકાકી અને લાડુભાભીનાં કાળજી અને પ્રેમને કદીયે અવગણ્યાં નથી.

આ બધું છતાં જીવતરની કઠોરતા ઓછી થતી નથી. મહેનત, મજૂરી કરવામાં પાછો નહીં પડતો જોસેફ શાળામાંય મહીજી માસ્તરને વહાલો છે. કેમ કે એ સારી પ્રાર્થના ગાય છે અને 'દારૂબંધી' વિશે સારો નિબંધ લખીને બધી શાળઓમાં પ્રથમ નંબરે આવે છે. મુંબઈ ઇલાકાના મુખ્યપ્રધાન મોરારજી દેસાઈની હાજરીમાં 'દારૂબંધી' વિશેનો એ નિબંધ સ્ટેજ ઉપરથી જોસેફને વાંચવાની તક મળી છે. એના વખાણ થયાં છે. પણ ત્યારેય જોસેફને થયું છે કે એનાં ચડ્ડી અને ખમીસ તો ઈંટોને પલાળતાં-પલાળતાં ગંદાં થયેલાં હતાં. એ મજૂરી કરતાં-કરતાં મંચ ઉપર આવ્યો હતો. અલબત્ત એનો નિબંધ સાંભળીને શ્રોતાઓએ જે તાળીઓ પાડેલી એ તાળીઓના ગડગડાટ જોસેફ જીવનમાં કદી ભૂલ્યા નથી. બાળપણની કસોટી હજી જાણે બાકી હતી. એટલે બીજા ત્રણ પ્રસંગો દુ:ખનાં એ જ વરસોમાં આવી પડે છે. પહેલો પ્રસંગ તે સોમાકાકાનું મૃત્યુ. પગે વાગેલું અને એમાંથી ધનુરવા થતાં ખૂબ વહાલા કાકા બચી ન શક્યા. બીજો પ્રસંગ આ જ સંદર્ભ બનેલો. પચીસ વર્ષની વિધવા ઝવરકાકી નાતના રિવાજ પ્રમાણે અને પિયરયાંના આગ્રહથી બીજાનું ઘર માંડવા કમને પણ ચાલી જાય છે. ઝવરકાકી જોસેફને છોડીને જાય છે એ પ્રસંગ એમનાં રેખાચિત્રોમાં વાંચતાં વાચક ડૂસકે ચડી જાય એ રીતે વર્ણવાયો છે. ત્રીજો પ્રસંગ આનાથીયે કરુણ. જોસેફને હેતથી ખવડાવતી હેતા અને પ્રેમથી સાચવતી લાડુભાભી – આ બન્નેનું જીવન ધૂળધાણી થઈ જાય છે. હેતા તમાકુની ખળીમાં કામ કરવા જતાં બળાત્કારનો ભોગ બને છે. અને કોઈ મોટી વયના કુરૂપ એવા બીજવર પતિને પરણાવી દેવા માટે મજબૂર બનેલી લાડુભાભી દીકરીને વળાવ્યાની રાતે જ કૂવામાં પડીને આત્મહત્યા કરે છે. આમ કિશોરાવસ્થામાં જ જોસેફને જીવતરના અનેક કઠોર કપરા નાટારંગ જોવા મળે છે. અને અંદરથી હચમચી જવાય એવાં દુઃખ વેઠવાં પડે છે. જોસેફનાં રેખાચિત્રોમાં આ સાચકલા અનુભવો એટલા માટે જ ખૂબ બળકટતાથી નિરુપાયા છે. એટલે એને વાંચનારો વાચક પોતે પણ લાગણીશીલ બની જાય છે.

ડાહ્યા માસ્તરે નોકરી છોડીને ખેતી કરી જોઈ. જોસેફે સાથે રહીને મદદ કરી પણ ખેતી નિષ્ફળ ગઈ. બળદની ખરીદીમાં અને નવી મા માટેના ઘરેણામાં છેતરાવાનું બન્યું. જમીન વેચવાના દિવસો આવ્યા. ઘરમાં ખાવા-પીવાની તંગી પડે એવો સમય આવીને ઊભો રહ્યો. પંદરેક વર્ષનો થયેલો જોસેફ આ બધુ જુએ છે, સમજે છે અને બાપુજીની પડખે ઊભો રહે છે. સાત ચોપડી ભણીને મિશનની શાળામાં શિક્ષક બને છે. સારું ભણાવતો હોવાથી ચાલુ પગારે નડીયાદ ટ્રેનિંગ માટે પસંદ થાય છે. પુનઃ શિક્ષક બને છે. નવી માના બાળકોને મદદ કરવાનું સ્વીકારે છે. હારેલા-થાકેલા અને બીમાર પડેલા પિતાની દવા કરાવે છે. એ જ ગાળામાં પિતાજી જોસેફનું ચકલાસી મુકામે રેગીના નામની કન્યા સાથે લગ્ન કરાવે છે. ઘરસંસાર, નોકરી અને સાવકી માનો પરિવાર ત્રણેયની જવાબદારી જોસેફ ઉપાડે છે. પિતાજીનું માંદગીમાં અવસાન થાય છે. ત્યારે દુઃખમાં છાતીફાટ રુદન કરતી નવી માને જોસેફ આશ્વાસન આપે છે. જે માએ એને ટંકે રોટલોય ન્હોતો આપ્યો એનું અને એના પરિવારનું જોસેફ ધ્યાન રાખે છે. નોકરી સાથે હાઈસ્કૂલની પરીક્ષાઓ આપી મેટ્રિક થયા પછી બહારથી પરીક્ષાઓ આપીને જોસેફ હિન્દી વિષય સાથે બી.એ. થયા, એમ.એ. થયા અને આણંદ પાસે આવેલા ગામડી ગામની સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં શિક્ષક બને છે. વચ્ચે થોડોક સમય ડાકોરની કૉલેજમાં ખંડ સમયના અધ્યાપક તરીકે જોડાય છે. પણ પુનઃ પોતાની સ્કૂલ સેંટ ઝેવિયર્સમાં પાછા જોડાય છે. અને ત્યાં જ છેક સુધી સેવાઓ આપે છે.

પત્ની રેગીનાબેને બાળકોને ઉછેરવા સાથે ઘર ચલાવવા માટે મજૂરી કામ પણ કર્યું છે. અનેક મુશ્કેલીઓ વચ્ચે જોસેફ ગુજરાત અને ગુજરાત બહાર પ્રવાસો કરતા રહે છે. લેખકોને મળે છે. પુસ્તકો વાંચે છે અને સારા શિક્ષક, સારા વક્તા બનવાની સભાનતા સાથે પોતાના માણસોની વ્યથાઓ અને વેદનાઓને વાચા આપવા સાહિત્ય લેખનનો નિર્ધાર કરે છે. એ પોતે કેમ લખે છે એ વિશે એ કહે છે :

> ''શોષાતાં, રિબાતાં, રવરવતાં, વલવલતાં ને તોયે ખુમારી ના છોડતાં આ જીવતરોને મેં એમના જીવન-પ્રણયનમાં રસાઈને અનુભૂત્યાં છે. આજેય અજંપો આપતી અને કલમ ગ્રહાવતી એ જ યંત્રણાઓ મને જંપવા નથી દેતી. બસ, આથી વધીને કાંઈ મોટું મારું પ્રદાન નથી. નથી કોઈ ચોકકસ દર્શન કે તત્ત્વજ્ઞાન. હું જે છું તે મારા સર્જનમાં જ વ્યક્ત થઈ રહ્યો છું.''

❒

૩
રેખાચિત્રો વિશે

૧૯૮૫માં પ્રગટ થયેલું જોસેફ મેકવાનનું પ્રથમ પુસ્તક તે ‘વ્યથાનાં વીતક’. રેખાચિત્રોનું આ પુસ્તક જોસેફ મેકવાનની કીર્તિદા કૃતિ બની રહે છે. આ પુસ્તકે વિદ્વાનોથી લઈને સામાન્ય વાચકો સુધી દરેકને પ્રભાવિત કર્યા હતા. લેખનના પ્રથમ પાઠ તો જોસેફ મેકવાન ઈશ્વર પેટલીકર પાસે શીખ્યા હતા. ૧૯૫૪-૫૫ ના વર્ષોમાં પેટલીકર આણંદમાં રહીને ‘સંસાર’ નામનું સામયિક ચલાવતા હતા. ‘ગ્રામચિત્રો’ અને ‘જનમટીપ’થી જાણીતા બનેલા પેટલીકરને જોસેફ મળવા ગયેલા. પછી તો ઘણીવાર એમની ઑફિસે જઈને બેસતા અને સાહિત્યની વાતો કરતા. એ ગાળામાં ‘સવિતા’ અને ‘ચાંદની’ વગેરે સામયિકોમાં જોસેફ મેકવાનની કેટલીક વાર્તાઓ છપાઈ હતી. લખવાનો ઉત્સાહ તો ઘણો હતો પણ એક ઘટનાએ જોસેફનું મન ખાટું કરી મૂક્યું. ‘ઘરનો દીવો’ શીર્ષકથી, પોતાના જીવન અનુભવ આધારે લખેલી એક વાર્તા જોસેફ ‘નવચેતન’ના તંત્રી ચાંપશી ઉદ્દેશીને મોકલેલી. વાર્તા ગમ્યાનો પત્ર તો આવેલો પણ એમાં લખેલું કે વાર્તાનો આ પ્રકારનો અંત કશો અર્થ સારતો નથી. એટલે વાર્તા પરત કરું છું. બીજી વાર્તા થાય તો મોકલજો. સાચકલી પીડા અને શોષણની વાતને જો સાહિત્ય ન સ્વીકારતું હોય તો એવા સાહિત્યનું મારે કોઈ કામ નથી. એમ પોતાની જાતને કહીને જોસેફે કલમ મૂકી દીધેલી. પછીના વરસોમાં એ વાંચતા રહ્યા. પન્નાલાલ અને મુનશી પ્રેમચંદ જેવાના લેખનથી પ્રભાવિત પણ થતા રહ્યાં અને વેઠવાનું તો લલાટે લખાવીને જ આવ્યા હતા. એટલે અંદરનું લોહી તો લખવા માટે તરસતું જ હતું. એ ગાળામાં જીવનની વિટંબણાઓય ઘણી હતી. વેઠનારા લોકોના અનેક અનુભવો અને વિધિની વક્રતાઓ રોજ જીવનો પીછો કરતી હતી. પણ હવામાં ચારે તરફ આધુનિકતા અને કલાવાદી સાહિત્યના અવાજો સંભળાયા કરતા હતા. પ્રતીકો, કલ્પનો, અને ટેક્નિકની ચારેબાજુ ચર્ચાઓ હતી. જોસેફના ધગધગતા અનુભવોને આ કલાવાદ માફક આવે એમ નહોતો. એમને તો પેટલીકરનો વાસ્તવવાદ અને મુનશી પ્રેમચંદનો આદર્શોન્મુખ યથાર્થવાદ ગમતા હતા. ને સચ્ચાઈ પણ એમાં જ દેખાતી હતી. ધીમે ધીમે જોસેફ વ્યાખ્યાનો માટે બહાર જતા થયા, મિત્રોને મળવાનું થતું અને જોસેફ પોતાના અનુભવોની વાત માંડતા. આ ગાળામાં એમની આ વાતો સાંભળીને એમને ફરીથી કલમ હાથમાં લેવા ઉત્પ્રેરનારા મિત્રો મળ્યા. ઇન્દુકુમાર જાનીએ કહ્યું કે જોસેફભાઈ લખો આપણે એને પ્રગટ કરીશું. બામણા પુનાસણની હાઈસ્કૂલમાં કામ કરતા અને ઉદ્દામ મતવાદી તથા પીડિતોના હામી એવા ભાનુભાઈ અધ્વર્યુ પણ એમને મળ્યા. એમણે પણ એમને લખવા માટે બાધ્ય કર્યા. છેવટે ૧૯૭૫ની આસપાસથી મન મનાવીને લખતા થયેલા જોસેફ ૧૯૮૦થી રેખાચિત્રો પ્રકાશિત કરવા માંડે છે. જેનો પ્રથમ સંચય ૧૯૮૫માં ‘વ્યથાનાં વીતક’ નામે પ્રગટ થયો અને અત્યંત લોકપ્રિય પણ થયો.

જીવતરની વાટે અને સગપણના ઘાટે મળેલાં માણસો અને એમની મોંઘી મિરાત સમી વેદનાઓની વાત કરતાં આ ચરિત્રો તળજીવનનો અને માનવીઓની વિટંબણાઓનો મૂળગામી પરિચય સહજ રીતે કરાવે છે. અહીં કશું ગોપવીને કહેવાનું નથી, છતાં પ્રસંગો કે વ્યક્તિમનને બને એટલી મોકળાશ સાથે ઘટિત સંકેતોમાંય ચીંધવાનું બનેલું છે. વ્યથા અને વેદનાને; વ્હાલ માટેનાં વલખાંને તો અસલ રૂપે જ મૂકવાનાં હોય. આ માટે ભાષાની તળપદી તાકાત કામે આવી છે. રૂઢિપ્રયોગો અને કહેવતોએ તો વ્યંજનાનું કામ કર્યું છે. દુઃખને કશા શણગારની જરૂર લાગી નથી; સુખનો ઓડકાર પણ વેઠવા વચાળે ઝટ ઓળખાયો છે ને એટલે એ અળપાયા વિના અભિવ્યક્તિ પામ્યો છે. જોસેફ મેકવાનનાં બા, બાપુજી, કાકી, ફોઈ વગેરેનાં ચરિત્રો આનાં દષ્ટાંતો છે. એમાં શારી નાખતી વેદનાઓ-વ્યથાઓ સુસંકલિતરૂપે પ્રગટી છે. વેઠ્યાની વેદનાઓ આંખો ભીંજવે છે ત્યારે જે સંતોષ મળે છે તે જ તો છે વેદનાની માધુરી! સાહિત્યના માધ્યમનો આટલો લાભ છે કે અહીં અધૂરપો મધુરપો બનીને આવે છે. વેઠનારાનો માંહ્યલો સ્વસ્થ થઈને એ માધુર્યને માણે છે. એમાં જીવતરના કરુણને અંતે અનુભવાતો સંતોષ છે. કર્તાએ કઠોરતા વરસાવવા સારુ આપણને પસંદ કર્યા ને આપણે એમાં પાર ઉતર્યા છીએ! સંતોષ તે આ, બાકી વગડાના વા! આ ચરિત્રોને આવા એક નૂતન અભિગમે જોતાં સૌને ટાઢક વળે છે.

જોસેફનાં આ ચરિત્રોમાં વ્યથાઓ અને વીતકો, વેદનાઓ અને રોવાં રડવાં એકનાં એક નથી એમાં અનેક વિપરીત પરિસ્થિતિઓ અને વિકળતાઓ છે. ચરોતર એટલે કે ડાકોર-આણંદની આસપાસનો એક આખો સમાજ એની બધી સીમારેખાઓ સાથે અહીં આલેખાયો છે. પાત્રો અને એમની સાથે બનેલી દુર્ઘટનાઓ વાચકને અકળાવે એવી છે. ખરું જોતાં તો એ બાહ્ય આધારો છે. ચરિત્રનું વિષયવસ્તુ છે. બાકી ખરી વસ્તુ તો એ પાત્રો જે સંઘર્ષ કરીને વેઠે છે તે છે. એમનાં દુઃખો અને વિટંબણાઓ, રોણાં અને કલ્પાંતો, પ્રેમ અને ફનાગીરી, વેઠવું અને માણસાઈ દાખવવી – આવાં

અનેક વાનાં અને એનું તળબોલીમાં પ્રભાવક આલેખન એ આ ચરિત્રોની વિશેષતા છે. શોષકોએ આપેલી પીડાઓ અને નિયતિએ દાખવેલી કઠોરતાઓ પણ આ જીવતાં જાગતાં મનેખોએ ખુમારી સાથે વેઠી લીધી છે. બે-ત્રણ ઉદાહરણ લઈએ તો આ વાતની ખાતરી થશે. 'લક્ષ્મીનો ચાંદલો'માં લક્ષ્મી તો મગનને મૂકીને ચાલી ગઈ પણ ખાધેપીધે સુખી પરિવારનો એકનો એક લાડકો રૂપાળો દીકરો મગન જે વ્યથા-વેદના વેઠીને મૃત્યુને વરે છે એનું આલેખન જોસેફની કલમમાં રહેલી બળકટતા બતાવવા સાથે જોસેફમાં રહેલા લેખકની સામાજિક ચિંતાને પણ દર્શાવે છે. ઘરમાં એક પછી એક આવેલાં મરણની વાત થાય છે – બે ચરિત્રોમાં એક 'તો હું લાડું જ બોટું' એને બે 'હતી ત્યારે મારે ત્રણ ત્રણ મા હતી' એમાં એક ઉમેરીએ – ઝવરકાકીની જીવન વેદનાનું પ્રકરણ તે 'એક યુગવીતી વેદના'! સમાજના વ્યવહારો અને જીવવા માટે કરવા પડતા મન વગરના ઉધામાઓ વચ્ચે રહેંસાતાં-પીસાતાં આ પાત્રો આપણા ભીતરને અજંપ કરી મૂકે છે. ક્યારેક લાગે કે સમાજ તો માત્ર નામનો જ હોય છે. મદદ કરવાને બદલે એય આડાઈ કરે છે અને પીડા આપે છે. આ બધાની વચ્ચે ખરેખર ટકે છે એ તો પીડિત સમાજની સ્ત્રીઓ. જોસેફે એવી અનેક નારીઓનાં ચરિત્રો આલેખ્યાં છે. રૂપાળી છોકરીને એનું રૂપ જ દુશ્મન બનીને ભરખી જતું હોય છે. વેઠનારાને વહાલથી મદદ કરનારું મનેખ પોતે પણ બીજી વિટંબણાઓનો ભોગ બને છે. ત્યારે થાય છે કે નિયતિ આટલી કઠોર કેમ છે. 'વ્યથાનાં વીતક'માં આવતાં બધાં જ નારીપાત્રોને ઉપરોક્ત વાત લાગુ પડે છે. પણ લાડુ, ઝવર, હેતા, લક્ષ્મી, હેઝલ, શામળી, રૂથભાભી, અને બહેરું આયખું મૂંગી વ્યથાની ડાહી આ બધાંજ નારીપાત્રો જીવતરની યાતનાઓનું દર્શન કરાવવા સાથે નારીના હૃદયમાં રહેલાં પ્રેમ અને કરુણાનું પણ દર્શન કરાવે છે. આ ચરિત્રો વાંચીએ ત્યારે ગુજરાતીની ઉત્તમ નવલકથાનાં, ખૂબ વેઠનારાં અને અંતે માણસાઈની વાતે ખરાં ઉતરનારાં નારી પાત્રો યાદ આવ્યા વગર રહેતાં નથી. શરદબાબુએ રચેલો એક નારી સમાજ જેમ નોખો છે એમ જોસેફે રચેલાં આવાં નારી પાત્રોનો સમાજ પણ ઊજળો અને અનોખો છે. 'વ્યથાનાં વીતક'માં બા અને બાપુજીના ચરિત્રો પણ છે. ભવાન ભગત જેવા સન્માર્ગી અને સૌને માથે આવી પડેલી વિપત વેળાએ આધાર બની આશ્વસ્થ કરતા અને પોતે વેઠીનેય જીવતરને વહાલ કરતાં સાધુપુરુષનું ચરિત્ર પણ આલેખાયું છે. ગ્રામીણ પરિવેશ અને તળના લોકોની અસલ બોલીમાં ચિત્રિત થયેલાં આ મનુષ્ય પાત્રો વધારે સાચા લાગે છે. કેમ કે એમણે વેઠવાનો ઇન્કાર કર્યો નથી. વેઠીનેય એમણે પોતાંનું વિત્ત પ્રગટાવ્યું છે. એટલે સાહિત્ય કૃતિઓ લેખે આ રચનાઓ એક દૃષ્ટિ અને દર્શન ભાવકને સંપડાવે છે. એટલે આવકાર્ય છે.

જોસેફે આવાં ચરિત્રોના અગિયાર સંગ્રહો આપણને આપ્યાં છે :

૧. વ્યથાનાં વીતક	૨. વહાલનાં વલખાં	૩. મારી ભિલ્લુ
૪. જનમજલાં	૫. જીવતરના નાટારંગ	૬. માણસ હોવાની યંત્રણા
૭. ન યે ચાંદ હોગા	૮. રામનાં રખોપાં	૯. લખ્યા લલાટે લેખ
૧૦. ધરતી જાયાં ધીંગા મનેખ	૧૧. નીંભાડે નીપજેલાં	

'વ્યથાનાં વીતક' અનેક પારિતોષિકોથી પુરસ્કૃત થઈ લોકપ્રિય બની, અભ્યાસક્રમોમાં મૂકાઈ તથા અનેક વિદ્વાનોએ એના વિશે હકારાત્મક મૂલ્યાંકન કર્યું છે. શ્રી ચંદુ મહેરિયાનો પ્રતિભાવ જોઈએ –

> ''જોસેફ મેકવાનનાં આ અંતરંગ પાત્રો આપણને એક નિરાળી સૃષ્ટિમાં લઈ જાય છે. શોષાતાં, રિબાતાં, રવરવતાં, વલવલતાં અને તો યે ખુમારી ન છોડતાં આ બધાં પાત્રોએ ગુજરાતી વાચક સમક્ષ એક નવી સૃષ્ટિનાં દ્વાર ખોલી આપ્યાં છે. મા, ઓરમાન મા અને લાડુભાભી, માસ્તર-મારા બાપુ, 'લક્ષ્મીનો ચાંદલો'નો મગો, બાળસખો સતિયો કે ભવાન ભગત ગુજરાતી સાહિત્યમાં અમર પાત્રો સર્જાવા નિર્માયાં છે. વળી હેતા, ગૌરી ,પન્નાભાભી, આશીમા, પશી, બહેરી, લાડુ, હેઝલ, લૂલીમા કે શામળી જેવાં નારીપાત્રોને દલિત અને નારીનાં એમ બેવડાં શોષણનો ભોગ બનવું પડ્યું છે. જોસેફભાઈની કલમે નીપજેલાં આ નારી પાત્રોએ પણ સાહિત્યમાં તેમનું સ્થાન જમાવ્યું છે. આ દલિત પાત્રોનું માનવ્ય જરાય ઊણું કે ઉતરવું નથી.'' (પરસ્પર-૩ /૨૦૦૮)

જોસેફ મેકવાનનાં રેખાચિત્રોના અગિયાર સંગ્રહોમાં કુલ વ્યક્તિચિત્રો મળે છે. આ વ્યક્તિઓ બધી જીવી ગયેલી કે જીવતીજાગતી વ્યક્તિઓ હતી. જોસેફને એમનો અંગત પરિચય જ નહીં પણ નિકટનો નાતો અને સાથે રહ્યા કે મળ્યાનો ઘરોબો હતો. અહીં કશુંય કાલ્પનિક નથી. વ્યથાઓ અને વિટંબણાઓ પણ ઘટેલી ઘટનાઓ છે અને જીવેલી, જીરવેલી યાતનાઓ તથા બળતરાઓ છે. આ બધાં પાત્રો જોસેફનાં અંગત સગાંવહાલાં નથી. સગાંવહાલાં થોડાંક છે જરૂર પણ બાકીના તો એમના જીવતરની વાટે અને નોકરી વ્યવસાયના ઘાટે મળી ગયેલાં છે. જોસેફ કર્મશીલ હતા. સેંટ ઝેવિયર્સ પાસેના (આણંદ) એમના નિવાસ 'ચંદ્રનિલય'માં રોજ સાંજે પાંચ વાગ્યા પછી જોસેફ આ દલિતો-પીડિતોને મળતા. દુખિયારાં લોકો પોતાની સમસ્યા કે આપત્તિનું વર્ણન કરવા અને આશ્વાસન કે મદદ મેળવવા જોસેફ પાસે આવતાં. બધાં એમને સાહેબ કહેતાં. સાહેબ એમની વાત સાંભળતા, ઉકેલ સૂચવતા. ક્યારેક

પોલીસસ્ટેશન કે જે તે સ્થળે જઈને મદદ કરતા. ત્યક્તા વહુ-દીકરીઓને કોઈ આશ્રમમાં મૂકવાય જતા. દારૂડિયા પતિની સમસ્યા કે નહીં કમાતા અને વંઠી ગયેલા ધણી કે દીકરાની હેરાનગતિ સાંભળતા અને સાચે માર્ગે લાવવા હેતપૂર્વક ઉપચાર કરતા. આ બધી વ્યક્તિઓ એમનાં રેખાચિત્રોમાં, વાર્તામાં અને નવલકથાઓમાં પાત્રો અને ચરિત્રો બનીને સાહિત્યની દુનિયામાં વાચકોને વ્હાલી બની છે.

વ્યક્તિનો દેખાવ એના મનોભાવો અને પહેરવેશ એનો સ્વભાવ અને એની વિચિત્રતાઓ, બોલવાના લય-લહેકાઓ અને સાચું-જૂઠું કબૂલવાની વૃત્તિ આ બધું જ લેખકે સગી આંખે જોયું છે, કાનોકાન સાંભળ્યું છે અને સામે બેસીને અનુભવ્યું છે. એટલે જોસફનાં રેખાચિત્રો જીવતાં-જાગતાં મનુષ્યો રૂપે જ ભાવક સામે પ્રગટ થાય છે. આ માટીનાં મનેખની સાચકલી અને પ્રભાવક મૂર્તિઓ ભાવકને પણ પોતાની લાગે છે. વળી જોસેફ સમાજનું, રિવાજોનું, ઘટના-પ્રસંગોનું તળબોલીમાં આબેહૂબ આલેખન કરે છે. ચરિત્રના જીવનમાં આવતા સંઘર્ષો આંખ સામે બનતા બતાવીને લેખક વાચકને એ ઘટનાઓનો સાક્ષી પણ બનાવે છે. આમ કરવા જતાં રેખાચિત્રો થોડાંક સુદીર્ઘ બન્યાં છે પણ એ સુદીર્ઘતા લંબાણ નથી અનિવાર્યતા છે. પોતાનો ગ્રામીણ સમાજ અને એમાંય સાંકડમાંકડ જગ્યામાં વસેલાં આ ઉપેક્ષિતોનાં ફળિયાં, શેરી, ઘર, કૂવો અને ઉકરડાઓ બધું જ પરિવેશ બનીને આપણા ચિત્તમાં છપાઈ જાય છે.

જોસેફનાં અનેક રેખાચિત્રોમાં કોઈને કોઈ લાક્ષણિકતા તો રહેલી જ છે. પણ એ બધાંની વાત કરવી અહીં અશક્ય છે. એટલે એમનાં થોડાંક ઉત્તમ રેખાચિત્રોનો ઉલ્લેખ કરીને એની વિશેષતા નોંધીશું.

* હતી ત્યારે મારે ત્રણ-ત્રણ મા હતી!

* માસ્તરઃ મારા બાપુ

* ભવાન ભગત

* એક યુગવીતી વેદના

* મારી ભિલ્લુ

* લક્ષ્મીનો ચાંલ્લો

* સતીયો મારો સાથી

* જસ્યો નેપાડો

* હેઝલ પદમણી

* ઉકમલ્લ

* દરિયો

* અખાની આર

* જનમજલાં

* ધાગો સેમાડિયો

* અધૂરી કથા

* મારી જીબા

* આયખાની આયપત

* જમની મારકણી

* બહેરું આયખું : મૂંગી વ્યથા

'માસ્તર : મારા બાપુ'-માં લેખકના પિતાનું કરુણગર્ભ પૂર્ણકદનું જીવનચિત્ર ઉપસી આવેલું છે. પોતાના પિતાની કઠોરતાને 'મા' વિશેના અન્ય ચરિત્રોમાં લેખકે થોડી વધારે આક્રમકતાથી ઉપસાવી હોય એવું લાગશે. કેમ કે બાળકિશોર એવા લેખક ઉપર પિતાએ નર્યો ત્રાસ જ ગુજાર્યો હતો અને નવી પત્નીનો પક્ષ લઈને બહુ અપમાનિત કરવા સાથે ઉપેક્ષિત રાખ્યો હતો. પણ 'માસ્તર : મારા બાપુ' ચરિત્રમાં લેખકે પિતાનાં રૂક્ષ વર્તનનો, કઠોર સ્વભાવનો અને કર્મવીરને છાજે એવી કર્મઠતાનો પરિચય કરાવ્યો છે. લેખક પિતાના રૂદિયાની એકલતા, પીડા, નિઃસહાયતા અને બળતરાને બરાબર સમજે છે. ઉચિત સંદર્ભો વડે પિતાજીની મર્યાદાઓ અને વિશેષતાઓને સમતોલ કરીને, તટસ્થપણે છતાં સમભાવપૂર્વક રજૂ કરીને લેખક જાણે કે ન્યાય કરે છે. પિતાના વ્યક્તિત્વની બાહ્ય બરડતા અને ભીતરમાં પડેલી વ્યથા-વેદના, ઝઝૂમવા છતાં એમના હેઠા પડતા હાથ, એકલતામાં બળતું એમનું રૂદિયું, પૈસા માટે જમની મારકણી ભેંસ અને બકરી સુધ્ધાં વેચી દેવાની મજબૂરી – આ બધાંનું આલેખન કરીને લેખકે જીવનમાં હારી ગયેલા એક માનવીનું સાચકલું ચિત્ર ઉપસાવ્યું છે. વિધિ વક્રતાઓનો ભોગ બનેલા પિતાજી, એકાધિક પત્નીઓ છતાં ઠરીઠામ ન થયેલો એમનો અંતરઆત્મા : આ બધાંની ભાળ લેખકને મોડે મોડે પણ મળે છે. અંદરથી સાબદો રહેલો માણસ છેવટે બધી જ દિશાઓની આપત્તિઓ સામે તૂટી જાય છે. એ વાત લેખક ચરિત્રના અંતે બહુ જ પ્રભાવક રીતે આલેખી શક્યા છે. ભડ જેવો એક માણસ – ડાહ્યા હરખા નામનો સ્વમાની પુરુષ જુવાન થતા દીકરાની આંખ સામે કેવી રીતે હતો-ન હતો થઈ જાય છે એ વાંચતાં વાચકની આંખ ભીની થયા વિના રહે

જ નહીં; તો એ લખનારે પણ છાતીમાં ડૂમો અને આંખનાં આંસુ કેવી રીતે ખાળ્યાં હશે? લોહીનાં સગાં વિશે લખવાનું એમ સહેલું નથી. સચ્ચાઈનું આલેખન જોસેફે લાડુભાભીના ચરિત્રમાં પણ ઉપસાવ્યું છે. દલિત સમાજમાં પણ જે ઉપેક્ષિત છે એવી લાડુ અને હેતા – બન્ને મા-દીકરીનું આલેખન પણ ભાવકને લાગણીભીના કરી દે એવું છે.

આ બધાં ચરિત્રોમાં લાગણીઓ છે, ભાવનાઓ છે, અભાવોએ કરેલી કસોટીઓ છે, પ્રેમ માટેનો તલસાટ છે. પણ વેઠ્યાની કોઈ ફરિયાદ નથી. વેઠવું એ જાણે લલાટે લખાવીને આવ્યાં છે. સોમાકાકા અને ઝવરકાકી એ બન્નેનું વહાલ અને બન્નેની પારાવાર પીડાઓ 'એક યુગવીતીની વેદના'માં તંતોતંત વર્ણવાઈ છે. ઘરના મોભ જેવા સોમાકાકાનું અવસાન અને માથીય સવાયું હેત કરનારી ઝવરકાકીનું અદશ્ય થઈ જવું, લેખકે કાકીને શોધી કાઢી ત્યારે અપરિચિતની જેમ વર્તવું અને વરસો પછી મિલન થાય છે ત્યારે લેખક અને કાકી બંનેનું આંસુ વહાવીને હળવા થવું! જીવન કેવું તો કઠોર હોય છે, મૂંગો અને સ્વાર્થી સમાજ રિવાજો આગળ કેવો લાચાર હોય છે અને લોહીનાં સગાં માટે સદાય તડપતા હૈયાં અનેક કઠોરતાઓ વેઠ્યા પછીય કેટલાં તો કોમળ હોય છે. એ બધાંનો પરિચય કાકીના આ રેખાચિત્રમાંથી મળે છે. એક ઉત્તમ લઘુનવલ વાંચ્યાનો સંતોષ થાય એવું આ રેખાચિત્ર સ્વામી આંનદના સુખ્યાત રેખાચિત્ર 'મોનજી રૂદર'ની લગોલગ બેસે એટલું સમૃદ્ધ છે. હું તો એને 'મોનજી રૂદર'થી યે આગળ મૂકું. આ ક્ષણે મનુભાઈ પંચોળી 'દર્શક'નો જોસેફના રેખાચિત્રો વિશેનો એક પ્રતિભાવ ટાંકવાનું મન થાય છે –

> ''ગુજરાતીમાં રેખાચિત્રો લખવામાં સ્વામીદાદાની તોલે કોઈના આવે, કોઈ ના આવે એટલે હાડચામના માણસુડાંનાં જે સાચુકલાં હૃદ્ય ચિત્રાંકન સ્વામીની બળુકી શૈલીમાં થયાં છે એને કોઈ આંબી શક્યું નથી કે પછી એ તરેહનાં માણસ કોઈની નજરે ચડ્યાં નહીં. પ્રગટતાં તો હોય જ પણ પારખવાનીય આંખ જોઈએને?! એ દૃષ્ટિ લાભી છે ભાઈ જોસેફને. એનાં રેખાચિત્રોમાં ઈમાનદારીપૂર્વકનું જે નિતારણ નીતર્યું છે તે મેં બીજે જોયું નથી. જોસેફની આ સજ્જતા ગુજરાતીના ગદ્યસાહિત્યની મૂડી છે. મારે મન જોસેફ જેવો ચિતારો-શબ્દચિતારો સ્વામી આંનદની પરંપરાને આગે બઢાવે છે.''

ભવાન ભગતનું રેખાચિત્ર શાળાનાં પાઠ્યપુસ્તકોમાં એકાધિકવાર મૂકવાથી વધારે લોકપ્રિય બન્યું હતું. અલબત્ત એ તો પાઠ્યપુસ્તક માટે ટૂંકાવેલું રેખાચિત્ર હતું. બાકી ભવાન ભગતનું પૂર્ણકદનું રેખાચિત્ર આપણી આંખ સામે એક ગામ, ગામનો દલિતવાસ, સીમવગડો, મંત્ર-તંત્ર, ઔષધવિદ્યા ઇત્યાદિની એક અનોખી સૃષ્ટિ ચિત્રિત કરી દે છે. ભવાન ભવત આ પીડિત પ્રજાના એકમેવ આધાર છે. ઝઘડા મિટાવવા, ભૂખ્યાં-તરસ્યાંને મદદ કરવી મોટાં થતાં છોકરાંઓને પ્રકૃતિનું જ્ઞાન આપવા સાથે હિંમત અને સચ્ચાઈ શીખવવી, ગડગૂમડ કે તાવ-તરીયાની દેશી દવા આપવી, સીમમાં ચોરડકેતને પડકારવા, કથા-ભજન વાર્તા કહીને અભણ લોકોને સદ્‌તત્ત્વોની સમજણ આપવી – આવાં તો કેટલાંય કામ ભવાન ભગતની દિનચર્યા અને જીવનચર્યા બની રહે છે. જોસેફના ઘડતરમાં ભવાન ભગતનો ઘણો મોટો ફાળો છે. આવા સંત સરખા પરગજુ ભવાન ભગતને પણ કસોટીઓમાંથી પસાર થવું પડે છે. બબ્બે દીકરાઓ છતાં પરિવારને એમણે ટાઢવવો પડે છે. યુદ્ધમાં ચાલ્યો ગયેલો દીકરો ભલે પાછો ન આવ્યો પણ જે ઘરખેતી સંસાર સંભાળતો દીકરો ભરજુવાનીમાં અચાનક ગુજરી જાય છે. ત્યારે ભવાન ભગત પણ આકાશ તરફ જોઈને ફરિયાદ કરે છે કે – ''તું પણ મને સુખેથી ભક્તિ કરવા નહીં દે એમ લાગે છે.'' આ રેખાચિત્રો વાંચીએ છીએ ત્યારે આપણને સમજાય છે કે જીવતર ગણિતના કોયડા જેવું છે. કદીક તો થાય છે કે ગણિતના કોયડા તો ઉકલી શકે છે પણ જીવતરના કોયડા સમીકરણો જેટલા સરળ નથી હોતા. સમર્થ માણસ પણ મજબૂર બની જાય એવા જીવતરના નાટાંરગ 'આયખાની આયપત'નાં ફોઈ જુવે છે અને વેઠે છે. ખાવાપીવાનાય સાંસા હોય એવા ઘરમાંય ફોઈ અણીશુદ્ધ જીવન જીવે છે અને છેલ્લે જોસેફ પાસે, ધનીડોસીએ બતાવેલા માટીના ઘડામાં સંઘરીને દાટેલા રાણીછાપ રૂપિયાનો ખુલાસો કરે છે. એ જ પૈસાથી દીકરી માટે જોસેફનો પરિવાર મામેરું લાવી શકે એવી યોજનાનો પણ ખુલાસો કરે છે. આ મજૂરીયાં લોક ભારે સ્વમાની હોય છે. શોષકોની સામે એ મૂંગે મોઢે કામ કરી લે છે પણ લોભ-લાલચને વશ થતા નથી. જેની સાથે જીવતર માંડવાનું છે કે માંડ્યું છે એને કદી દગો કરતા નથી. તમાકુની ખળીઓના માલિકો એમની વિકૃત વૃત્તિઓને પોષવા વહુ-દીકરીઓનાં શિયળ લૂંટીને એમના જીવનને બરબાદ કરી દે છે. જોસેફનાં આવાં રેખાચિત્રોમાં લક્ષ્મી, હેતા, હેઝલ, શામળી, કમળી, જેવાં બેન-દીકરીઓનાં ઉજ્જવળ ચરિત્રો આલેખાયાં છે. જીબા અને લક્ષ્મીની જેમ વિદ્રોહ કરનારી નારીઓ પણ છે. એ શોષકની સામે ઝૂકવાને બદલે વિદ્રોહ કરીને જાત બચાવી લે છે.

'મારી ભિલ્લુ' રેખાચિત્રની સુમિત્રા, 'અધૂરી કથા'ની લાલી, 'મારી જીબાની' જીબા : આ ત્રણેય યુવતીઓ એ સમયે જોસેફની પ્રેયસીઓ બનવા આતુર છે. ઘણીવાર તો આ ત્રણેય અંદરથી જોસેફને ચાહે છે અને લાલી તથા જીબા તો ભાગી જઈને પણ

એની સાથે લગ્ન કરવા ચાહે છે. કિશોરવયથી જોસેફની સંગાથી બનેલી આ ત્રણેય સખીઓ જોસેફ માટે પારાવાર પ્રેમ ધરાવે છે. એને ખાવાનું લાવી આપવા સુધીની કાળજીયે લે છે. પણ જીવતરના રસ્તા ફંટાઈ જાય છે. ખળીનો માલિક વશ નહીં થતી જીબાનું અપહરણ કરીને, એને ભોગવીને એને મોતને શરણ કરી દે છે. આવી જીબાનું ચરિત્ર બહુ જ પ્રભાવક રીતે પ્રત્યક્ષ થાય છે. સુમિને મનચાહ્યો વર મળે છે. પૈસા, ઘર, મિલકત, પ્રેમ, સંતાનો કશાની કમી નથી. પણ સમય પલટાય છે. પતિ બીજી સ્ત્રીના પ્રેમમાં પડે છે. સુખી સંસારમાં આગ લાગે છે. છેવટે દીકરાઓ દ્વારા સચવાતી સુમિત્રા કેન્સરમાં સપડાય છે. ત્યારે પશ્ચાત્તાપ કરીને પતિ પાછો આવે છે અને સુમિના દીકરાના બોલાવવાથી જોસેફ પણ સુમિત્રાની મરણપથારી પાસે હાજર થાય છે. આ સુમિ જોસેફને સૌથી વધુ વહાલી હતી. એણે એને ભણવા અને લેખક થવા પ્રેર્યો હતો. જીવનમાં ઉત્તમ પ્રેમપત્રો પણ સુમિએ લખ્યા હતા. આ સુમિની કરુણ અંતઘડી વાચકને મનુષ્યની નિયતિ વિશે વિચારતો કરી મૂકે છે.

ઉકમલ્લ હોય, જસ્યો નેપાડો હોય કે આખો કડીયો હોય, ધાગો સેમાડિયો હોય અથવા આવાં બીજાં મોતી કે જેઠિયો લંગ જેવા પુરુષ પાત્રો હોય આ દરેકમાં કોઈને કોઈ ગુણવિશેષ મળવા સાથે સીમા-મર્યાદા પણ લેખક બતાવે છે. નારીપાત્રોનું શોષણ બે રીતે થાય છે. એ સ્ત્રીઓ છે માટે જાતીય શોષણ થાય છે અને દલિત-પીડિત છે માટે એમનું અપમાન સાથે આર્થિક શોષણ પણ થાય છે. એમનો સમાજ પણ એમનું શોષણ કરે છે. આશીમા, પશી, ડાહી બહેરી, હેતા, હેઝલ અને શામળી આવાં બેવડાં-ત્રેવડાં શોષણનો ભોગ બનેલાં પાત્રો છે. જ્યારે પુરુષપાત્રોએ ઓછું વેઠવાનું આવે છે. અલબત્ત, પુરુષોનું પણ અપમાન થાય છે, આર્થિક શોષણ થાય છે. એમણે પણ અભાવોના દૈત્ય સામે કાયમ ઝૂઝવું પડે છે. આમ જોસેફનાં આ રેખાચિત્રોમાં એક આખો પીડિત સમાજ વીસમી સદીના વચગાળાના પાંચ-છ દાયકાનો સામાજિક દસ્તાવેજ પણ રજૂ કરે છે. જોસેફના બે સહાધ્યાયી મિત્રોનું ચરિત્ર પણ અહીં યાદ કરવું પડે. એમાં એક તો સામા ઘરનો પડોશી અને લક્ષ્મીનો વર તે મગન. આ મગને જોસેફને કામમાં અને ભૂખ તરસ વેળાએ ખવરાવવા-પીવરાવવામાં બહુ કાળજી લીધી છે. એ બંને એવો તો અભિન્ન મિત્રો કે એક બીજા વિના ઘડી રહી ન શકે. પણ યુવાન વયમાં જ મગન માનસિક રીતે ભાંગી પડતાં જીવવાની હામ ગુમાવી દે છે. જોસેફ એને બચાવવા ઘણુંયે મથે છે પણ એની એકેય કારી સફળ થાય એમ નથી. લક્ષ્મી જેવી વહુ ચાલી ગયાનો અફસોસ અને પોતાની નિસહાયતા મગનને લાચાર બનાવી દે છે. ખળીવાળાના ત્રાસથી અને પોતાના સમાજના કુરિવાજોના ચલણથી મગન લક્ષ્મીને બચાવી શકતો નથી. આ ચરિત્રમાં લેખકે એમના પોતાના સમાજની અને જીવનવ્યવહારની ઘણી આંટીઘૂંટીઓ બતાવી છે. આપણે ત્યાં લખાયેલાં રેખાચિત્રોમાં આટલું ઊંડાણપૂર્વક અને વિસ્તારપૂર્વક સમાજજીનવ સ્વામી આનંદ સિવાય ભાગ્યે જ કોઈ લેખકે આલેખ્યું હશે. શાળાનો સહાધ્યાયી સતિયો એવો જ જીગરીજાન મિત્ર છે. જોસેફ અને સતિયાની દોસ્તી દ્વારા વિદ્યાર્થીઓની દિનચર્યા અને શાળાઓમાં અપાતા શિક્ષણની સુસ્પષ્ટ રૂપરેખા આપણને મળે છે.

જોસેફ મેકવાનના હાથે સર્જાયેલાં બીજાં કેટલાંક ચરિત્રોની વાત કરવાનું હજીએ મન થાય છે. એમાંય 'બહેરું આયખું : મૂંગી વ્યથાં'ની ડાહી વિશે, એની વ્યથા-વેદના વિશે જોસેફ કરેલું અત્યંત ભાવસભર આલેખન ન વિસરી શકાય એવું છે. આ રેખાચિત્ર ઉપરથી નાનકડી ફિલ્મ પણ બની છે. રેખાચિત્ર તરીકે પહેલીવાર પ્રગટ થયેલી કૃતિ 'પન્નાભાભી' પછીથી 'દર્શક' જેવાઓને વાર્તાકક્ષાની લાગી એ વાત જોસેફે સ્વીકારી છે પણ પન્નાભાભીનું ચિત્ર જે રીતે આલેખાયું છે એ અત્યંત શિરમોડ છે. પ્રથમ પતિથી ત્યજી દેવાયેલી પન્નાભાભી પોતાના બીજા ઘરસંસારમાં દીકરો પામે છે અને એ દીકરો જ્યારે ગુણિયલ વહુને છૂટાછેડા આપી દેવા જીદે ચડે છે ત્યારે પન્નાભાભી વહુના પક્ષે રહીને દીકરાની સામે કોર્ટે ચડે છે એ ઘટના સમાજ જેટલી જ ગુજરાતી સાહિત્યમાં આશ્ચર્યજનક અને સુખદ બની રહી છે. પોતાને પહેલીવાર દરિયો દેખાડનારી રૂથભાભીનું જોસેફે કરેલું આલેખન પણ કોઈપણ ગુના વગર નારીને થતી શિક્ષાઓનું દ્યોતક બની રહે છે. આવી તો કંઈ કેટકેટલીય મજબૂરીઓ અને વિપદાઓ હસતે મોઢે વેઠી લેતાં સ્ત્રી-પુરુષો જોસેફનાં રેખાચિત્રોમાં જોવા મળે છે. એમના આલેખનમાં ક્રમશઃ વિકાસ થયો છે. આ સંદર્ભે દિલીપ રાણપુરાનો એક પ્રતિભાવ નોંધીએ –

''જોસેફ કેટકેટલાં વીતકોના એ નજરે જોયા સાક્ષી છે... ને કેટકેટલી વેદનાઓ એ સંઘરીને બેઠા છે... જો એ વ્યક્ત જ ન થઈ હોત તો શ્રી મેકવાન પણ ક્યાંક વેદનાના ચક્કામાં પિસાતા હોત. આમાંથી શ્રી મેકવાનના સર્જકત્વનો, તેમના સમભાવનો , અન્યાય અને અનાચાર સામેના તેમના આક્રોશનો પરિચય તો મળે છે. તેમની કલમમાં કશો આયાસ નથી. ક્યાંય કૃત્રિમતા નથી લાગતી કે કોઈ આંડબર નથી. માણસ જેવો છે તેવો તેમની કલમમાંથી નીતરીને શબ્દસ્થ થયો છે. અને એ જ એની ભભક છે. આયખાના આલેખ સાથે જોસેફભાઈની સર્જકતાનો પણ આ આલેખ બને છે – ને એનું મૂલ્ય ઘણું ઘણું છે. આવી સાચુકલી કથાઓ કશા પણ રંગરોગાન વગર, માત્ર જે જીવ્યા છે તેમની ભાષામાં ને બોલીમાં આપવાથી

ગુજરાતીભાષીઓને નવાં 'લોક'નો પરિચય થશે ને સુસંસ્કૃત ભાષા કરતાં તળપદા સંસ્કારવાળી ભાષા કેટલી બળૂકી છે તેની પ્રતીતિ પણ થશે.

જોસેફનાં તમામ ચરિત્રોમાં એક પ્રદેશ વિશેષમાં જીવતાં લોકોનું તળજીવન એમની અનેક આપદાઓ, ઉપેક્ષાઓ સમેત ચિતરાયું છે. તત્કાળે, વિકાસે અને શહેરોએ ઉપેક્ષેલાં ગામડાંમાં જીવતું આ સર્વહારા વર્ગનું લોક તો વળી ગ્રામસમાજમાંથી પણ ઉપેક્ષિત અને વધારામાં પીડિત હોય છે. એ લોકોની બળબળતી ભાષામાં એમનું રગરગતું હૃદિયું અહીં ઠલવાયું છે. રોજનાં કેટકેટલાં ગતકડાં ને વડચકાં. ગરીબી અને દારૂના દારુણ દમનથી દમાયેલાં આ લોકોની જિંદગી જ મોટી ટ્રેજેડી છે. આમાં ઘટતી ઘટના ટૂંકીવાર્તા કે નવલકથાના ઘાટની લાગે. ડાકોર આસપાસની ચરોતરિયા પછાત પ્રજાની આ વ્યથા-વેદનાની પરકાષ્ઠા ભાવકને ભાંગી નાખવા પૂરતી છે. જોસેફ મેકવાનની કલમમાં એ બધું ઉતારવાની શક્તિ છે.

❐

૪
નવલકથાઓ વિશે

''જોસેફભાઈનું સાહિત્યસર્જન સમસંવેદન, સમભાવ અને સમજણથી ક્યાંય આગળ વધીને કથ્ય વિષય તથા પાત્રો સાથે પૂરેપૂરી અભિન્નતા સાધે છે. બલકે તેઓ એ વિષય અને પાત્રો માંહેલા જ એક અંશ છે. જીવન અને સાહિત્યની સરહદોને સંપૂર્ણપણે એકરૂપ કરી દેવાનું ગુજરાતી ભાષામાં તો અપૂર્વ કહી શકાય તેવું સર્જનકૃત્ય તેમણે કરી – બલકે જીવી બતાવ્યું છે. તેમણે ગુજરાતીના તળપદા લોકજીવનના અદ્યાપિપર્યંત અસ્પૃષ્ટ, વણઉઘડ્યા રહેલા ખૂણાને પોતિકી ભાવગત સચ્ચાઈથી અને પોતીકાં જ શબ્દ-ઓજારોથી અનાવૃત્ત કરી આપ્યો છે. તેમણે જે કાંઈ માત્ર જોયું-જાણ્યું નહિ, અનુભવ્યું-જાણ્યું અને વેઠ્યું છે તેને જ તેઓ સાચા કલાકારને છાજે તેવી સર્જકતાના સુવર્ણ સ્પર્શથી આપણી સમક્ષ પ્રસ્તુત કરતા જાય છે.''

– ભગવતીકુમાર શર્મા

ગો૰ મા૰ ત્રિપાઠીના 'સરસ્વતીચંદ્ર' ભાગ-૧ના પ્રકાશન (૧૮૮૭) પછી બરાબર એકસો વર્ષે જોસેફ મેકવાનના પોતાની પ્રથમ નવલકથા 'આંગળિયાત' (૧૯૮૭) લઈને આવે છે. 'સરસ્વતીચંદ્ર'ની જેમ 'આંગળિયાત' નવલકથા પણ એની પોતાની ભૂમિકાએ એક મહત્ત્વની સીમાચિહ્ન રૂપ ઘટના બનાવવા માટે સર્જાઈ હતી. પન્નાલાલ પટેલ પોતાની વાર્તાઓ લઈને (૧૯૩૭ની આસપાસ) ગુજરાતી સાહિત્યમાં જનપદના જીવનને વિશેષ રીતે આલેખવા માટે પ્રગટ થાય છે. ૧૯૪૦માં પન્નાલાલની 'મળેલા જીવ' અને ૧૯૪૭માં પન્નાલાલની પોતાની અને ગુજરાતી સાહિત્યની પણ શકવર્તી નવલકથા 'માનવની ભવાઈ' પ્રકાશિત થાય છે. પન્નાલાલની પ્રથમ વાર્તાના પ્રકાશન પછી બરાબર પચાસ વર્ષ અને 'માનવીની ભવાઈ'ના પ્રકાશન પછી બરાબર ચાલીસ વર્ષે 'આંગળિયાત' નામની શકવર્તી ઘટના નવલકથા ક્ષેત્રે ઘટે છે. એ વાત હવે તો ઇતિહાસ પ્રસિદ્ધ છે. વાસ્તવ જીવનના કઠોર અને કપરા સંવેદના સભર અને વહાલ માટે વલખતાં જીવનના અનુભવોમાં તપીને, તવાઈને, પોતાની પ્રતિભાના બળે, વિચારો અને દર્શનના જોરે લખનારા સર્જકો મોટા સર્જકો બને છે. ગો૰ મા૰ ત્રિપાઠી, પન્નાલાલ પટેલ અને જોસેફ મેકવાન ગુજરાતી સાહિત્યના અતિમહત્ત્વના અને

સીમાસ્તંભ રૂપ સર્જકો તરીકે સાહિત્યના ઇતિહાસમાં અવિચલ પણે ઊભા છે.

ઈ૦સ૦ ૧૯૮૭માં 'આંગળિયાત' પ્રગટ થાય છે એ પહેલાં ગુજરાતી સાહિત્યમાં આધુનિક સાહિત્યનો પ્રબળ જુવાળ ઓસરવાનાં એંધાણ ૧૯૮૦ પછીથી વર્તવા માંડેલાં. સમાજ, સાંસ્કૃતિક પરંપરાઓ અને જીવાતા જીવનથી વિમુખ થઈ ઊભેલું તથા શુદ્ધ કળાની જિકરમાં દુર્બોધ બની બેઠેલું ગુજરાતી સાહિત્ય મોટો સહૃદય ભાવક વર્ગ પણ ગુમાવી બેઠું હતું. નવી પેઢીના સર્જકોને (પોતાની કૃતિઓમાં પોતે જ રાચતા આધુનિકોને પણ) ખબર પડી ગઈ હતી કે આધુનિક સાહિત્ય આપણે ત્યાં એના મૂળ ઊંડે સુધી જમાવી શક્યું નથી. પરાઈ ભોમના અને પરાયા અનુભવો પરાયા સિદ્ધાંતો લઈને કૃતક ટેક્નિકો દ્વારા આલેખવાથી આપણા પોતાના ગુજરાતી જીવનનો, સમાજની સમસ્યાઓનો અને માનવીની પીડાઓને પરિચય સાંપડવાનો નથી. એટલે આપણો સર્જક ૧૯૮૦ પછીથી પોતાના તળમાં, પોતાનાં મૂળ અને કુળમાં પાછો વળવા માટે કૃત સંકલ્પ બને છે. પોતાનાં મનેખ અને પોતાની પીડાઓ, પોતીકી રીતિમાં અને પોતીકી બોલીમાં આલેખવા જાણે સમય એને સજાગ કરી દે છે. ૧૯૮૦થી ૧૯૯૦ના આ દાયકામાં આધુનિક સાહિત્યને હડસેલી દઈને અનુઆધુનિક સાહિત્ય પોતાની જગ્યા બનાવી લે છે. ૧૯૮૪માં કુંદનિકા કાપડિયા 'સાત પગલાં આકાશમાં' – જેવી નારીવાદી નવલકથા લઈને આવે છે, જોસેફ મેકવાન એમની કિર્તીદા કૃતિ 'વ્યથાનાં વીતક' (રેખાચિત્રો) ૧૯૮૫માં પ્રાકાશિત કરે છે. ગુજરાતી વાચકોમાં અને વિદ્વાનોમાં આનંદ સાથે ચર્ચાઓનો દોર શરૂ થઈ જાય છે. એક રીતે કહીએ તો આ બન્ને ઘટનાઓ આધુનિકતાના રહ્યા-સહ્યા દાબને હટાવી દે છે. 'વ્યથાનાં વીતક' અને 'આંગળિયાત' અનુઆધુનિકતાના પ્રારંભની જાણે કે ઉદ્દ્ઘોષણા બની રહે છે. આ ગાળામાં પ્રગટ થયેલી દલિત વાર્તાઓનું સંપાદન, નીરવ પટેલ જેવાની દલિત કવિતા અને હિમાંશી શેલતની 'અંતરાલ'(૧૯૮૬) સંચયની વાર્તાઓનું પ્રકાશન પણ આ સમયની મહત્ત્વની ઘટનાઓ છે.

એ પણ નોંધવું જોઈએ કે ૧૯૫૭-૫૮ની સાલમાં આધુનિકતાના અગ્રણી સુરેશ જોષીએ 'ગુજરાતી નવલકથાનો નાભિશ્વાસ ચાલે છે?' – કરેલી ઘોષણાને પણ ૧૯૮૦ સુધીમાં તો બે અઢી દાયકા થઈ ગયા છે. એટલું જ નહીં, એ ઘોષણાનો જાણે કે જવાબ આપતી હોય એમ કેટલીક મહત્ત્વની નવલકથાઓ ગુજરાતીમાં ૧૯૬૦થી ૧૯૮૦ના ગાળામાં સર્જાઈ ચૂકી છે. ચંદ્રકાંત બક્ષીની 'એકલતાના કિનારા', 'પેરેલીસીસ' અને 'આકાર', રાવજી પટેલની લીરીકલ રીતિની 'અશ્રુઘર' અને 'ઝંઝા' નવલકથાઓ મધુ રાયની 'ચહેરા' અને 'કામિની', રઘુવીર ચૌધરીની 'અમૃતા' અને 'ઉપરવાસ-કથાત્રયી' જેવી સમૃદ્ધ નવલકથાઓનો આ સમયગાળો વિસારે પાડી શકાય એવો નથી. આવી સાહિત્યિક પૃષ્ઠભૂમિ લઈને જોસેફ મેકવાન સાહિત્ય સર્જનમાં બીજી વખત સક્રિય બને છે. પ્રથમ બન્ને કૃતિઓ – 'વ્યથાનાં વીતક' અને 'આંગળિયાત' દ્વારા જોસેફ સાહિત્યના ક્ષેત્રને એક નવા પરિવેશનો સુચારુ પરિચય કરાવે છે.

નવલકથા તરીકે 'આંગળિયાત' વ્યાપક આવકાર પામી એનાં કારણો દેખીતી રીતે જ એ નવલકથામાં પડેલાં છે. સામાન્ય ભાવકથી માંડીને વિદ્વાનો અને દર્શક તથા ઉમાશંકર જેવા મૂર્ધન્ય સર્જકો પણ 'આંગળિયાત'થી કોઈ ને કોઈ રીતથી પ્રભાવિત થાય છે અને ઉમળકાથી એને આવકારે છે. ૧૯૮૯માં 'આંગળિયાત'ને રાષ્ટ્રીય અકાદેમીનો પુરસ્કાર મળે છે. ગાંધીયુગમાં ગામડું સાહિત્યમાં આવ્યું હતું વળી દલિતો-પીડિતોની વાત પણ ગુજરાતી સાહિત્યામાં પહેલી વખત રજૂ થઈ હતી. એ પછી તો ગુજરાતની નદીઓમાં ઘણાં પાણી વહી ગયાં. ભાગલા લઈને લોહીયાળ આઝાદી આવી. સત્તાધારી પક્ષોએ અને પહોંચેલા ભદ્રવર્ગે આઝાદીને પોતાના હિતમાં એમણે પોતાની બનાવી લીધી તેમ છતાં ધીમે ધીમે શિક્ષણ ગામડાંમાં પહોંચ્યું, યંત્ર ઉદ્યોગો આવ્યા, શહેરો વિકસતાં ગયાં, ગામડાંના લોકો પણ નગર તરફ આવવા લાગ્યા. પશ્ચિમના અનુસરણમાં જીવનમાં અને કલાઓમાં આધુનિક વલણો દેખાવા માંડ્યાં. પણ ભૌતિકતાવાદ, ભોગવાદ અને શહેરીકરણે માનવતાને અને મૂલ્યોને સંકુચિત કરી દીધાં. પોતાની પરંપરાઓ ભૂંસાઈ જાય, પોતાનું વેઠેલું એમ જ અળપાઈ જાય એ ૧૯૮૦ના ગાળાના નવા સર્જકોને મંજૂર નથી. જોસેફ મેકવાનની 'આંગળિયાત' આ વિચાર-વલણોની ભોંયમાંથી પ્રગટેલી નવલકથા છે.

જોસેફ મેકવાનનું વતન ગામ ઓડ અને નિવાસસ્થાન આણંદ. એની આસપાસનો આણંદ–ડાકોરનો આખો ઇલાકો 'આંગળિયાત' નવલકથાની પૃષ્ઠભૂમિ બને છે. ૧૯૩૦થી ૧૯૬૦-૭૦ના વર્ષોમાં આ પ્રદેશનાં વર્ણો અને વર્ગોમાં જીવાતું, સમસ્યાઓ, સંવેદનો અને સંઘર્ષોથી સતત તનાવમાં રહેલું લોકજીવન 'આંગળિયાત' નવલકથાનો વિષય બને છે. 'આંગળિયાત'નું કથાવસ્તું દલિતોના શોષણને અને એમનું શોષણ કરતા આ વિસ્તારના પટેલો તથા દરબાર આદિ વર્ગના લોકો દ્વારા થતા અનૈતિક વ્યવહારો અને અત્યાચારોને કેન્દ્રમાં રાખે છે. 'વ્યથાનાં વીતક'ના ભવાન ભગત આ નવલકથાના આરંભે શોષિતોના સમભાવી અને માર્ગદર્શક આધાર રૂપે હાજર રહે છે. આ નવલકથાનાં મુખ્ય પાત્રો વાલજી અને કંકુ, ટીહો અને મેઠી છે. જો ગૌણ પાત્રો તરીકે એમનાં કુટુંબીજનો, ડેલાવાળો મુખી, તેમજ નાતના આગેવાન મેઠો આંધળો તથા મેઠીનો પતિ ચુંથિયો વગેરે પણ મહત્ત્વનાં છે.

'આંગળિયાત'ના કથાવસ્તુની રૂપરેખા આ પ્રમાણે છે. વાલજી અને ટીહો પોતે વણેલી પછેડીઓ અને ચાદરો વેચવા આસપાસનાં ગામોમાં જાય છે. એક વહેલી સવારે એ બન્ને ડેલાવાળાના ગામમાં પહોંચીને બજારમાં માલ વેચવા બેઠા છે. દલિત યુવતી મેઠી આ જ ગામની દીકરી છે. દલિત ઘરની આ યુવતી અત્યંત રૂપાળી છે, ગુણિયલ છે, પણ એના બાપે એને બાજુના ગામના ગમાર જેવા ચુંથિયા જોડે પરણાવી છે. ટીહો અને મેઠી એકબીજાને જાણે છે. બન્નેને એકબીજા માટે પ્રેમ અને આદરનો ભાવ છે. ટીહો અને વાલજી પણ ઇચ્છે છે કે મેઠીના બાપને સમજાવીને મેઠીની ફારગતી લઈને ટીહા જોડે એનું ઘર મંડાવી શકાય. સરળ લાગતું આ કામ અઘરું પણ છે. નાતરીયા નાતમાં ફારગતી અને બીજાં લગન દાપાના પૈસા ચૂકવીને સરળતાથી કરી શકાય છે. પણ ક્યારેક એમાંય મા-બાપની જીદ કે નાતના લાંચિયા આગેવાનોની આડઈ આડચણરૂપ બને છે. મેઠીનો કિસ્સો આવી અડચણો છતાં પાર પાડવાનું વાલજી અને ટીહાના મનમાં છે જ. પણ ધાર્યું કરી શકાય એ પહેલાં એક-બે દુર્ઘટના બને છે. વાલજી અને ટીહો બજારમાં બેઠા છે ત્યારે પાણી ભરીને જતી મેઠીની એ ગામના સવર્ણ યુવકો મશ્કરી કરે છે અને છોડતી સુધી પહોંચી જાય છે. ટીહાથી આ સહન નથી થતું અને એ પેલા લોકોની સામે થાય છે. વાત મારામારી સુધી જઈને અટકી જાય છે. માલ વેચવાનું પડતું મૂકીને વાલજી અને ટીહો દલિતોના વાસમાં મેઠીના ઘરે જાય છે. ત્યાં રોકાઈને પોતાના મનની વાત મેઠીને જણાવીને પોતાના ગામ પહોંચી જાય છે. રોષે ભરાયેલા સવર્ણો ટીહા અને મેઠીની વાત જાણે છે. દલિતોને પજવવાની શરૂઆત થઈ જાય છે. આ બાજુ ટીહો અને વાલજી એક રાતે જીપ કરીને, નક્કી કર્યા મુજબ મેઠીને લઈ જવા આવે છે. પણ અચાનક ધીંગાણું થાય છે અને અકસ્માતમાં વાલજીનું મરણ થાય છે. ટીહો અને મેઠી માટે આ આઘાતક ઘટના છે. કંકુની પરિસ્થિતિ એથીયે વધારે પીડાજનક છે. છતાંય કંકુ સતત ટીહો અને મેઠી એક થાય એ માટે મથતી રહે છે. એનો દિયર દાનો પણ આ બાબતે ટીહાની સાથે છે. મેઠીના અપહરણની ઘટના નિષ્ફળ ગયા પછી. મેઠીના ભાઈ-ભાભી આણુ કરાવીને એને ચુંથિયા સાથે વળાવી દે છે. મેઠીના જીવનની યાતનાઓ અહીંથી શરૂ થાય છે. એ જ ગામમાં વસતાં હોવા છતાં કંકુ અને ટીહો, દાનો તથા ભગત વગેરે પણ મેઠીની મદદ કરી શકતાં નથી. મેઠી ચુંથિયાનો માર ખાઈને પણ એનું ઘર માંડે છે. ચુંથિયાને સુધારવા એના પ્રયત્નો થોડા સફળ પણ થાય છે. મેઠી સગર્ભા બને છે. એટલે સુવાવડ માટે ભાઈ-ભાભી પાસે પિયર જાય છે. આ ગાળામાં ચુંથિયાના સાગરિતો મોજ-મજા માટે એને પાછો કુછંદે ચડાવે છે અને મેઠી તથા આવનારા સંતાન વિશે એના મનમાં ઝેર રેડે છે. દીકરાને લઈને પાછી આવેલી મેઠી આવીને જુએ છે તો એનું ઘર અને એનો વર પાછાં વેરવિખેર થઈ ગયા છે.

દારૂની લતે ચડેલો ચુંથિયો મેઠીને અને દીકરાને મારવા માટે આગળ ધસે છે. મેઠી તો માર ખાઈ લે છે પણ ત્રણ માસના દીકરાને મારવા ધસેલા ચુંથિયા પાસેથી આડુ લઈ લઈને ચુંથિયાના માથામાં ઝીંકે છે. ચુંથિયો લોહીલુહાણ થઈને ઢળી પડે છે. એ મરી ગયો છે એમ માનીને મેઠી અડધી રાત્રે દીકરાને લઈને ભાઈ-ભાભી પાસે પહોંચીને બનેલી હકીકત કહે છે. મેઠીએ જે ભાભીની સુવાવડ સગી મા જેટલી કાળજીથી કરેલી એ ભાભી એને પોલીસની બીકે અને આબરૂની લાયમાં આશરો આપતી નથી. ત્યાંથી નીકળેલી મેઠી અથડાતી કૂટાતી ટીહાની સીમના કૂવામાં પડવા સારુ આવી પહોંચે છે. ટીહો એને કૂવે પડતી બચાવી લે છે. કંકુ અને દાનો મળીને એક નાના ઘરમાં આશરો આપે છે. મેઠા આંધળાની આગેવાનીમાં પંચ પણ મેઠીને હેરાન-પરેશાન કરે છે. તે રાત્રે બેભાન થઈ પડેલો ચુંથિયો મરી ગયો નહોતો. એટલે સાજો થયા પછી પણ મેઠીની આપદાઓ ચાલતી રહે છે. છેવટે ચુંથિયો તો મરી જાય છે. પણ મેઠી અને ટીહો એક થઈ શકતાં નથી. મેઠીનું મન માનતું નથી અને ટીહો બીજે લગ્ન કરવા તૈયાર નથી. કંકુ દાના સાથે દિયરવટુ તો કરે છે પણ એ તો દુનિયાને દેખાડવા પૂરતું જ. ઘરવટ સાચવવા દાનાએ ભાભી જોડે દિયરવટુ તો કર્યું પણ એ એકેય રીતે ધણીપણું દાખવતો નથી. કંકુના મનમાં દિયરવટુ કરવા પાછળનો એક આશય એમ પણ હતો કે પોતાને જોઈને ટીહો લગ્ન કરવા તૈયાર થશે. એમ બને છે પણ ખરું પણ દાના અને કંકુની સચ્ચાઈ તો એ બે જ જણ જાણે છે. વાલજી અને કંકુનો પુત્ર એટલે કે દાનાનો ભત્રીજો જગદીશ એ બંનેની સચ્ચાઈ જાણીને કહે છે કે જો દાનજી મારો બાપ હોત તો હું ન્યાલ ન્યાલ થઈ જાત. દાનો મજૂરી કરીને કંકુ અને જગદીશને સાચવે છે. તો કંકુ બધાની યાતનાઓ પોતાને માથે લઈને સૌને શાતા આપવાનું કામ કરે છે. કંકુ ઘણુંયે સમજાવે છે. પણ ટીહો બીજે પરણવા રાજી નથી. દરમ્યાન ટીહાને માથે મેઠી માથેનાં આળ, સવર્ણ લોકોની દાઝ અને આક્ષેપો ચાલુ રહે છે. જોકે ટીહો હારતો નથી છેવટે કંકુનો સમજાવ્યો માનીને એક બાઈ સાથે લગ્ન તો કરે છે પણ રોટલાનું સુખ મેળવીને એ શંકા, તિરસ્કાર અને ક્રોધની હોળીમાં શેકાયા કરે છે. મેઠીને ઘણી પીડા થાય છે પણ હવે એ પોતાને ટીહા માટે યોગ્ય ગણતી નથી. વાલજીનું મરણ અને કંકુની પારાવાર પીડાઓ ટીહાની જેમ મેઠી પણ પ્રમાણે છે અને એટલે ત્રણેય પાત્રો પોતપોતાનાં વ્યથાનાં વીતક વેઠવા માટે રાજીખુશી તૈયાર રહે છે. વહાલ માટે બધાંય વલખે છે પણ વિધાતાએ એમની વરણી તો વેઠવા માટે કરી છે.

એની પ્રતીતિ નવલકથાના દરેક વાચકને થાય છે.

'આંગળિયાત' તળજીવનની, માટી સાથે મહેનત કરનાર લોકોની, જીવન યંત્રણાઓને ખુમારીપૂર્વક વેઠતાં અને ખુવાર થવા છતાં પ્રેમ, સચ્ચાઈ અને નીતિને નહીં છોડતાં સાચાં મનેખની અનોખી કથા છે. કેટલાકને એમાં વસ્તુ સંકલનાના કે આકસ્મિક બનતી ઘટનાઓના તાલમેલીયાપણા વિશે પ્રશ્નો થયા છે પણ લેખકે એ ઘટનાઓને વાસ્તવની ભોંયના આધારો પૂરા પાડ્યા છે. એમાં કલ્પના નહિવત્ અને વાસ્તવ ભારોભાર છે. જોસેફ મેકવાને વારેવારે કહ્યું છે કે એ પોતે કલાને જાણે છે, પ્રમાણે છે પરંતુ એવી કલાને સિદ્ધ કરવા માટે થઈને નર્યા કલ્પના લોકમાં જઈને વાસ્તવિક જીવનને ધોખો દેવાનું એમણે મુનાસિબ માન્યું નથી. આ નવલકથામાં ઘટના-પ્રસંગોના, પાત્રો અને પરિસ્થિતિઓના અંકોડા બરાબર મળતા રહ્યા છે. પાત્રોના મનોભાવો પ્રમાણેની તળબોલી આ નવલકથાને મૂલ્યવાન બનાવે છે. તળબોલીનાં રૂઢિપ્રયોગો અને કહેવતો જોસેફના ગદ્યને વધારે સઘન અને અર્થસભર બનાવે છે.

જોસેફની બીજી નવલકથાઓમાં પણ નારીપાત્રો એમની કરુણા અને વેઠેલા કરુણ માટે વધારે ધ્યાનપાત્ર બનેલાં છે. આની સાહેદી રૂપે ઉમાશંકરે કંકુ માટે જે પ્રતિભાવ આપ્યો છે તે નોંધવો અનિવાર્ય છે –

> ''મોટી વાત છે માનવીના માંહ્યલાને અજવાળતી કલાદૃષ્ટિ, ટીહો, વાલજી, દાનો ત્રણે બંકા છે – ભગતની તો વાત ન કરીએ – કેવા માનવીઓ છે એઓ! અને સ્ત્રીઓ! મેઠી ખરી, પણ કંકુનો જોટો મળે? પન્નાલાલમાં મને લાગતું ક્યાંય લખવામાં ઇશારો પણ હશે કે તેમની નારી શરદબાબુની નારી બનવા જાય છે. ગામડું બહાનું રહે છે, રૂદયાની વાત આવે છે ત્યાં પેલી નાગરિક શરતચંદ્રીય વત્સલ પ્રણયિની ટપકી પડે છે. તમારી મેઠી શરતચંદ્રની રાજેશ્વરીની (દૂરદૂરથી) અને પન્નાલાલની રાજુની યાદ આપે ખરી, પણ એ બંને નવલકથાકારો કરતાં તમારા કલાકાર-દેહનું ઘડતર જુદું છે – તમારી મેઠી ભાંગીને ભુકકો થઈ છેવટે પાછી આખી થવા નાયક તરફ વળે છે. આ બધું કહ્યા પછી પણ હું મને પૂછું છું કે જોસેફભાઈની પ્રતિભાનું બાળ હોય એવી નારીપ્રતિમા? એ તો કંકુ, તમને માનવજીવનની જે પ્રતીતિઓ થઈ છે તેની મુદ્રા સૌથી વધુ કંકુ ઉપર ઊઠી છે. કંકુ વગર આ નવલકથા અધૂરી-અલૂણી રહેત, આ દુનિયા પણ. જોવાનું એ છે કે બે મહાન નારીઓ એક કથામાં એકમેકનો છેદ નથી ઉડાડતી. સાથે પ્રવર્તતા બે ચકની જેમ વેદનાનો સકળ ભાર વહેતાં કોઈક આત્મસાર્થક્યની પ્રસન્નતાની રેખા તેઓ સંસારપથ પર પ્રગટાવી રહે છે.'

મંજુ ઝવેરી જેવાં રૂપવાદનાં સમર્થક લેખિકાએ પણ 'આંગળિયાત'ને એની ભૂમિકાએ ખરી ઠેરવી છે. 'આંગળિયાત'ના લેખકની પ્રતિબદ્ધતા એમને ગમી છે. 'આંગળિયાત'માં રહેલા સર્જકત્વને મંજુ ઝવેરીએ પ્રતીતિપૂર્વક સ્વીકાર્યું છે. કેન્દ્ર સરકારમાં વડાપ્રધાનની ઑફિસમાં સચિવ કક્ષાએ રહેલા હસમુખ શાહ 'આંગળિયાત'થી પ્રભાવિત થઈને એના પાત્રો અને ભાષા વિશે ઉત્સાહથી વાત કરે છે.

> ''આંગળિયાતમાં બોલચાલની ભાષાનો સળંગ પ્રયોગ કરીને જોસેફભાઈએ ગુજરાતી ભાષાની સમૃદ્ધિ વધારી છે. વાતાવરણ, લાગણી, સંબંધો, ટાણાં, પ્રસંગો, માનવીના મનોભાવો અને મૂડ, આક્રોશ તથા મીઠાશ આ બધુ થોડા શબ્દોમાં સ્વાભાવિક રીતે જ વ્યક્ત થાય છે. આંગળિયાતમાં વપરાયેલા બધા શબ્દો સાર્થ જોડણીકોશમાં છે ખરા? ન હોય તો ઉમેરવા જોઈએ.''

ઉમાશંકર જોશીએ તો 'આંગળિયાત' વાંચીને જોસેફને લખેલા પત્રમાં છેલ્લે લખેલું કે – 'વ્યથાનાં વીતક'માં તો ઘણું કાચું સોનું છે. કેટલીક કથાઓ તો સંઘેડાઉતાર છે. તમને કથા કહેતાં આવડે છે – કથાને તમારો લાભ લેતાં આવડે છે. 'વહાલનાં વલખાં' તો હવે વાંચીશ એમાંય તમારા પિતાજી વિશે વાંચવા ઉત્સુક છું. પણ પહેલાં પગે લાગીશ પન્નાભાભીને, – દર્શકનો દોરવ્યો. જીતે રહો એ દુઆ પહોંચાડું. બહુજન સમાજની 'લે મિઝરેબલ' લાવો, ભાઈ જોસ્સબ! 'આંગળિયાત'ના લેખક માટે આનાથી મોટો બીજો કોઈ પ્રતિભાવ કે ઍવૉર્ડ ના હોઈ શકે.

ધવલ મહેતાએ 'આંગળિયાત'ને તથા એની કથાસૃષ્ટિ, પાત્રસૃષ્ટિ, ભાષારચના અને સામાજિક ઉદ્દેશ્યને લઈને આવકારતાં ઉચિત રીતે જ 'આંગળિયાત'ને ગુજરાતી નવલકથાનું ચોથું મોજુ કહી છે. ધીરેન્દ્ર મહેતાને 'આંગળિયાત'માં આલેખાયેલો કરુણ અને નિયતિની કઠોરતા સ્પર્શી ગયાં છે. 'આંગળિયાત' માત્ર દલિતોની કથા ન બની રહેતાં એનાં કથાવસ્તુ, આલેખન, ઉદ્દેશો અને કઠોર માનવ નિયતિના દર્શનને કારણે મુખ્ય ધારાની નવલકથા પણ બની રહે છે.

* *

'આંગળિયાત' ઉપરાંત જોસેફ મેકવાનની નવલકથાઓ આ પ્રમાણે છે –

* લક્ષ્મણની અગ્નિપરીક્ષા

* મારી પરણેતર

* મનખાની મિરાત

* બીજત્રીજનાં તેજ

* આજન્મ અપરાધી
* દાદાનો દેશ
* માવતર
* અમર ચાંદલો
* દરિયા
* સંગવટો
* ભીની માટી કોરાં મન
* અપનો પારસ આપ (લક્ષ્મણની અગ્નિપરીક્ષા ઉત્તરાર્ધ)
* ચારુશિલા

જોસેફ મેકવાનની બીજી ધ્યાનપાત્ર નવલકથાઓ ૧) 'મારી પરણેતર' ૨) 'દરિયા' ૩) 'મનખાની મિરાત' ૪) 'બીજત્રીજનાં તેજ' ૫) 'દાદાનો દેશ' વગેરેની થોડીક પરિચયાત્મક વાત કરીએ એ પહેલાં એમની બધી નવલકથાઓમાં સંગોપિત રહેતા કે પ્રગટ થતા મૂલ્યબોધની વાત કરી લઈએ. જોસેફ એકલા લેખક નથી એ કર્મશીલ પણ રહ્યા છે. એમના રોજિંદા જીવનમાંય પીડિતો માટેય કામ કરવાનું સાતત્ય રહેલું હતું. એમના વલોપાત સાંભળવાના, એમની પડખે બેસીને એમની પીઠ પસવારવાની અને એમની સમસ્યાઓ માટે પોલીસસ્ટેશને કે અનાથ આશ્રમમાં દોડી જવાનું કાર્ય એમણે સતત કર્યું છે. એમની નવલકથાઓમાં આવાં એનેક લોકો એમની કથા લઈને પાત્રરૂપે પ્રગટ થયાં છે એટલે એમની આ કથાઓ કલ્પનાકથાઓ નથી વાસ્તવમાં વેઠનારાઓની સાચકલી જીવનકથાઓ છે. એના પાયામાં જે મૂલ્ય-બોધ ધરબાયો છે તે આ પ્રમાણે છે –

૧. ખરાઈ માટે ખપી ખૂટવાની તૈયારી રાખવી.

૨. ખંત (પરિશ્રમ) કર્યા વિના જ્યવારો નથી.

૩. ખાંખત (ચીવટ) રાખીને આદરેલું પાર પાડવું.

કહે છે કે દુનિયાના મોટા લેખકોની સાહિત્ય કૃતિઓમાં માનવજીવનનો બહુકોણિય સંઘર્ષ આલેખાતો હોય છે. જોસેફ મેકવાન જેવા આપણા મોટા અને મુખ્ય ધારાના લેખક પણ અહીં એમની નવલકથાઓમાં ચારેક ભાતનો સંઘર્ષ આલેખે છે ને એ દ્વારા વાચકો માટે ચિરંતન મૂલ્યબોધનો સંકેત કરે છે –

૧. વ્યક્તિએ પોતાની જાત સાથે પણ ઝૂઝવું પડે છે.

૨. વ્યક્તિએ સામી વ્યક્તિ સામે સંઘર્ષ કરવો પડે છે.

૩. વ્યક્તિએ સમાજવ્યવસ્થા – સત્તા ને તંત્રો સામે લડતાં લડતાં વેઠવું પડે છે.

૪. વ્યક્તિએ માનવનિયતિ-વિધિ સંદર્ભે વેઠવું પડે છે.

'મારી પરણેતર'નો આરંભ થાય છે. આતીતરાગના અસ્સલ ઉમંગ વર્ણનોથી. જોસેફના બાળગોઠિયા મગનના કાચીવયના કિશોર લગ્નથી કથામાં વર અને પરણેતર સંદર્ભે જીવતરના ખેલ મંડાય છે. એક તરફ રમતની ગમ્મત છે ને બીજી તરફ કઠોર સચ્ચાઈ! બાળપણમાં ઘર ઘર રમતાં ગૌરી જોસેફની પરણેતર બનેલી. જોસેફનું મન તો સુમિમાં હતું, પણ એ જરા ભણતરે સુધરેલી હોઈને આવી રમતોમાં થોડીક અળગી-અતડી રહેલી. ગૌરી, આમ તો, દૂરની સગાઈએ જોસેફને ફોઈ થાય. બંને વચ્ચે ઉંમરનુંય અંતર. મૂળથી, ગૌરીને નાના જોસેફ પર હેત.મોઢાછૂટી ગૌરી ખર્ચે નહીં ખૂટતા – પૈસે પોસાતા અને ન્યાતમાં પુછાતા આબરૂદાર બાપની લાડકવાઈ બેટી. વહાલ અને ગુસ્સો બેઉ ગાળો વડે રજૂ કરતી ગૌરી સમજદાર, હિંમતવાળી, કોઠાડાહી અને સ્વમાને વટનો કટકો છે. જોસેફ-જસ્યાને 'મફ્ફત' કહીને હક્ક જમાવતી ગૌરી સૌને આપે છે એટલું પામતી નથી. એને કપાળે એ કઢાપા કોતરાઈને આવેલી તે નિયતિને એને નડવામાં નીચું ન્યાળ્યું નથી.

બાળલગ્નનો ભોગ બનેલી ગૌરીને આણાની ઉંમરે ખબર પડે છે કે એનો સાચુકલો પઈણ્યો તો નરદમ કુરૂપ ને કાપુરુષ છે. એ વંઠેલી વેજામાં ઘર માંડવા જેવું એક્કેય લખ્ખણ એ ભાળતી નથી. કઠોર તો એ છે કે આની ખાતરી રમતમાં ખાલી અમથો પઈણેલો જસ્યો કરાવે છે. બંનેની કૂણી જિંદગી કળીએ કળીએ કપાવાના દા'ડા આવે છે. જોસેફ ગૌરીની ભીડનો ભેરુ થાય છે, પણ ભાંગેલા ભાગ્યનો ભેરુ થઈ શકતો નથી.

આપદાઓની આંટીઘૂંટીઓમાં અટવાતી ગૌરીની રેવડી દાણાદાણ થાય છે. ગૌરી હૈયાટી જાય એવોય કપરો કાળ આવે છે. ત્યારે હૂંફ અને હૈયાપો આપનાર જોસેફ પણ નિઃસહાય થઈ રહે છે. હતપ્રભ જિંદગી – 'દુઃખનું ઑસડ દાહડા'-નો પર્યાય બની રહે છે.

પંચના પ્રપંચે મજબૂર મા-બાપ ફારગતી પૂર્વે ગૌરીને આણે વળાવવા કબૂલ થાય છે. ગૌરીના જીવતરમાં ખોયણું ચંપાય છે ને આખુંય આયખું એ બળીઝળી રહે છે. આશાઓને દફનાવીને જીવતરના ગળે પગ મકીને આણે ગયેલી ગૌરી કસાઈવાડેથી છૂટેલી ગાયની ગત્યે જીવતરમાં ઝેર ભરી પાછી પિયર પળે છે. હવે ગૌરી મનના કોટકાંગરા તોડીને જીવતી રહે છે. મા-બાપ અને જસ્યો અછોવાનાં કરે છે, પણ

ગૌરીની મર્દાઈ અને સચ્ચાઈ એનાં આ ભવનાં વેરી બને છે. ફારગતી પછીય એને યોગ્ય મુરતિયો મળતો નથી. પંચ એને વગર ગુને ડફલાવે છે. છેવટે મહાદેવ વરવાની સાંભળ્યે રૂપાળી રસમ પણ જીવનભરની સજા ગૌરી માટે ઠરાવાય છે. નહણક વલોપાત અને લોહીઉકાળાઓ વચ્ચે આશાનો સૂરજ ઊગવાની ઘટના બને છે. ગૌરી આશાની મારી કોળી ઊઠે છે... જયસિંગ રાઠોડ એની હેલ ઉતારે છે! પણ હાય રે નસીબ! બુઝાવા પૂર્વ દીવાનો એ છેલ્લે ઝળહળાટ ગૌરીનો ભોગ લે છે ને આપણે હૈયે ડામ પાડી જાય છે. રાતના બે વાગે મિશનના માસ્તર હાર્યે હાલી નીકળવાનો કૉલ ગૌરી પાળતી નથી. આબરૂદાર બાપ, બે ભાઈઓનો મનેખાવતાર તથા માસ્તરના પાદરી બનવાના ભાવિના વિચારો ભાવના બનીને ગૌરીને ભરખી જાય છે. ગૌરી વિષ ઘોળે છે. સુખનો સૂરજ ઊગતાં પહેલાં જ કાળરાત્રિનો કોળિયો થઈ જાય છે. જસ્યાની રમતની પરણેતર ગૌરી આખરે એના હાથે પેલું પાનેતર પામે છે – પણ કફનરૂપે!

જયસિંગ રાઠોડ સાથે ગૌરીના જવાના સંભવ માત્રથી અંદરથી તૂટી ગયલો જસ્યો છેવટે એકાકી જોસેફ બની રહે છે! જોસેફ નથી તો થઈ શક્યા પ્રિયતમ કે નથી થઈ શક્યા પતિ! ને તોય ગૌરી સાથે એક લાં...બો ભવ ઓછા ગાળામાં એ જીવ્યા છે; ભૂલ્યો ભુલાય નહીં એવો ભવ! પ્રિયા કે પત્ની નથી બની શકી એવી નારી સાથેની આ પ્રીત કેવી તો નોખી-નરવી છે! પ્રેમનું આ નૂતન પરિણામ આ કૃતિનો તથા ગુજરાતી નવલકથામાં અદ્યાપિ નહીં પ્રગટેલો વિશેષ છે. હૂંકના હેલ્લારા,લાહ્ય જેવી લાગણી અને માનવીય સચ્ચાઈથી ભર્યોભાદર્યો આ પ્રેમ પાવક શો પવિત્ર રહીનેય બાળવામાં કશું બાકી મેલતો નથી એ આ નવલકથાનો કરુણ છે.

સ્ત્રીએ જે પંચ તરફ લમણો વાળવાનો જ ના હોય તે પંચમાં સામે ચઢીને ગૌરી ન્યાતના કારગત્યા મેંઠા આંધળાને ગફલાણીમાં નાખતાં સવાલ-જવાબ કરે છે, એ ઘણું નોંધપાત્ર છે. એનો એકાદો સંવાદ નોંધીએ –

> 'ના, ઊં એમ નંઈ જવ. આજ હુધી અમારાં હૈયાં પર શી વીતશે એની જરાય તમા કર્યા વના તમે બઉ નિર્ણે લીધા અનં અમે મોંગા પહુની જેમ માથાં ધર્યાં...'
>
> 'તમે છોકરીનં ન અસ્ત્રીનં બે બદાંમની બાયડી જ લેખો છો એટલે મનં હાચા જબાપનીય બે બદાંમની લાયક નથી ગણતા. તો કાંનનાં બાખાં ઉઘાડીને હાંમરી લ્યો... તમારા પંચનં માથે કે'ત નંઈ આવવા દેવ, પણ એમ હમજજો કે તમે અમારો કટકો વેવાર કાપશો તો હું હાચું કે'વ છું, તમારી હૌની છાતી પર મગ દળેશ...'

ગૌરી મૂંગે મોઢે વેઠનારી નારી નથી. મહાદેવને સવર્ણોની માલિકીના ગણાવીને એને 'મા'દેવ વરવાની' વાત પડતી મેલવા કહેતા મંદિરના મહંતને એ કહે છે –

> 'તો પછી અમારા ચિયા ભગવાંન, બાપજી?'

હજ્જારો વર્ષના અંધકારને ભેદતો અબુધ ગૌરીનો આ સવાલ સાંભળી મહંત ગળચિયું ખાઈ ગયેલા. ગૌરી એમને પૂછે છે –

> 'મને એટલી અક્કલ આલો બાપુજી, હંધાય મા'દેવ તો તમારા, અમારે અમારા કોનં હમજવા?'
>
> 'આવી આભડછેટ રાખવાની વાત ભગવાંને ક'ઈ છ, બાપુજી?'

મરદ નથી પૂછી શકતા એ સવાલ ગૌરી બેલાશક પૂછે છે. મંદિરના મહંતનો દોદળો જવાબ આપણને દલિતોનો પક્ષ લેવા પ્રેરે છે. ગૌરી ભરયુવાનીમાં વેરાગણ થઈને જીવે છે. દુઃખદ તો એ છે કે એની હિંમત પણ એને બચાવી શકતી નથી. કોઠાસૂઝ પણ ભાવનાનું ભૂત વળગાડે છે... જે પોષતું તે મારતું – એવો ઘાટ ઘડાયો છે. નિયતિના ચક્કરમાં ગૌરી ખપીખૂટે છે.

'મનખાની મિરાત' નવલકથાની નાયિકા ગુણવંતી છે. ગુણવંતી જ એનું મુખ્ય અને કેન્દ્રવર્તી પાત્ર છે 'મારી પરણેતર'માં પણ સામાજિક સંત્રાસનું ચિત્ર આલેખાયું છે. એવો જ સંત્રાસ 'મનખાની મિરાત'માં ગુણવંતીએ વેઠવો પડે છે. નામ પ્રમાણે ગુણવંતી ગુણિયલ છે. પણ એના આ ગુણ જ એના દુશ્મન બનીને સામે પડે છે. ગુણવંતી સાચુ બોલે છે. જે બન્યું હોય તે સાચું કહી દે છે. કશી વાત છૂપાવતી નથી. બીજાનું હિત તાકે છે. એની આ સદ્‌વૃત્તિ જ એની વેરણ બની જાય છે. એની સચ્ચાઈના કારણે કોઈ એની સાથે રહેતું નથી, અને સાથ આપતું નથી બલકે બધા એને ખોટી પાડવા એનો વાંક કાઢવા તત્પર રહે છે. ગુણવંતી સમાજ સામે વિદ્રોહ કરી શકતી નથી. ગુણવંતીનો સગ્ગો મામો જ એને પોતાના વિધુર થયેલા જમાઈ સાથે પૈસા ખાઈને વળાવી દે છે. બીજવર ગુણવંતીને લાડ લડાવતો નથી. એની કેટલીક ટેવો ગુણવંતી સહી શકતી નથી. આગળના સંતાનો અને પછીના સંતાનો મોટાં થાય છે. વહુઓ આવે છે. ગુણવંતી સહુને પોતાનાં કરવા મથે છે. છતાં ગુણવંતીના ભાગે તો વેઠવાનું જ આવે છે. ગુણવંતીની સ્વભાવગત સારપ જેમ વેદનાઓ લઈ આવી હતી એમ છેલ્લે સુખના સમાચાર લઈ આવે છે. કથા સુખાંત હોવા છતાં ગુણવંતીએ વેઠલી યાતનાઓ વાચક ભૂલી શકતો નથી.

'દરિયા' નવલકથા પણ શોષિતોની પીડાની કથા છે. ખેતરમાં સીમ સીમાડે એકલદોકલ સ્ત્રી કે પછી તમાકુની ખળીમાં માણસોની વચ્ચેય દેખાવડી વહુ

દીકરીઓની લાજ લૂંટતા મુખી જેવા આગેવાનો કે ખળીના માલિકો જોસેફે રેખાચિત્રોમાં આલેખ્યા છે. 'દરિયા' નવલકથામાંય એવા લોકોથી પીડાતી દરિયા અને દરિયાની મા કસનાકાકીની વાત છે. કસનાકાકીએ દરિયાને પરણાવી તો દીધી હતી પણ સામેવાળા આણું કરવાની ચિંતા કરતા નહોતા. અહીં વયમાં આવેલી દરિયાને ગામના ઉતાર જેવા લોકોથી સાચવવાનું કસનાકાકી માટે દોહ્યલું બની જાય છે. છેવટે થાકેલા કસનાકાકી વેવાઈને મુંબઈ કાગળ લખવા માટે જોસેફને બોલાવે છે. એ પત્ર વાંચીએ તો પણ આપણને કસનાકાકીના સમાજની, જ્ઞાતિની અને જીવતરની પીડાની બધી જ ખબર પડી જાય છે. એ પછીય દરિયાને વેઠવાનું તો ઘણું આવે છે. વેવાઈ આણું ન હોતા મોકલાવતા એનું કારણ તો પછી ખબર પડે છે. છેવટે આણું આવે છે અને અનેક અભરખા લઈને દરિયા સાસરે તો જાય છે. એના વરનું નામ લક્ષ્મણ છે. બધા કહેતા કે દરિયા બહુ નસીબદાર છે કે લક્ષ્મણ જેવો વર મળ્યો અને મુંબઈ જેવું શહેર. પણ દરિયા સાસરે ગઈ ત્યારે ખબર પડી કે એનો વર તો માણસમાં નહોતો. એનો જેઠ બહુ કાબો અને પાછો દારૂડિયો હતો. એનો સસરો સારો માણસ પણ સાસુ સાવ નપાવટ. સાસુ દરિયાને રોજ કહેતી કે નાનો નહીં તો મોટો. ઘરનું ઘર જ છે ને જેઠ તાકીને બેઠેલો પણ જેઠાણી સારી તે દરિયાને એણે નંદવાવા ના દીધી. બીજી બીજુ લક્ષ્મણને દવાદારૂ , દોરા-ધાગા બધું ચાલતું. લોકો કહેતા કે માતાજીનાં લૂગડાં પહેરીને પવૈયો થઈ જાય તો આવતા ભવે માતાજી એને મરદનો અવતાર આલે અને દરિયા આ ભવે કાયાને સાચવી લે તો એનું કઠોર તપ આવતા ભવે ફળે. લક્ષ્મણની ઘણીયે ઇચ્છા હતી કે દરિયાને રાજી રાખવી. અરે બને તો એને બીજે વળાવી દેવા તૈયાર હતો. પણ હઠીલી દરિયા કોઈ વાતે માનતી ન હતી. આઠ મહિને દરિયા પિયર પાછી આવી ત્યારે બધાએ એક જુદી જ દરિયાને જોઈ. એની આંખોનાં પોપચાં સૂઝી ગયેલાં. એના ગોરા રંગમાં પીળાશ પેસી ગયેલી. એની વિશાળ આંખોમાં નિરાશા અને ભય દેખાતાં હતાં. રૂપાળી દરિયાનું રૂપ સાવ ઓલવાઈ ગયું હતું. ચાર-ચાર મહિના લગી દરિયાએ લખમણને નામે પત્રો લખાવેલા. પણ છેવટે ખબર આવ્યા કે અકસ્માતમાં લક્ષ્મણનું મોત થયું છે. પણ ખરી હકીકત એ હતી કે જીવનથી કંટાળેલા અને દરિયાના પ્રેમ અને વલોપાતથી નિઃસહાય બની ગયેલા લક્ષ્મણે રેલગાડી નીચે પડતું મૂકીને આપઘાત કર્યો હતો. લેખકે વિધવા દરિયાની સફેદ વસ્ત્રોમાં જડ સરખી જે છબી જોઈ હતી એ શૂળ બનીને કાયમ કાળજે ભોંકાતી રહેલી. દરિયા નવલકથા આ રીતે રચાઈ હતી.

'બીજ-ત્રીજનાં તેજ' જરા જુદા પ્રકારની નવલકથા છે. ચોરી-ચપાટી અને લૂંટફાટનો ધંધો કરનાર ચરોતરના વાઘરી સમાજની તથા એની 'ચૌર્ય' કળાની વાત કહેવાઈ છે. ચોરીની અનેક રીતરસમો અહીં બતાવેલી છે. પોતાનો સાથી ચોર જો પકડાઈ જાય તો જોડેવાળા એનું માથું વાઢીને લઈ જાય, બાળી મૂકે. પોલીસ ગમે એટલું મારે તો પણ કબૂલ ન કરે. માથું વઢાવેલા એવા એક ચોરનો દીકરો રવિશંકર મહારાજને લોકો ભાળવી દે છે. એનું નામ ભૂપત. રવિશંકર મહારાજ ભૂપતને સ્વર્ગસ્થ શિવાકાકાના બોચાસણ ખાતેના ગાંધીઆશ્રમમાં મૂકી આવેલા. ભૂપત ત્યાં રહીને ભણે. રવિશંકર દાદા પાટણવાડિયાઓને તો સુધારી શકેલા પણ વાઘરી કોમને એવા કોઈ ગોર મળેલા નહીં. ભૂપત ભણ્યો અને વયમાં આવ્યો. ત્યારે એને એના સસરાનો પરિચય થયો. ભૂપત બહુ નાનો હશે ત્યારે એના બાપાએ વેલજી વાઘરીની દીકરી પૂનમ સાથે એનું બાળલગ્ન કરાવેલું. વેલજી તો મહાભારાડી ચોર હતો. ક્યારેક કાગળ લખવા-વાંચવા જોસેફને એ બોલાવતો. કાગળોમાં પણ વેલજી કોડવર્ડ લખાવતો જેનો અર્થ એ અને સામો માણસ બે જ જાણે. પાઘડી બાંધવા જવાનું છે, મામેરું ભરવાનું છે, મોકાણે જવાનું છે, તેરમું કરવા જવાનું છે. આવા ભારાડીને ભૂપત જેવો ભણેલો જમાઈ દુશ્મન જેવો લાગે છે. એ એને કહે છે કે ચોરી કરી બતાવે તો જ મારી દીકરી વળાવું. શરૂમાં તો પૂનમ પણ એમ જ માને છે. પણ વખત જતાં એને થોડો ખ્યાલ આવે છે. આઝાદી મળી ગયાનાં થોડાં વર્ષો પછી ભૂપત પોતાને ગામે ગયો ત્યારે એને ખ્યાલ આવ્યો કે આખું ગામ બદલાઈ ગયું છે. પણ ગરીબોના વાસ એના એ જ રહ્યા છે. પાડા પાળીને ગુજરાન ચલાવતા વાઘરીઓની આવકને શ્વેતક્રાંતિ ખાઈ ગઈ હતી. નોકરી કરતો ભૂપત પાછો બોચાસણ આશ્રમમાં પહોંચે છે ત્યારે શિવાકાકાને પૂછે છે – 'કાકા તમે અને અહીં આવતા બધા નેતાઓ સૌ આઝાદીનાં ગાણાં ગાતા થાકતા નથી તે બતાઓ તો ખરા કે ક્યાં આવી છે આઝાદી? ગામમાં ઉજળિયાતના ઘરોમાં તો તે આવી એ દેખાઈ પણ અમારા વાસમાં તો એ ડોકાઈ સુધ્ધાં નથી. તે હેં કાકા આઝાદી એ અમને ન્યાતબહાર મેલ્યા છે કે પછી એ અમુક વર્ગની જ બંદીવાન બની ગઈ છે?' શિવા ગોકળ પાસે આનો કોઈ જવાબ નહોતો. 'બીજત્રીજનાં તેજ' નવલકથાનો ઉદ્દેશ્ય આમ તો સમતામૂલક સમાજવ્યવસ્થા રચવાનો છે. જ્યાં સુધી ગરીબોના ઘરમાં જીવન જરૂરિયાત સઘળી ચીજો નહીં પહોંચાડી શકાય ત્યાં સુધી ચોરી, લૂંટફાટ જેવાં દૂરિતો દૂર નથી થવાનાં. સમાજનો એક વર્ગ ઉપભોગ કરે અને બીજા વર્ગને કશુંય જોવા ન મળે એ વ્યવસ્થા બદલાવી જ જોઈએ. આ અર્થમાં આ નવલકથા ઉદ્દેશપ્રધાન અને પ્રતિબદ્ધ છે. અહીં પણ જોસેફ મેકવાનનું અનુભવ જગત કામે લાગ્યું છે.

'લક્ષ્મણની અગ્નિ પરીક્ષા' અને એનો બીજો ભાગ 'અપનો પારસ આપ' બે ભાગમાં લખાયેલ હોય એવી જોસેફની આ એક માત્ર નવલકથા છે. એનું કથાવસ્તુ પણ દલિત સમાજથી, જુદા પડીને એક આદર્શ ખ્રિસ્તી કુટુંબને આલેખે છે. ખ્રિસ્તી ધર્મને વટાળ પ્રવૃત્તિ કહેનારાઓ ઉપર અહીં પરોક્ષ રીતે કટાક્ષ કરાયો છે. આ કથાના કેન્દ્રમાં શશીકાન્ત પરમ મિત્રની વિધવા બનેલી પત્ની સરિતા સાથે દિયરવટું કરીને આજીવન બ્રહ્મચર્ય પાળવાની કઠોર પ્રતિજ્ઞા લીધેલી અને તે આચરી પણ જાણેલી તેનું વર્ણન છે. આ કથામાં લેખકે કેટલાક પડકારો ઉપાડવાના હતા એમની સામે બે નકરા વાસ્તવ જીવનના અનુભવો હતા. જોસેફના પિચરાઈ પરિવારનો ભાણેજ તે શશીકાન્ત. એના જીવનમાં આ બનાવ બન્યાની સવિસ્તર નોંધ લેખકને મળેલી. બીજી તરફ એમના મનમાં સ્વામી સચ્ચિદાનંદ જેવા સાધુ પુરુષનું જીવનદર્શન પણ હતું. સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મચર્યને વ્યર્થ અને કામેચ્છાને દેહધર્મ માને છે. જ્યારે આજનો સમાજ બ્રહ્મચર્યને નૈતિક મૂલ્ય ગણીને પ્રતિષ્ઠા આપે છે. આ બધાની સામે જોસેફને ખ્રિસ્તી ધર્મના સાધુજનોમાં નિષ્ઠાપૂર્વકનું બ્રહ્મચર્ય, અપરિગ્રહવાળું જીવન અને વિનમ્ર આજ્ઞાંકિતતા સફળ રીતે આચરાયેલાં જોવા મળ્યાં હતાં. આ બધાનું મનોમંથન કરીને જોસેફે શશીકાન્તનું શીલ આલેખ્યું હતું . 'આંગળિયાત' પહેલાં આ નવલકથા લખાઈ હતી પણ પ્રગટ એના પછીના વર્ષમાં થઈ હતી. એનો બીજો ભાગ 'અપનો પારસ આપ' તો ચૌદ વર્ષ પછી લખાઈ હતી. બીજો ભાગ લખાવવા માટે થઈને એક જૈન ગ્રુપના મિત્રોએ જોસેફને ૧૯૮૮માં અમેરિકાની રિટર્ન ટિકિટ કરી આપેલી. કથાના ચાર જીવંત પાત્રો એટલાન્ટામાં હતાં. જોસેફ એમને રૂબરૂ મળે છે. અને પોતાની રીતે કથા આગળ ચલાવે છે. ડૉ૦ અલ્પેશને એ કાળે ખબર પડે છે કે શશીકાન્ત એનો સાચો બાપ નથી. એની માતાએ દિયરવટું કરેલું એટલે એ શશીકાન્ત અને માતા બન્નેને તિરસ્કારતો હતો પણ જ્યારે એને ખબર પડી કે શશીકાન્તે તો બ્રહ્મચર્ય પાળીને સરિતાના શીલની રક્ષા કરી હતી, ત્યારે અલ્પેશને ખૂબ પશ્ચાત્તાપ થાય છે. આખી કથા રસાળ શૈલીમાં લખાઈ છે. વિચારતત્ત્વનો થોડો ભાર અને લેખકનું ઝાંખુંપાંખું ખ્રિસ્તીધર્મ વિશેનું દર્શન કથાપ્રવાહને મંદ પાડે છે. એક રીતે કહીએ તો આ નવલકથાના લેખને જોસેફની કલમને ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

'આજન્મ અપરાધી ' નવલકથા પણ જોસેફે વાસ્તવ જીવનમાં અનુભવેલી – વધારે સ્પષ્ટ રીતે કહીએ તો સાક્ષીભાવે જોયેલી કથાનું આલેખન છે. પેતાના એક વિદ્યાર્થીને સુધારવા અને સન્માર્ગે વાળવા બહુ પ્રયત્નો કરેલા પણ એ વિદ્યાર્થીનો બાપ રેલ્વેમાં ટી.સી. હતો અને ભ્રષ્ટ કમાણી એનો મુદ્રાલેખ હતો અમે ભણવામાં હોંશિયાર દીકરાને સરખી રીતે ભણવા પણ ન દીધો. બાપે આ છોકરાને અમેરિકા મોકલવા બીજાં અનેક કાળાંધોળાં કામ પણ કર્યાં. આમ એક નાલાયક બાપનો દીકરો અમેરિકા જઈને વધુ બગડે છે અને જિંદગી વેડફી નાખે છે. દીકરાની જિંદગી વેડફનાર બાપને જરા પણ વસવસો થતો નથી. જોકે છેવટે બાપ આત્મહત્યા કરીને મરી જાય છે. અસદ્ માણસને છોડતું નથી એવું દર્શન રજૂ કરતી આ સામાજિક નવલકથા કલાગુણ ઓછો ધરાવે છે પણ એમાં આપણા ભ્રષ્ટ સમાજ જીવનની છબીઓ જોવા મળે છે. જોસેફ કેળવણીનાં પાંચ પરિબળોને મહત્ત્વનાં ગણતા અને વિદ્યાર્થીઓને એ માર્ગે જવા પ્રેરતા. આ પાંચ પરિબળો તે – ઘર, સમાજ, શાળા, સંસ્કૃતિ અને પ્રકૃતિ. અમાં પહેલું પગથિયું ઘર જો ભ્રષ્ટ હોય તો બાકી બધાં નિષ્ફળ નીવડે છે. આ લેખકનો શિક્ષક તરીકેનો અનુભવ એકલદોકલ અપવાદ સિવાય સફળ રહ્યો છે અને જિંદગી જીવ્યાનો હરખ બન્યો છે.

આ પછી પણ જોસેફની પાંચ-છ નવલકથાઓ આવી છે. 'સંગવટો'માં જીવનમૂલ્યોના જતનની વાત છે. સ્ત્રીપુરુષની સ્વાયતત્તા ત્યારે જ સફળ થાય જ્યારે બંનેમાં પ્રેમ અને સમર્પણની માત્ર ભાવના જ નહિ, પણ એનું આચરણ પણ હોય. 'ભીની માટી કોરાં મન' નવલકથામાં ભાઈઓ વચ્ચેની વધતી જતી દૂરતાની વાત કેન્દ્રસ્થાને છે. એક ગરીબ ઘરનો દીકરો ઊંચું ભણતર પામ્યો – આગળ વધ્યો, કુટુંબની કાળજી લેવા પ્રયત્નો કરવા ભાઈઓનો સાથ માગ્યો પણ ભાઈઓના મન જુદાં થઈ ગયાં હતાં. ત્યારે ભણતર પામનાર દીકરાને થાય છે કે પોતે તો કુટુંબમાંથી મૂળ સાથે ઉખેડાઈ ગયો છે. આપણા સમયમાં આ અનુભવો એકલા જોસેફના કથાનાયકનો નથી પણ ભણીને બહાર નોકરી કરતા આપણા જેવા સૌ કોઈનો છે.

'દાદાનો દેશ', 'માવતર', 'અમર ચાંદલો' અને 'દરિયા' – આ ચારેય કથાઓ ધ્યાનપાત્ર લઘુનવલો બની રહી છે. ચારેય કૃતિઓમાં પુરુષપ્રધાન સમાજમાં ભીંસાતી-રીબાતી યુવતીઓની વ્યથા છે – વેદના છે વ્હાલ માટેની તરસ છે અને સમાજ સામેનો વિદ્રોહ પણ છે. 'માવતર'માં યુરોપથી આવેલી એક નારી ભારતીય યુવતીઓની લાગણીઓ અને વેદનાઓને સંવારવાની કોશિશ કરે છે. એની પેતાની વ્યથાકથા પણ આસ્વાદ્ય છે. 'દરિયા' નવલકથામાં દરિયાની મા એના દલિત સમાજ સામે હિમ્મતપૂર્વક ઝઝૂમે છે. પોતાની દીકરી દરિયાને વેળાસર આણું કરીને નહિ તેડાવતા મુંબઈગરા વેવાઈને દરિયાની માએ લખેલો પત્ર ઘણું બધું કહી જાય છે –

એતાન શ્રી મમઈ(મુંબઈ) મધે અમારા ઘણાક મોટા ચેહરિયા વેવાઈ મંગાજી મોટા. તમારાં વેવાણ કસના તથા દીકરીવહુનાં પાયે લાગણ.

વેવાઈ મંગાજીને માલમ થાય કે તૈણ્ય વરહાંથી તમનં હંદેહા મોકલાઈ નં થાચી પણ નથી તમે મગનું નામ મરી પાડતા, નથી કશો મોંનો મોખ આલતા. ઊં બઈ માણહ, બે છૈયાં મેલીને તમારાં વેવઈ ગતે થયા તે આ આખો જલમારો રંડાપો ગારી નાંછ્યો. તમે જાન લઈનં આયા તાર સધિયારો દીધેલો કં ઊં બાર-સામરથ બેઠી છઉં તાં લગણ તમારે કશી વાતે ચંત્યા ન'ઈ કરવાની. અ'વે તમે દેશાવર જેટલા આઘા ર'યા અનં અમો અહીં ગામની પરવાડે પડ્યાં રે'ઈએ. દાડી-રાત્ય તલાવમાં રે'વાનું અનં એમાં ગળી જાય તો હોધ્યાં ના જડીએ એવા મગરમચ્છ. તમ હરખા રામ જેવા વેવઈ જીવતા જાગતા હોય તાં અમારે રાવણનો તો શો ભો પણ સીતાનાં રખવાળાં કરવા લખમણ ચ્યાંથી લાવવા? આજ હુધી સૂરજ હરખાનં મેં મારી ડીચરીનું રૂપ જોવા નથી દીધું મારાથી બન્યું તાં હુધી એની ઉપર્ય માછ્ય(માખી) હરખી બેહવા નથી દીધી, પણ ભૈસાબ વીહ વરહાં તો બઉ કે'વાય. આ પે'લો હંદેહો મેં કે'વડાયો નં તરત તમે આણાની માટલી મોકલી હોત તો અત્તારે તમારી નં મારી આંછ્યો ઠરત એવું ઘોડિયું તમારા આંગણે ઝૂલતું હોત. માટે કરીને વેવાઈ, ભગવાનની ગોડે વા'રે ધાવ અનં તમે તમારું માંણહ તેડી જાવ. હમજી લીજો આટલું આણું ઓરાવવા જ ઊં જીવતી છો, બાચી ચેદા'ડાનીય દલપતના બાપ જોડે જતી ર'ઈ હોત. ઝાઝું શું લખાવવું વેવઈ! લાજ રાખવી તમારા હાથમાં છ. આ કાગળ મલ્યાના એક મહિનામાં તમારા ભણીથી હાકર-ખારેકની માટલી નંઈ આવ તો અમે બેય મા-દીકરી વડલાવારો કૂવો વહાલો કરી લેઈશું કાં વખડાં ધોળીશું મરવાનો જ દન આવશે તો મરતાં મોર્ય કૂવાના કડાએ તમ જોગો બીજો કાગળ લખાઈનં બંધાવતી જૈશ. આ કાગળ નં કંકોતરી ગણો તો તે અનં જાહો ગણો તો તે. બસ્ય વેવઈ, થોડું લછ્યું ઘણુંય કરી માનજો.'

'દાદાનો દેશ' પ્રેમ અને કરુણને ઉપવાસાવતી ઊર્મિકાવ્ય જેવી હૃદયસ્પર્શી લઘુનવલ છે. દાદીના સથવારે મોટી થતી ભલીભોળી છોકરી વેપારીના દીકરાના પ્રેમમાં પડે છે અને દુઃખદાયક સ્થિતિમાં મૂકાય છે. છેવટે અન્યત્ર આશરો મેળવીને દીકરીની મા બનતી એ યુવતી સંઘર્ષપૂર્વક ઝઝૂમે છે પરતું એક દિવસ એની નાની દીકરી એને પૂછે છે કે – 'મા આપણે દાદાના ઘેર કેમ નથી જતાં, મને દાદાનો દેશ બતાવને – ' ત્યારે નાયિકા અંદરથી ભાંગી પડે છે.

જોસેફની નવલકથાઓમાં સૌથી વધુ વેઠતાં અને સંઘર્ષ કરતાં નારીપાત્રો સવિશેષ ધ્યાનપાત્ર છે. જોસેફ આ સંદર્ભ કહે છે તે નોંધીએ – ''આ બધી કથાઓનો તારસ્વર છે નારી. નાભિકેન્દ્ર છે સ્ત્રી. એક દાયકાના કૂવાના સહવાસે હું કહી શકું કે યત્‌કિંચિત અને યથામતિ હું એ મારી બાળકિશોર સખીઓનાં ભીતર ભાળી શક્યો છું. નમાયો હોવાને લીધે મારી રોજની ખોજ રહી છે જનેતાની, માની મમતાની. મારો આ ભાવ અનેક માતાઓએ પોષ્યો. મારી અભણ સખીઓએ એમની વિપદાઓમાં પળોટીને મને અઢળક આપ્યું છે. એમનાં સુખદુઃખના અનુભવોએ મને ઘડ્યો છે. મારામાં એમણે સમાન અનુભૂતિનો ભંડાર ભર્યો છે. આ બધાના કારણે હું જાતિ, વર્ણ, રંગ, ઊંચનીચના ભેદોથી પર બનીને માત્ર માણસ બન્યો. સાચો કે ખોટો એ તો મારી કથા-વારતાઓ તમને કહેશે.'' (જિંદગી જીવ્યાનો હરખ, પૃ૦ ૨૫)

જોસેફની નવલકથાઓ, કથાકથન, ચરિત્રચિત્રણ, સંઘર્ષનિરૂપણ, જીવંત પરિવેશ વર્ણન અને પાત્રોના માનસને આબેહૂબ પ્રગટ કરતી તળબોલી – જેવા વિશેષોથી ભાવકોને આકર્ષતી રહી છે. કલાની ખેવના ઓછી કરીનેય જોસેફે સાચકલા જીવતરને ન્યાય કરવા સાહિત્યસર્જન કર્યું છે એમ પ્રતીત થયા વગર રહેતું નથી.

❐

૫.

ટૂંકીવાર્તાઓ વિશે

“વાસ્તવવિકતાનું નિરૂપણ કરતી વખતે એકમાત્ર કળાને જ પ્રાધાન્ય આપવાનો ઇરાદો ના હોવો જોઈએ અને જીવતરને ધોખો દેવો પડે તેવી કળા ન હોવી જોઈએ... મારું સર્જન એ બીજું કાંઈ નથી, પણ મેં ભોગવેલી અને મારા સમાજે ભોગવેલી વેદના છે... સામાજિક પરિવર્તનમાં ક્યાંય કારગર ન થવાનું હોત તો લખવાનો અર્થ નથી... લખતાં લહિયો થાય છે, એમ લખતાં-લખતાં જ લેખક નીવડે છે... નિષ્ઠા, ઈમાનદારી અને સત્યથી સહેજ પણ ન ચળવું... પ્રજાનો નાશ માત્ર કતલથી જ નથી થતો – ચેતના પર થતી ઘાતથી પણ થાય છે... આપણે આથમી જઈશું, પણ નવી પેઢી તો આવવાની જ છે, નવી પેઢીને આ ક્ષેત્રમાં તકલીફ ના પડે – ઈમાનદાર, પ્રતિબદ્ધ અને નિષ્ઠાવાન લેખકો માટે – તે માટે સક્રિયપણે કંઈક કરવું પડશે... કઠોર વાસ્તવિકતામાં કલ્પનાને ક્યાં અવકાશ છે?”

– જોસેફ મેકવાન

૧૯૫૫થી ૧૯૬૫ના એ વરસોમાં ચરોતરના જાણીતા લેખક ઈશ્વર પેટલીકર આણંદમાં રહેતા હતા. જોસેફ એમના પરિચયમાં આવેલા બે-પાંચ દા'ડે નિયમિતપણે એમને મળવા જતા. પેટલીકરના સાહિત્ય વિશેના વિચારો તથા સમાજ પ્રત્યેની પેટલીકરની પ્રતિબદ્ધતાને જોસેફ સમજવા મથતા. વાર્તાલેખનના પાઠ જોસેફને અહીંથી પણ શીખવા મળ્યા છે. જોસેફને યશ અપાવનાર એમનું પ્રથમ પુસ્તક ‘વ્યથાનાં વીતક’ તો ચરિત્રનિબંધોનો સંચય છે. એ નોંધવું જોઈએ કે જોસેફે સાહિત્યલેખનની શરૂઆત તો વાર્તાથી કરી હતી. વાર્તાલેખનની શરૂઆતમાં જોસેફને કડવો અનુભન થયેલો. ૧૯૬૩ની આસપાસનું એ વર્ષ હશે. જોસેફ ‘ઘરનો દીવો’ નામે વાસ્તવલક્ષી વાર્તા લખી અને ‘નવચેતન’ના તંત્રી ચાંપસી ઉદ્દેશીને મોકલી હતી. ‘વાર્તા તો સારી છે પણ વાર્તાના આ પ્રકારના અંતનો ખાસ મતલબ રહેતો નથી’ – આવી કોઈ નોંધ સાથે વાર્તા પરત આવેલી. વિધવા ડોસીની જુવાનીમાં વિધવા થયેલી પસીવહુ પહેલા ખોળાના, માંડ વર્ષએકના દીકરાને લઈને પટેલના તમાકુના ખેતરમાં પીલા કાઢવા ગઈ હતી. કડકડતી ઠંડીમાં દીકરાને ઝાડની ડાળે ઝોળીમાં લટકાવીને પસી પીલા કાઢે છે. એની મજબૂરી એ છે કે એ કામ આગળ દીકરાની કાળજી લઈ શકતી નથી અને છેલ્લે દીકરા પાસે પહોંચે છે ત્યારે દીકરો ઠંડીમાં ઠુંઠવાઈ ને મરી ગયો હોય છે. આખા દિવસની એક રૂપિયો મજૂરી અને મૃત દીકરાને લઈને ઘેર પહોંચેલી નિઃસહાય પસી લાચાર સાસુને કહે છે – લ્યો આ તમારો ‘ઘરનો દીવો’. ડોસી એક રૂપિયો અને મૃત પૌત્રને અસહાયતાથી જોઈ રહે છે. વરવા વાસ્તવની, અમાનવીય અને નિર્બંધ શોષણની આ વાર્તા ચાંપસી ઉદ્દેશીને માફક ન આવી. એમને જોઈતી હતી ધોરણોને અનુસરતી અને પ્રાસાદિક અંત વાળી વાર્તા.

તંત્રીના આવા વલણથી જોસેફ કલાવાદીઓ ઉપર ખાસ્સુ અકળાયેલા. ગુસ્સામાં એમણે પેનની નીબ ભાંગી જાય એમ પથ્થર પર ઘસી અને એનો ઘા કરતાં ‘પણ’ લીધેલું કે ‘હવે હું નહીં જ લખું!’ જો હું જે વરવા સત્યો સાહિત્યમસે બહાર લાવવા ઝંખું છું તે હેતુ જ ન સરતો હોય તો મારે કલમ ઘસવી શા માટે?’ એ પછી જોસેફે પ્રેમચંદજી અને શરદબાબુ જેવા લેખકોને ફરી ફરીને વાંચ્યા. એમને પ્રતીતિ થઈ કે મેં વાર્તા માટે લીધેલો મારો રસ્તો સર્વથા યોગ્ય છે. પોતે આધુનિકોના કળાવાદને નહીં અનુસરે. એ તો પોતાની આસપાસના નકરા વાસ્તવને જ આલેખશે. એ પછી બરાબર સોળ વરસે જોસેફે વાર્તા અને રેખાચિત્રથી સાહિત્યજગતમાં નવેસર પ્રવેશ કર્યો. જોકે ઘટના નોંધવી જોઈએ કે ‘ઘરનો દીવો’ વાર્તા પરત આવ્યાનાં દશબાર વર્ષ પહેલાં (૧૯૫૪ અને ૧૯૫૬માં) તેર-ચૌદ વરસની વયે બે કાચી-પાકી વાર્તાઓ લખવાના પ્રયત્નો કરેલા. પોતાના વર્ગમાં ભણતી ફૂલ જેવી કોમળ અને પરી જેવી રૂપાળી માલવિકા ટાઇફોઇડ નામના રોગમાં મરી ગઈ એની યાદ મનમાંથી કેમેય જતી નહોતી એટલે ‘ગેંગડીના ફૂલ’ નામે વાર્તા લખેલી. ૧૯૫૪ના ‘સવિતા’ સામયિકમાં યશવંત મ૦ના નામે છપાઈ હતી. આ જ વાર્તા ‘કાયાપલટો’ અને ‘મંગલ મંદિર’ શીર્ષકથી થોડા થોડા ફેરફાર સાથે ફરી લખેલી. ૧૯૫૬માં ‘મૈત્રીની વિડંબના’ નામે એક વાર્તા અશોક હર્ષે ‘ચાંદની’માં છાપી હતી. એમને ખરી પ્રેરણા આપનાર અશોક હર્ષ હતા. આ પછી જોસેફ પેટલીકરને નિયમિત મળવા જતા હતા. ૧૯૭૮ની આસપાસથી જોસેફ રેખાચિત્રો લખવાનું શરૂ કરે છે. એમને પ્રોત્સાહન આપનારા વાચકો મળી રહે છે. ૧૯૮૧માં ‘મારું કોણ’ વાર્તા લખાઈ અને ‘નવનીત સમર્પણ’ના દીપોત્સવી અંકમાં છપાઈ. સ્થૂળ અનુભવોની આ વાર્તા સંવેદનની સૂક્ષ્મતા પણ ધરાવતી હોવાથી ઘણાને સ્પર્શી ગઈ હતી. કાયર બાપે ગુણીયલ પત્નીને ફારગતી આપી દેતાં એનો ચૌદ વર્ષનો કિશોક પુત્ર ડઘાઈ જાય છે. એની વ્યથા-વેદના એના જીવનને નંદવી નાંખે છે. ચંદુ મહેરીયા, ઇન્દુકુમાર જાની અને ભાનુભાઈ અધ્વર્યુ તેમજ કેશુભાઈ દેસાઈ જેવા મિત્રો

જોસેફને આગ્રહ કરીને લખાવે છે. આધુનિકતાના ઘટતા જતા દાબવાળાં એ વરસોમાં જોસેફ એક નવા તળપ્રદેશને, એમાં જીવતા શોષિત, પીડિત વર્ગના લોકોની વ્યથા-વેદનાઓ વાર્તા અને ચરિત્રરૂપે લખીને ગુજરાતીમાં દલિત સાહિત્યનો પાયો નાંખે છે. પોતે વેઠ્યું છે અને વેઠનારાઓની વેદનામાં ભાગ પડાવ્યો છે એટલે જોસેફના લેખનમાં સચ્ચાઈ પ્રગટે છે. જીવનની સચ્ચાઈને ગ્રામીણ પરિવેશમાં ઉપેક્ષિતોની તળબોલીમાં જોસેફ આલેખે છે અને જોતજોતામાં એક મહત્ત્વના લેખક તરીકે પ્રતિષ્ઠિત પણ થાય છે.

જોસેફના વાર્તાસંગ્રહો આ પ્રમાણે છે –

(૧) સાધનાની આરાધના

(૨) પન્નાભાભી

(૩) આગળો

(૪) ફરી આબાં મહોરે

(૫) આર્કિડનાં ફૂલ

(૬) બીજી બોણી

આ સંચયોમાંથી ચૂંટેલી વાર્તાઓનો એક સંચય 'જોસેફ મેકવાનનો વાર્તાલોક' (સં૦ ગુણવંત વ્યાસ) નામે પ્રગટ થયેલો છે. એમની વાર્તાઓના અંગ્રેજી અને ભારતીય ભાષાઓમાં અનુવાદો થયા છે.

પોતાની વાર્તાઓ વિશે જોસેફ નોંધ છે – 'હું સઉદ્દેશ લખું છું, મારી વાર્તાઓ દ્વારા મારે કંઈક કહેવાનું હોય છે. આ કહેવા કે સ્વીકારવાથી મારા રચનાકર્મની સાહિત્યમાંથી બાદબાકી થઈ જવાની હોય તો ભલે તેમ થાય. પણ તેથી કરીને મારાથી જીવતરના સત્યને નહીં અવગણી શકાય.' 'મારા લેખનનો આરંભ આમ તો વાર્તાથી જ થયો હતો. મારો મનગમતો સાહિત્યપ્રકાર પણ વાર્તા. જોકે વધારે જાણીતો બનાવ્યો મારા રેખાચિત્રોએ. પણ વાર્તાને મેં હંમેશાં સબળું સાધન માન્યું છે.' 'મારાં મૂળ રસ રુઝાન વાર્તાનાં, પણ રેખાચિત્રો આલેખવાની ફાવટ ઝાઝી ફોર એટલે વાર્તા લખવાનું મન છતાં એ લખાય છે ઓછી.' 'કોઈ ચરિત્ર મનમાં ભમતું હોય ત્યાં સુધી વાર્તાને એ નજીક ઢૂંકવા દેતું નથી. રેખાચિત્ર લખવામાં ખાસ્સી મર્યાદાઓ જાળવવાની હોય છે. કેટલીક ચાંપ રાખવાની હોય છે. વાર્તામાં યાદૃચ્છિક વિચારણાની સરળતા છતાં હું માનું છું કે ટાઢે કોઠે વાર્તા ઊતરતી જાય તો જ એ સારી વાર્તા.'

રેખાચિત્રો અને નવલકથાઓની જેમ જોસેફની વાર્તાઓમાં પણ ઓડ, ઉમરેઠ. ડાકોરની આસપાસનો પીડિતો, શોષિત સમાજ એમની સમસ્યાઓ સાથે વિશેષ કરીને પ્રગટ્યો છે. અલબત્ત રેખાચિત્રોમાં છે એમ વાર્તાઓમાં પણ સાચકલા જીવનની દાહક પીડાઓ છે. એટલે આ વાર્તાઓ પણ કોઈ એક સમાજના નિમિત્તે, આમ તો સમગ્ર માનવ સમાજનું પ્રત્યક્ષ કે પરોક્ષ આલેખન કરે છે. જોસેફ જીવનના વાસ્તવને આગળ કરે છે. ઘટના અને પ્રસંગોની આનુપૂર્વી સરસ રીતે ગોઠવે છે. પાત્રોની મનઃસ્થિતિ અને એને ઉજાગર કરી આપતી લોકબોલી એમની વાર્તાની વિશેષતા બની રહે છે. અગત્યનો મુદ્દો એ છે કે જોસેફની વાર્તાઓ પણ મોટે ભાગે ચરિત્ર પ્રધાન વાર્તાઓ છે. આ વાર્તાનાં પાત્રો સાચાં મનેખ લેખે પોતાની વ્યથા કથા લઈને જોસેફને મળવા આવી ગયેલાં પાત્રો છે. જોસેફ પાત્રોનાં રૂપ ગુણનું આલેખન કરે છે. નારીઓના દેહલાલિત્ય અને રૂપનું રંગદર્શી વર્ણન પણ કરે છે. પણ એ પછી એ પાત્રોને અકારણ જે વેઠવું પડે છે એની વાત આલેખતાં એ કઠોર નિયતિનું દર્શન પણ કરાવે છે. ટૂંકીવાર્તા હમેશાં ચુસ્તી કરકસર, સંગોપન અને સંકેતોની કળા છે. આની સામે જોસેફ પોતાની વાર્તાઓમાં ઘટનાબાહુલ્ય, વર્ણનપ્રાચુર્ય અને પાત્રોની પીડાઓનું પ્રત્યક્ષ આલેખન કરવાનું પસંદ કરે છે. આથી એમની વાર્તાઓ એમનાં ચરિત્રોના મુકાલબે અને વાર્તાકળાના સિદ્ધાંતો પ્રમાણે વિવેચકોને થોડી ઊણી ઉતરતી લાગી છે. જોસેફ આ સત્યને જાણે છે, સ્વીકારે પણ છે પરંતુ એમનો લેખનહેતુ વાસ્તવજીવનના નિરૂપણનો હોવાથી એ પોતાની વાર્તાલેખનની રીતિને વળગી રહે છે. એમના છ સંગ્રહોની કુલ પંચાણું વાર્તાઓમાંથી પચીસથીયે વધુ વાર્તાઓ તમામ કસોટીએ ખરી ઉતરે એવી બની આવી છે. એમાંથી થોડીક વાર્તાએ આ પ્રમાણે છે – પન્નાભાભી, કાંધનો હક, સાવિત્રી, બાપનું લોંય, ચોથી શરત, મરઘો, વાંઝિયો આંબો, આર્કિડનાં ફૂલ, ગોવિંદો, ઘરનું ઘર, ફરી આંબા મહોરે, આઝાદીના લાડવા વગેરે.

'પન્નાભાભી', 'સાવિત્રી' અને 'કાંધનો હક' જેવી વાર્તાઓ સુદીર્ઘ હોવા સાથે ચરિત્રપ્રધાન વાર્તાઓ છે. યાતનામય જીવનની સંઘર્ષપૂર્ણ ઘટનાઓમાંથી પસાર થતાં આ પાત્રો વિશે લેખક માંડીને વાત કરે છે. 'પન્નાભાભી' વાર્તા લેખકના કાકા-કુટુંબમાં બનેલી ઘટના પર આધારિત છે. મૂળે તો એ ચરિત્રનિબંધ તરીકે પ્રકાશિત થઈ હતી. પણ એનું એક કેન્દ્ર કથાવસ્તુ અનેક ઘટનાઓ વડે પન્નાભાભીના જીવન સંઘર્ષને સઘનતાથી અને સટીક રીતે આલેખે છે. એટલે દર્શક જેવા નવલકથાકારે એને લાંબી ટૂંકી વાર્તા તરીકે ઉચિત રીતે જ બિરદાવી છે. આપણે એને લઘુનવલ કહી શકીએ એવી એમાં ગુંજાઈશ છે. પન્નાભાભીની સંઘર્ષકથા અને લેખકની મનના ઊંડાણને આલેખતી ભાષા પન્નાભાભીને લઘુનવલના દાયરામાં લાવી મૂકે છે.

પન્નાભાભી પરણીને પહેલે આણે સાસરે આવે છે. ગરીબ ખોરડામાં ન સમાય એવું રૂપ લઈને આવે છે. વાર્તાનો લેખક પોતે જ કથક છે અને એક પાત્ર પણ છે. પન્નાભાભી જોસેફના કાકાના દીકરા ઈશ્વરની વહુ તરીકે આણે આવી છે. મુંબઈથી તેડાવેલો ઈશ્વર કમને આણે આવેલી વહુને મળવા વતનગામ આવ્યો છે. પન્નાના રૂપને એ તો જોતો પણ નથી. રૂપાળી વહુની અવમાનના અને ઉપેક્ષા કરીને ઈશ્વર તો પાછો ચાલ્યો જાય છે. પન્નાભાભીથી અડધી ઉંમરનો જોસેફ એમને આશ્વાસન આપે છે. એમને પિયર મૂકવા જાય છે અને પોતે નાનો છે એનો અફસોસ વ્યક્ત કરે છે. પન્નાભાભી એને વિદાય આપતાં કહે છે કે 'તમે ઝટ મોટા થજો હું તમારી વાટ જોઈશ.' નાતના રિવાજ પ્રમાણે પન્નાભાભીના છૂટાછેડા થઈ ગયા. વાત વરસોના ઓથે પડી ગઈ. જોસેફ પોતાની અભાવોની દુનિયામાં અને ઘરસંસારના સંઘર્ષમાં પન્નભાભીને ભૂલી જાય એ સહજ હતું. વરસો પછી એક ઘટના છાપાનો વિષય બને છે અને લોકોમાં ચર્ચાય છે. એક સાસુ પોતાની વહુનો પક્ષ લઈને કપાતર દીકરાની સામે કોર્ટમાં લડે છે. કપાતર દીકરાને આજીવન કારાવાસ થાય એવી શિક્ષા કરવાની કોર્ટને વિનંતી કરે છે. જોસેફના એક મિત્રની દીકરી એ જ પન્નાભાભીના દીકરાની વહુ. પન્નાભાભી બીજે પરણ્યાં છે અને દીકરાની મા બન્યાં છે. દીકરો ગુણીયલ વહુને સ્વીકારવાની ના પાડે છે. પન્નભાભીને પોતાનું પૂર્વજીવન તથા એમણે વેઠેલી પીડા અજંપ કરી દે છે. એ વહુનો પક્ષ લે છે અને કોર્ટમાં જીતે છે. એ વહુના પિતા એટલે કે જોસેફના મિત્ર જોસેફને બોલાવીને પોતાની દીકરીની કથા કહે છે. એમની ઇચ્છા છે કે દીકરી સાસરી છોડીને પિયર આવે તો બીજે વળાવી શકાય. પોતાનો પક્ષ લેનાર અને પોતાને દીકરીની જેમ સાચવનાર સાસુને છોડીને વહુ પિયર જવા માંગતી નથી. જોસેફના મિત્ર એ દીકરીને મનાવવા તથા સમજાવીને લઈ આવવા જોસેફને મોકલે છે. જોસેફ ત્યાં પહોંચે પણ મિત્રની દીકરીની આવી સાહસિક સાસુને જોઈને રાજી થાય છે. એમનાં વખાણ કરે છે. પણ એ ઓળખી શકતા નથી કે આ ખમતીધર સાસુ તે બીજુ કોઈ નહીં પણ પન્નાભાભી છે. જ્યારે પન્નાભાભી જાણે છે કે વહુને તેડવા આવેલા મે'માન એ પોતાનો એક સમયનો લાડકો દિયર જોસેફ છે. છેવટે ઓળખ ખુલ્લી થાય છે. મિત્રની દીકરી આવી ગુણીયલ સાસુને છોડીને પિયર આવવાની ના પાડે છે. પન્નાભાભી જોસેફને મર્મમાં કહે છે કે તમે મોટા તો થયા પણ મને આપેલું વચન પાળ્યું નહીં. જોસેફ જવાબ આપે છે – 'ભાભી તમેય ક્યાં મારી વાટ જોઈને બેસી રહ્યાં હતાં?' ત્યારે પન્નાભાભી કહે છે – 'ભાઈ વાટ કંઈ આંખોથી એકલી થોડી જોવાય છે. ખરી વાટ તો મનથી જોવાતી હોય છે.' પન્નાભાભી વરસો પછી મળેલા અને મોટા માણસ થઈ ગયેલા જોસેફ માટે રસોઈ રાંધવા રસોડે જાય છે. વાર્તા ત્યાં પૂરી થાય છે. વાર્તાનો પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ બંને તંગ દોર પર ચાલે છે છતાં બરાબર સંતુલન છે. સંસાર મનુષ્યની કેવી કસોટી કરે છે. એ વાત સંકેતમાં વ્યંજિત થાય છે. પન્નાભાભીનું ચરિત્ર વાર્તાના કેન્દ્રમાં રહે છે. અને એમની માનસિકતાને આલેખતી તથા સમાજને કટાક્ષથી સબોડતી ભાષા આ વાર્તાને સફળ ટૂંકીવાર્તા બનાવે છે. જોસેફની જ નહીં ગુજરાતીની ટૂંકી વાર્તાઓમાં 'પન્નાભાભી' વાર્તાનું અચલ સ્થાન છે. ઉચિત રીતે જ આ વાર્તાને 'વિશ્વકક્ષા'ની ગુજરાતી વાર્તાઓમાં સમાવિષ્ટ કરવામાં આવી છે.

વાર્તાકલા વિશે જોસેફ મૅક્સીમ ગોર્કીનું એક વિધાન ટાંકે છે –

> ''જ્ઞાન અને કલ્પનાના સાધન થકી સિદ્ધ કરવામાં આવતી કલાનો અસલી વિશેષ માનવીય ભૂલોનો અહેસાસ કરાવવો એ નથી, બલ્કે માનવીને એની આસપાસની જીવનસ્થિતિ વધુ સારા, ઉન્નત જીવનસ્તર પર લઈ જવાનો પ્રયાસ કરવો. એને પતન ભણી દોરી જતી યથાર્થ દુનિયાના બંધનોથી મુક્ત કરવો અને તું ગુલામ નથી, તું જ આ યથાર્થ દુનિયાનો માલિક છે, તું જ જીવનનો અસલી નિર્માતા છે – એ પ્રતીતિ કરાવવી એ જ સાહિત્યની અસલી વિશેષતા છે.''

જગતના મહાન વાર્તાકારો વાસ્તવને બાદ કરીને કદી સર્જન કરતા નહોતા. કથાવાર્તામાં તો હંમેશા જીવનનું નકરું વાસ્તવ પ્રગટવું જોઈએ. અલબત્ત એની કથનરીતિ, વસ્તુસંકલના અને ભાષા અભિવ્યક્તિ સર્જકને હાથવગાં એટલાં જ હૈયાવગાં હોવાં જોઈએ. ગુજરાતી વિવેચને જોસેફ જેવા વાર્તાકારોની આ વાર્તાઓને આ દૃષ્ટિકોણથી ઓછી જોઈ છે. પ્રભાકર માચવેજી વાર્તા વિશે કહે છે કે – ''ઉત્કૃષ્ટ-કલાત્મક વાર્તા લખવા માટેનું કોઈ જડબેસલાક ચોકઠું કે મુકરર ડિઝાઇન નથી હોતાં જેમાં ફીટ કરવાથી ઉત્તમ વાર્તા નીપજી આવે. વાર્તાકાર એના મનમાં આવે કે અવતરે એ રીતે લખે એ જ ઇષ્ટ છે. લખવાની ફાવટ હશે અને વર્ણ્યવિષયમાં જોમ હશે તો આપોઆપ એ વાર્તા ઉત્તમ નીપજી આવવાની.'' જોસેફ આ માર્ગે ચાલ્યા છે. જોસેફ કહે છે કે – હું તો શરૂઆતથી જ મારી પોતાની રીતિએ લખતો હોઉં છું. એ પણ સાચું છે કે મારી વાર્તાઓમાં મોટે ભાગે ફ્લેશબૅક પદ્ધતિ આવ્યા કરે છે. એ માત્ર કુતૂહલ જગવવા માટે નહીં પણ મારા મનમાં કથાવસ્તુ જ્યાંથી અને જે રીતે પડઘાય ત્યાંથી હું લખવા માંડુ છું. પાત્ર અને પરિસ્થતિઓનું ચિત્રણ પણ કરું છું. મારી વાર્તાઓમાં સરળ ઉઘાડ હોય છે. પ્રવાહી કથન પદ્ધતિથી વાર્તા સંઘર્ષ તરફ આગળ વધે છે. અને મેં ધારેલા નિશ્ચિત અંત આગળ વાર્તા અટકે છે. વાર્તા માટે મારે વસ્તુ,

પાત્રો કે પરિવેશની કલ્પના કરવી પડતી નથી. એ બધુંયે મારી આસપાસ વાસ્તવ જીવનમાં બનતું, ઘટતું હોય છે. જે એક નિરીક્ષક તરીકે મારામાં ઉતરી અને સંચિત થાય છે. આથી મારી વાર્તાઓ કદીક દીર્ઘ અને ચરિત્રપ્રધાન થાય છે તો હું થવા દઉં છું. મારે તો કઠોર જીવનની અને એની સામે ઝઝૂમતા અને છેવટે નિયતિને વશ વર્તતા માણસોની વાત કરવી છે.''

'સાવિત્રી' વાર્તાની નાયિકા રતન પારાવાર પીડાઓ વચ્ચે પણ, પતિના શંકાશીલ સ્વભાવ અને ખોટા આક્ષેપોને વેઠી લઈને પણ પતિને બચાવવા ચાહે છે. ખખડી ગયેલું ખોરડું, ક્ષયરોગમાં પીડાતો પતિ, અશક્ત મા – આવું બધું હોવા છતાં રતન આણું સ્વીકારે છે. માંદલા ધણીને બેઠો કરવા તનતોડ મજૂરી કરે છે. જેને ત્યાં કામે જાય છે એ નરાધમ શેઠિયાની વાસનાભૂખી બાથમાંથી છૂટીને, એના મોઢા પર થૂંકીને તથા પોતાના મજબૂત હાથનો પરચો શેઠિયાને બતાવીને ઘરે આવતી રહે છે. આમ છતાં એનો નગુણો પતિ એના ઉપર જ શંકા કરે છે. પતિને બચાવી લેવા ડૉક્ટરને આજીજી કરે છે અને ડૉકટરનું કામ કરી આપવા હંમેશાં તત્પર રહે છે. ડૉકટર રતનના પતિને હવાફેર માટે પંચગીની મોકલવાનું કહે છે. રતન તૈયાર થાય છે પણ એનો પતિ એને કહે છે કે – 'તું મને પંચગની ધકેલી દઈને ડૉકટર સાથે મોજ કરવા માગે છે.' રતનને આ ક્ષણે મોડું મોડું પણ સમજાય છે કે મારી બધી મહેનતનો કશો અર્થ નથી. માણસમાં પાત્રતા જ ન હોય તો વેઠેલું બધું નિષ્ફળ જાય છે. સત્યવાનને યમદ્વારેથી પાછો લઈ આવતી સાવિત્રી અહીં રતનમાં વાચકને પમાય છે ખરી, પણ અહીં સત્યવાન ગેરહાજર છે. રતનની યાતના અને એનો સંઘર્ષ વાર્તામાં બહુ સહજ રીતે અને સંકુલતા સાથે આલેખાયો છે. એટલે સાવિત્રી વાર્તા ઉત્તમ વાર્તાઓમાં સ્થાન પામી શકી છે. એની નાયિકા રતન ગુજરાતી વાર્તાનાં નારીપાત્રોમાં અગ્રહરોળની અધિકારીણી બની શકે એવું એનું પાત્રાલેખન થયું છે. જોસેફની સર્જકતાનો આવો ઉન્મેષ બહુ થોડી વાર્તાઓમાં દેખાયો છે. આપણને 'કાંધનો હક' અને 'બાપનું લો'ય' વાર્તાઓ તરત યાદ આવે છે.

'બાપનું લો'ય' વાર્તા શોષણની – અને એમાંય નારીશોષણની પરાકાષ્ઠાની વાર્તા છે. ઘરડાં અને ગરીબ મા-બાપની રૂપરૂપના અંબાર જેવી દીકરી કમળી ભણવામાં હોંશિયાર છે. મિશન માસ્તર એને આગળ ભણાવાય તૈયાર છે પણ ઘરમાં બે ટંક ચાલે એટલી જ કોદરી છે. કમળીની માની આ સ્થિતિને બરાબર જાણતી, તમાકુની ખળીમાં આવી યુવાન છોકરીઓને કે વહુઓને મજૂરી માટે લઈ જતી મુકડદમ બાઈ ગજબનું આચરણ કરે છે. મજબૂર ઘરડી માને સમજાવીને એ બાઈ કમળીને તમાકુની ખળીમાં કામ કરવા લઈ જાય છે અને ખળીના માલિકને સંકેતમાં કહે છે કે – 'તમારા માટે એક ચીજ લાવી છું. તમે જરા સંભાળી લેજો.' કમળી ઘણી હોંશિયાર રહે છે છતાં વરુના પંજામાં ઘેટાંનું બચ્ચું પીંખાઈ જાય એમ કમળી માલિકના હાથે પીંખાઈ જાય છે. ખળીની કમાણી લઈને ઘેર આવેલી કમળી એ રાત્રે આપઘાત કરી લે છે. કમળીની માને પણ એ જ ખળીના માલિકના બાપે આ જ રીતે અભડાવી હતી અને એને પરિણામે જ કમળી જન્મી હતી. એટલે કમળીની મા પેલી દલાલ બાઈને કહે છે – 'ચીયા ભવનું વેર તે વાળ્યું અક્કરમેણ! જઈને તારા હગલાને કીજે કં તેં જેં લોય બોટ્યું એ તારા હગ્ગા બાપનું હતું, બીજી કોઈનું નંઈ.' ઊજળા થઈને ફરતા શાહુકારોની પશુતાને વટાવી જતી કામુકતાનું વરવું રૂપ આ વાર્તામાં છતું થાય છે. કમળીને કેન્દ્રમાં રાખીને જોસેફ મેકવાને એક રેખાચિત્ર પણ લખ્યું છે. આ વાર્તા જોસેફની નિજી મુદ્રાને પ્રગટાવતી દલિત વાર્તા બનવા સાથે સમાજની વરવી વાસ્તવિકતાને ચીંધતી હોવાથી ભારતીય જનસમાજની વાર્તા બની રહે છે.

પિતા તરફનો પુત્રનો આક્રોશ અને મા તરફ દીકરીનો આક્રોશ દર્શાવતી વાર્તાઓ જોસેફે આપી છે. 'પાઘડી' અને 'મરઘો' વાર્તાઓ ઉપરોક્ત વાતને ચરિતાર્થ કરે છે. 'ચાવી' વાર્તા બાળમાનસને વ્યક્ત કરે છે. પરણ્યા પછી મોંઘાં ઘરેણાં મળવા છતાં કૃતિકાને બાળપણમાં નંઈ રમવા મળેલી ઢીંગલીઓની તરસ છે. દીકરી સારુ શૉકેસમાં ઢીંગલીઓ સાચવેલી તે કૃતિકાની દીકરી પામતી જ નથી. કાચના શૉકેસમાં ઢીંગલીઓ એમ જ પુરાઈ રહે છે. 'પીંજરનો પોપટ' વાર્તા પણ આપણા સમયમાં ભણતાં બાળકો ઉપર મા-બાપની આંધળી અપેક્ષાઓ કેવા જુલમ સર્જે છે એનો નિર્દેશ કરે છે. શિક્ષણ બાળક ઇચ્છે એ પ્રમાણે લઈ શકતું નથી. એણે તો મા-બાપની ઇચ્છાઓને સાકાર કરવા ભણવાનું હોય છે. મા-બાપની ઇચ્છાઓના પીંજરમાં પોપટ જેમ કેદ થયેલું બાળક પીંજર છોડીને ઉડી જવામાં સફળ થાય કે ન થાય, એની કશ્મકશ આ વાર્તામાં વર્ણાવાઈ છે. 'ચોથી શરત' વાર્તામાં જુદી-જુદી જ્ઞાતિનાં પ્રેમીઓની કરુણાંતિકાનો આલેખ જોવા મળે છે. પ્રેમીઓની વચ્ચે નાત-જાત, ધર્મ અને સમાજ આડે આવીને ઊભો રહે છે ત્યારે આપઘાત કરી લેતાં પ્રેમીઓની સંવેદનાને અહીં વાચા આપવામાં આવી છે. કવિ કાન્તના ચક્રવાક-મિથુનની પેલી પંક્તિ અહીં તરત યાદ આવે છે –

''આ ઐશ્વર્યે પ્રણયસુખની, હોય! આશા જ કેવી?''

જોસેફની 'કાંધનો હક' વાર્તા પણ નારી સંવેદનાના આલેખન માટે જાણીતી છે. વાર્તાની નાયિકા રાહેલ સ્વમાની સ્ત્રી છે. એના બાપે પૈસા લઈને રાહેલને ન ગમતા પતિ સાથે પરણાવી હતી. રાહેલ મનોરને ચાહતી હતી અને એને બેધડક મળતી પણ

હતી. એટલે વાર્તાકથક જસ્યાને રાહેલ પ્રત્યે નફરત હતી. પણ રાહેલે તો જસ્યાને દિલથી ચાહ્યો હતો. કંકુભાભી દ્વારા એણે કહેવડાવેલું પણ ખરું કે આખા ગામમાં એને આ એક જ મરદ છોકરો ગમે છે. જો એને પાંખ હોત તો એને લઈને સાતમા આસમાને ઊડી જાત. રાહેલના મનોર જોડેના સંબંધોને કારણે આખું ગામ એને બદચલન ઓરત તરીકે જુએ છે. રાહેલને ત્રણ દીકરા થાય છે. વાર્તાકથક જ્યારે એ ત્રણેય દીકરાનાં મુખ જુએ છે તો એ ત્રણેયનાં મુખ રાહેલના પતિને મળતાં આવે છે. એટલે પોતાની ખોટી માન્યતા સુધારવા અને રાહેલના પ્રેમને ન્યાય કરવા વાર્તાકથક એના અવસાન સમયે માઈલો સુધી મોટરસાઇકલ ચલાવીને રાહેલની નનામીને કાંધ આપવા આવી પહોંચે છે.

જોસેફ મેકવાનની વાસ્તવજીવનને આલેખતી વાર્તાઓ વિશે રાધેશ્યામ શર્મા લખે છે એ નોંધીને આ પ્રકરણ પૂરું કરીએ.

> ‘જોસેફની વાર્તાઓમાં ના માન્યામાં આવે એવા સ્થૂળ-સૂક્ષ્મ અકસ્માતો, ના જાણ્યાં હોય એવાં ચરિત્રોની માનવ્ય મહેક, ના માણ્યા હોય એવા સંબંધોની ખૂશ્બુ તેમજ બદબૂ જોસેફની શાહીએ આપણી આગળ રમતી કરી રેલાવી છે. દશ્યો કેટલીકવાર મેલોડ્રામાના રગડાથી રગદોળાયેલાં નાટક-સિનેમાથી સીધાં ઉતરી પડતાં લાગે પણ વાર્તા કહેવા-બનાવવાના કસબનો માહેર મેકવાન સાંધો-રેણ ચાડી ના ખાય એ ઢબે વસ્તુને પેશ કરી શકે છે.’

❐

૬.
નિબંધ અને અન્ય લેખન

કથાવાર્તા અને રેખાચિત્રોના સર્જક જોસેફ મેકવાને બહુ થોડા નિબંધો લખ્યા છે. ‘વ્યતીતની વાટે’ નામનો એમનો એકમાત્ર નિબંધસંગ્રહ ૧૯૯૨માં પ્રગટ થયો હતો. પાંચમા ધોરણમાં ભણતા હતા ત્યારે મહીજી માસ્તરે દારૂબંધી વિશે નિબંધ લખવા આપેલો. ઘરમાં અને સગાઓમાં દારૂ પીવાનું ચલણ હોવાથી જોસેફને એ નિબંધ લખતાં સારું ફાવેલું. એ નિબંધને ઇનામ પણ મળેલું. પણ એ પછી નિબંધના માર્ગે જોસેફ ખાસ વળ્યા ન હોતા. ‘જન્મભૂમિ પ્રવાસી’માં એના એ વખતના તંત્રી હરીન્દ્ર દવેએ ‘ભવાટવિ’ નામે કૉલમ લેખન જોસેફભાઈ પાસે શરૂ કરાવેલું. એમાંય બહુધા તો એમણે લાંબાં ચરિત્રો જ ધારાવાહિક રૂપે લખેલાં. પણ ક્યારેક ગામડાના સીમ-વગડાની અને પ્રકૃતિ તથા ઋતુઓની એમને ગમતી વાતો લખાતી હતી ખરી. જોસેફના જીવનનાં બાર-પંદર વર્ષ તો ખેતર વગડામાં જ વીત્યાં હતાં. એમણે બધી ઋતુઓનાં રૂપ જોયાં હતાં. ગામમાં અનેક માણસોના સ્વભાવ અને ચરિત્રો વિશે પણ જાણ્યું હતું. એટલે પ્રસંગોપાત નિબંધ લખવાનો આવ્યો ત્યારે એમણે એ સારી રીતે લખ્યો છે. એમના આ નિબંધોને આપણે સંપૂર્ણપણે લલિત નિબંધો ન કહી શકીએ તો પણ એમાં પ્રકૃતિ વર્ણનો છે, પોતાના વિચારો છે અને માનવ સ્વભાવનું આલેખન પણ છે. આ નિબંધ વિશે થોડું વિસ્તારથી લખીએ અને સમજીએ.

નિબંધ સર્જકની અંતરશ્રીની છબિ હોય છે, નિબંધકારની વ્યક્તિમત્તાને માપી શકાય એવી મહત્તા સાથે નિબંધ માલીપાથી સમૃદ્ધ હોય છે. આ બાબતે આ નિબંધો ઉણા કે અધૂરા નથી. મરમી માણસ અનુભવોને આકારે ત્યારે ઓછપ ભાગ્યે જ રહેવા દે.

આ નિબંધો નોખા છે, એની લખાવટ નોખી છે; એનું અનુભવજગત ઝાઝું પરાયું ના લાગે એટલું આપણું હોવા છતાં એમાં રહેલી-પ્રગટેલી કથનકાળજી અને નિરૂપણની નરવાઈ આ નિબંધોને નિજત્વ અર્પવા સાથે સર્જકના જગતની કશીક અપૂર્વ સુગંધ સાથે આપણને જોડી આપે છે. જોસેફ મેકવાનના કથા સાહિત્યથી, કાલે આ નિબંધોને કોઈ આગળ મૂકીને મૂલવે તો મને આશ્ચર્ય નહીં લાગે. ઘણી ઘણી દડમજલો કાપીને સમૃદ્ધ બનેલા ગુજરાતી નિબંધની પણ વાટ અહીંથી સ્હેજ વંકાય છે ને નવી કેડી

કોતરવા આગળ વધતી પમાય છે. આ આધારો વગરની આગાહી નથી, ધીમે ધીમે દૃષ્ટાંતોથી દઢ થતી પગલીઓ આછો અણસાર છે એમ માનજો. હા, એમના કથા સર્જનમાં આવેલા આવેગો ને આક્રોશ અહીં નથી. અભિગ્રહોને આગ્રહો, પૂર્વગ્રહોને પક્ષપાતોથી પણ આ નિબંધોનો લેખક ઉફરો ચાલ્યો છે. એને આધારે બંધાયેલી આશાને પરિવેશનું સાહજિક વર્ણન ક્યારેક તો કાવ્ય-સદૃશ થઈને પોષે છે... ના, અહીં કવેતાઈ નથી કે પૂર્વજ સર્જકોને ધૂણાવતો અનુકરણિયો નોસ્ટેલ્જિયા (વ્યતીત રાગ) માત્ર! આસપાસને આલેખતી આપસૂઝ નિબંધકાર માટે અનિવાર્ય ગણાય. જીવનના સંદર્ભમાં વિચારને અળગો નહીં રાખતી આ નિબંધકારની એવી આપસૂઝ અહીં તો કોઠાસૂઝ બનીને આપણો ખોબો ભરી દે છે! ઘણીવાર મૂઠી જેવડા હૈયાને હરખઘેલું કરી મૂકી છે – સાદી વાતને કહેવાની કળા, અને કસબ પણ કાચાં નથી.

આ નિબંધોમાં તો જોસેફે વ્યતીતની વાટે પાછા પગલે ચાલતાં ચાલતાં જાત સાથે સંવાદ માંડ્યો છે, જીવી લીધેલા જીવનને આગળ નીકળી ગયા પછી જોઈ-તપાસી લીધું છે ને વર્તમાનના ખાલીપાની ખોટને સ્મૃતિવર્ણનોથી ભરી દેવાનું દૈવત દાખવ્યું છે. લેખક જાત સાથે વિશ્રંભકથા માંડી છે. પણ વીતેલી વાતોનું રોદણું કે વર્તમાનનું રીતસરનું વગોવણું નહીં માંડીને જ આ નિબંધોમાં સાહિત્યિકતાની સરહદોમાં સ્વસ્થ રાખ્યો છે. હા, અમુક નિબંધોમાં કેટલીક કલમ ઝાલનારની સાથે આવનારી અટળ મર્યાદાઓ પણ અહીં છે. પણ એને ગુણપક્ષે ગાડું ભરાય એવો વૈભવ છે. એટલે કહેવાનું મન થાય છે કે આ જોસેફના ઓડ વતન આસપાસનું 'જનાંચલ' છે; હા, આ જોસેફનું 'જનાન્તિકે' રહીને જીવાયેલું ને યદ્યપિ નહીં આલેખાયેલું જીવન છે! એટલે ભાવકને સમજાશે કે અહીં જયંત પાઠકના 'વનાંચલ'નો વિસ્તાર નથી, કોઈની શૈશવસંવેદનાનું અનુકરણિયું આલેખન અહીં નથી. અહીં કોઈની કશીય પગલીઓના પોલા પડઘાઓ કે આના તેના ખૂણાખૂંચાઓ ખવાઈ-ખર્ચાઈ ગયેલા ખખડાટો નથી. અહીં તો જીવનના જોરે સાબદા રહેલા સ્વ-નો સ્વસ્થ અવાજ છે. સંવેદનને ઊર્મિલ બનાવવાને બદલે એને કથાના વણાટે વિચારસારવણીની દિશામાં પ્ર-યોજીને લેખકે નિબંધકારની અંતરસૂઝનું દર્શન કરાવ્યું છે. માત્ર આકર્ષણ પૂરતું નથી એ પછી અજવાળું પણ પ્રગટવું જોઈએ. એમ સાહિત્યસન્દર્ભે માનનારને અહીં ઉજાસની ઉપલબ્ધિ થાય છે એટલું તો નક્કી જ.

'સાંપ્રત સમસ્યાઓ પર લખવાનું વલણ ખરું પણ ઝાઝી રુચિ નહીં' – એમ કહેનાર જોસેફ મેકવાન હોય એવું તો કોઈ નહીં માને! પણ એ સાચું છે. કેટલુંક તો આપદ્ ધર્મથી તો કેટલુંક આપપીડાથી લખાતું હોય છે... જે સર્જાય, સહજ રીતે સર્જાય એ સંવેદનાના સખ્યનું અને અંદરની આરતનું પરિણામ હોય છે. 'જીવાતું જીવતર જ એટલું ભાતીગળ છે ને એની વ્યાથા-કથા જ એવી હૃદય-વિદારક છે કે એ જ દુઃખડાંને વાચા આપવા મન લલક્યા કરે.' લેખકની આવી અંદરની આરતમાંથી લખાયેલા આ નિબંધો 'જન્મભૂમિ-પ્રવાસી'ની 'ભવાટવિ' નામની કૉલમ-કટારમાં પ્રગટ થતા રહેલા. પણ લાગે છે કે એ માત્ર કૉલમ માટે ન્હોતા લખાયા. એવી સંકડાશને સાંખી લે તો જોસેફ શાના?! આખા વ્યતીતને – એમણે અંગે અંગે અનુભવીને અહીં નિરાંત જીવે નિર્વ્યાજ આનંદ માટે થઈને આલેખ્યો છે.

પહેલા નિબંધમાં નવા ઘર પછવાડે બારી પાસે નીરખી શકાય એ રીતે ઉછેરેલા અને અંતે સ્વજનાદેશથી વધેરાઈ ગયેલા ગુલમહોરની કથા મંડાઈ છે. માનવીઓના કરતૂતોને આલેખવામાં પાવરધી રહેલી લેખકની કલમ અહીં જુદા જ જીવન-ધબકારમાં ઝબકોળાઈને આવી છે. આખો નિબંધ સંવેદનાત્મક બની રહ્યો છે. પ્રકૃતિ અને પશુ-પક્ષીને નજીકથી જાણતા-માણતા ને માંહ્યથી માપતા જોસેફનો પરિસરપ્રેમ અહીં – આમ તો સમગ્ર નિબંધસૃષ્ટિમાં – પહેલીવાર પરખાયો છે. જોસેફની રગરગમાં ધૂળિયું ગામડું શ્વસે છે-વસે છે એનો પાકો પરિચય અહીં સાંપડે છે. જેને આપણે સાવ નિકટ ઝંખીએ છીએ ને પ્રયત્નો કરીએ પડખે રાખીને કે ઉછેરીએ છીએ એને સમયસંજોગ સુખેથી ટકવા દેતાં નથી... અંતે એય પેલા ગુલમહોરની જેમ દૂર ચાલ્યું જાય છે. રોજેરોજના જીવનની આપણી આ નિયતિ કેવી કઠોર છે! એની નકરી વાસ્તવિકતાનો પરિચય ઘણા નિબંધો કરાવે છે. જે પશુપક્ષીને ચાહ્યાં-ઉછેર્યાં ને રમાડ્યાં એમના જીવનની કરુણાંતિકા તથા માનવીની કઠોરતાને વર્ણવતા એકાધિક નિબંધો અહીં છે. એ મોર હોય કે મરઘો, રોઝ હોય કે ડિક, ચકલી, સુગરી કોયલ કે કાગડો જે છે તે બધાંની સાથેની પ્રીત અને મીઠી વઢવાડ લેખકે આલેખી છે... એમનો કરુણકઠોર અંજામ આલેખીને લેખકે વિધિવક્રતાને અને માનવીની નઠોરતાને ય તાક્યાં-તાગ્યાં છે! 'વનાંચલ' અને 'જનાન્તિકે'માં જે પશુપક્ષીની સૃષ્ટિ નહોતી આલેખાઈ એ સૃષ્ટિ અહીં એના પરિવેશસમેત બરોબર ઝિલીને અને જીવનસંદર્ભથી બળૂકી બનાવીને લેખકે એને વર્ણવી છે.

પોતાનો પાળેલો મોર ઢેલ વિના ઝૂરે છે ત્યારે કીમિયો કરીને બાળ જોસેફ એને મોતીમિયાંની નવી ઢેલ સાથે ભગાડી દેવામાં સફળ થાય છે, પણ અંતે મોર મોતીમિયાંનો શિકાર બની જાય છે! પોતાનો મરઘો વિજયી નીવડે છે એ જ ક્ષણે એ બંદૂકના ભડાકાથી ભૂંજાઈ જાય છે. ખોરી દાનતથી ઉછેરાયેલું રોઝનું બચ્ચું ડીક અંતે એ જ નરાધમ હાથોથી પેટનો ખાડો પૂરવાનો કોળિયો બની જાય છે... ત્યારે કવિ

કાન્તનાં પાડું, ચક્રવાક-ચક્રવાકી આદિ સાંભરી આવે છે! કલાપીનું 'જે પોષતું તે મારતું એવો ક્રમ દીસે શું કુદરતી'-વાળું ક્રૂર સત્ય તીરની જેમ વાગે છે. આ આછીપાતળી કથાને આધારે ચાલતા કથન કેન્દ્રી નિબંધો આવી બેરહમ વિધાત્રીને અને માનવજાતની અવળચંડાઈને વર્ણવી રહે છે. કહેવાની કળા તો – જોસેફમાં – અહીં પણ પ્રભાવિત કરે છે. ભાવકને એ બેત્રણ પરિચ્છેદ સુધીમાં તો સાથે કરીને પાસે-પડખામાં લઈને ચાલવા લાગે છે. અને એટલે તો આપણે પણ લેખકની સાથે જ ખિસકોલીનો ખટકો, મોરનો મોહ, કપટી કાગડાની વેરવૃત્તિ, કોયલની રઘવાઈ વાણીની વેદના, સલુકાઈવાળી સુઘરીની ઉદાસી, જક્કી ચકલીની જિદ્દથી આઘાઅળગા નથી રહેતા, બલકે એમાં એકાકારતાનો અનુભવ કરીએ છીએ.

આ નિબંધોમાંથી થોડાંક નોખાં વ્યક્તિચિત્રો મળી આવે છે. એમાં મોતીમિયાં શિકારીનું આલેખન યાદગાર છે, એમની બેરહમી અને અમાનુષી આચારલીલા સમેત! પણ 'ઘર' નિબંધમાં આવતાં જમનદાદી તો જુદી જ ભાતે નિરૂપાયાં છે. વતનના ઘરને યાદ કરતાં લેખક અ ગ્રામનારીને નખશિખ આલેખે છે : 'ડોસી હાડે હબદાં ને ખાલે ખડાંધડાં. ઊંચાં-પૂરાં ને પહોંચેલાં. દોઢવડો દેહ અને બત્રીશી સાબૂત. બે વીઘાંનું ક્યારડું પચાસસાઇઠ મણ ડાંગર પકવે ને ડોશી જાતે થોડીક મજૂરી યે કરી લે. કદી એમને કશી તોછડ ના પડે, ના કોઈનાં ઑશિયાળાં થાય. એમનો સ્વભાવ ભારે આકરો. ખીજ્યાં હોય તો ખાપરાને ખો ભૂલાવે એવાં. વઢ્ય કે વઢનારું આલ્ય'-માં જ માનતાં જમનડોશીને જો કોઈનો વાંક વસ્યો હોય તો એનું ધનોતપનોત નીકળી જતું – એમના મોંમાંથી આદની જેમ ઓકાતી વાણી અનર્ગળ રહેતી... વાક્યરચનાના સાદા સંયુક્ત અને મિશ્ર ત્રણેય પ્રકારોની એમાં ત્રમઝટ રહેતી. એનાં કર્તા, કર્મ કે ક્રિયાપદ ક્યાં એ વ્યાકરણીય કળી ના શકે તો ઉપમાન-ઉપમેયના ભેદ અલંકાર-પારંગતેય પારખી ના શકે. શબ્દની શતધા શક્તિઓ એમના હોઠોએ અનાયાસે જ પ્રસ્ફૂટી ઊઠતી...''

આ ડોશીની એવી વાણીનું હાથવગું દૃષ્ટાંત પણ જોઈ લેશું? ''મર્ય રે નભોઈ રાંડના લાખા! તારું નખ્ખોદ જાય મૂઆ – મફતિયા, શંખણીના સેવ્યા, તારીમાના હાતમા ધણીના મૂતરની ધારના ધૂળછાંડયાં, તને ભાન ન'તું પડતું તારા બેનિયાની માનું કડલું ખુલ્લું હતું મારી હોઇ્યના કૈડ્યા, કળજગના કૂતરા, તારું સત્યાનાશ જાય મારા ભાઈના હાળા, તું મન જમનીને હસ્યો જનાવરના બીના!'' ને ડોશીએ મોતીમિયાંને આલેલી ગાળો પણ ભાષાશક્તિ માટે ભણવા જેવી છે. જોસેફ એટલે તળભાષાનો ભંડાર. પણ ભાષાને એ સરખી રીતે વાપરી જાણનારા લેખક છે. એટલે કશે શબ્દોનો પોલો વ્યવહાર નહીં મળે. તળપદા ને દેશ્ય શબ્દો સાથે એમણે રુઢિપ્રયોગો ને ગામડાંની કહેવતો વાપરીને વેશ પરિવેશ, દેશદુનિયાની દાનત, માણસની મીઠાશ ને મીંઢાશ, સંવેદના ને વ્યથાવેદના બધું બરોબર ઉજાગર કરી આપ્યું છે. ભાષા આ અર્થમાં આ નિબંધોનો નરવો ને તાજો વિશેષ છે. લેખકે કલ્પનોનો આશ્રય નથી લીધો, જરૂર પડી તો એ આપણી લોક પરંપરાની કવિતા કે એવાં શાસ્ત્રવચનો સુધી ગયા છે જે એમની સ્મૃતિ સમૃદ્ધિ સાથે અભ્યાસની આરતનો પરિચય કરાવી રહે છે.

'ધૂળિયો મારગ'માં એમણે ગ્રામપરિવેશ વર્ણવીને એમાં મુગ્ધ શૈશવલોકને આબેહૂબ આલેખ્યો છે. અંધારી રાતનો અનુભવ એ જ પ્રકૃતિની રમ્યતાની સામે છેડે રહેલી ભયાનકતાનો અને માનવમનની ભીરુતાને પરિચય કરાવે છે તો 'સહિયારી સૌગાદ શિયાળો' અને 'આંબે આવ્યો મૉર...'માં પ્રકૃતિ તથા માનવીની જીવનલીલાનો નવોનકોર અનુભવલોક ચિતરાયો છે. 'આષાઢી પાંચમને ચમકે વીજ'માં પણ ગ્રામપરિવેશ અને વર્ષાઋતુના આટાપાટા દોરાયા છે. પ્રકૃતિ કહેતાં ઝાડવાં, એની માયા એનાં ફૂલફળ સાથે ઋતુઋતુના વૈભવને લેખક વર્ણવે છે. એ વૃક્ષોમાં, વગડામાં સીમખેતરમાં, ઘર ગામમાં કામથી પરવારીને પાદરની પાર નીકળી દોસ્તોની દુનિયામાં જીવાયેલા દિવસો – એ શિશુલોક એનાં સર્વ દૂષણ ભૂષણ સમેત અહીં પ્રગટ થયો છે – પણ એના કેન્દ્રમાં માણસ, સદ્ભાવ, શ્રધ્ધાને અલખની અનર્ગળ કૃપા રોપાયેલાં છે. એટલે આ નિબંધો વ્યતીતરાગને વાગ્મિતામાં મૂકનારા કૃતક નિબંધો બની રહેવાને બદલે વ્યતીતની વાટે આંગળી પકડીને આસ્તેઆસ્તે આપણને ફેરવે છે ને જુદા જ અનુભવલોકનો સમસંવેદનાત્મક પરિચય સંપડાવી આપે છે. વાડના વેલાનો નામ સાથેનો પરિચય અહીં થાય છે. તો ઋતુઓ, સીમ, વા-વાયરાને તડકા-લૂનો પરિવેશ પણ નિબંધોમાં સુપેરે પ્રગટે છે. આ નિબંધોમાં આવતાં મોર, કોયલ, સુઘરી, કાગનાં વર્ણનો, ઝાડવાં ને દરિયાના પ્રથમ દર્શનની કથાવારતા વાંચ્યા વિના એના વિશેષો શા છે તે ના પામી શકાય એવાં એ સંકુલ ને રસાર્દ્ર છે. આ નિબંધોમાં લેખકે કશીને કશી કથા ગૂંથી લીધી છે–ને છતાં કૃતિ કથાવારતા બનવાને બદલે નિબંધ જ બની રહે છે. આવી કથાકથનીનો પ્રથમ ઉઘાડ આપણા ગુજરાતી નિબંધનો નવતર વિશેષ છે એમ કહેવામાં વાંધો નથી. કાકાસાહેબે વિચારને કેન્દ્રમાં રાખીને સ્થળકાળના વિશેષોને ઊર્મિથી બને એટલા અળગા રાખીને આલેખ્યા છે, એમનામાં કલ્પનાલોક છે એટલે અંશે ગદ્યલાલિત્ય પણ છે. સુરેશ જોષીના નિબંધોમાં સંવેદના કેન્દ્રમાં છે, એમાં સ્વસ્થ ઊર્મિને અને પ્રગલ્ભ વિચારને પ્રકૃતિની સાક્ષીએ કલ્પનો/પ્રતીકોથી મઢીને સાહજિક રીતે મૂકવાનો સફળ સર્જક-પુરુષાર્થ છે.'વનાંચલ'માં વનવતનનો વિચ્છેદ

વેદના સાથે ઉપસ્યો છે. ને એમાં ભાષા સૌમ્ય રહીને સાહિત્યિકતા ધારે છે. ભોળાભાઈના નિબંધોમાં પ્રવાસ નિમિત્ત બને છે ને સંવેદન-વિચાર-વર્ણન આવતાં જાય છે... સ્થળકાળ સાથે એમાં સંસ્કૃતિનો છાંયો પણ પડે છે. દિગીશભાઈમાં શૈશવસ્મૃતિઓનું એ કાળની અજબની મનઃસ્થિતિઓનું કે શિશુમનનું ભાવસભર આલેખન છે. આ દરેકના ગદ્યમાં સાહજિકતા સાથે સર્જનમાં આવતી આવશ્યક 'ગોઠવણો' પણ છે. જોસેફભાઈના આ નિબંધોમાં વતન ઘરકામ સીમની સૃષ્ટિ છે, એનો વિચ્છેદ છે, પણ વિચ્છેદ અહીં કેન્દ્રસ્થ નથી. જોસેફને તો એ સંસ્મરણો સાથે ભળીમળી ગયેલી કથાવારતાઓ અને જીવનલીલાઓ તથા પ્રકૃતિનું સખ્ય આદિ આલેખવાં છે... એટલે એમણે તો અસલને આલેખવા અંતરમાંથી ઊઠતા નાદને અને અનિવાર્ય શબ્દને અનાયાસ આવવા દીધાં છે – એટલે અંશે એમાં નવીનતા આવી છે ને નરવાઈ પણ!! જાણતલને નાતે એમણે જીવનનો જાગતિક સંદર્ભ પણ અહીં આવવા દીધો છે. કશી તુલનાઓ વિના પણ કહી શકાશે કે 'વ્યતીતની વાટે'ના આ નિબંધો એટલે અસલની આગવી અભિવ્યક્તિ.

જોસેફના વિચારપ્રધાન લેખોના બે સંચયોને અહીં યાદ કરવા જોઈએ. ૧) પગલાં પ્રભુનાં ૨) સંસ્કારનાં વાવેતર. પ્રસંગોપાત લખવાનું કે બોલવાનું થાય એ દરવખતે સંગ્રહિત કરી શકાતું નથી. એવાં વિચારપ્રધાન લખાણો અને દૃષ્ટાંતકથાઓ રૂપે લખાયેલા ટૂંકા લેખો ઉપરોક્ત બંને સંચયોમાં છે.

એક સાહિત્યસર્જક લેખે જોસેફે ક્યારેક પુસ્તકોની પ્રસ્તાવનાઓ લખી છે. નવોદિતોને પ્રોત્સાહન કરવા સરળ સમીક્ષાઓ લખી છે. તો ક્યારેક ગમતી કૃતિઓ વિશે લખ્યું છે. કોઈ નવોદિતમાં સર્જકતાને તણખો દેખાય તો એને આવકારતાં અને ભાવકોને પ્રોત્સાહિત કરતાં લખાણો પણ જોસેફે લખ્યાં છે. આ લખાણો ૧) વાટના વિસામા અને ૨) પ્રાગડના દોર સંચયોમાં સચવાયેલાં છે.

એક કર્મશીલ તરીકે જોસેફનું કાર્ય ઘણા વાચકોથી અજાણ્યું હોય તે સ્વાભાવિક છે. પોતાના ઘરે રોજ સાંજે પાંચથી આઠ સુધી વંચિતો, પીડિતો કે જરૂરિયાતમંદ લોકો એમને મળવા આવતા તો ક્યારેક કોઈ પીડિત યુવક-યુવતી કે દંપતીને ઉગારી લેવા જોસેફ પહોંચી જતા. આ બધામાંથી એમણે કથાવાર્તાનાં વિષયવસ્તુ મેળવ્યાં છે એ ખરું પણ જે કથાવાર્તામાં નથી આવ્યું એવું એક અનુભવજગત જોસેફ એક પત્રકારરૂપે સામયિકોમાં લેખ રૂપે લખ્યું છે. ૧) 'વહેલી પરોઢનું વલોણું' ૨) 'ઉઘડ્યો ઉઘાડ અને આવી વરાપ' – આ બે લઘુગ્રંથોમાં ઉપર ચીંધ્યાં છે તેવાં લખાણો સચવાયેલાં છે. એમનું એક મહત્ત્વનું કાર્ય તે ગોલાણા હત્યાકાંડ વખતે એમણે પીડિતોના પક્ષે રહીને ભજવેલી મહત્ત્વની ભૂમિકાનું કાર્ય! 'ભાલનાં ભોમભીતર' પુસ્તકમાં એ કાર્યનો ઝીણવટભર્યો અહેવાલ પ્રગટ થયો છે. જોસેફે લખવા ખાતર કશું નથી લખ્યું. એમના અહેવાલ લેખનમાં અને પ્રકીર્ણ લખાણોમાં પણ એમની લાગણીઓ તથા નિસબતનો પરિચય થાય છે. જોસેફે કેટલાંક સંપાદનો પણ કર્યા છે.

❐

૭.
ઉપસંહાર

પોતાના સમગ્ર સર્જન વિશે, એ સર્જનની ધોરી નસ વાચકને પકડી આપતાં, જોસેફ નોંધે છે :

> ''શોષાતાં, રિબાતાં, રવરવતાં, વલવલતાં ને તોયે ખુમારી ના છોડતાં આ જીવતરોને મેં એમના જીવન-પ્રણયનમાં રસાઈને અનુભૂત્યાં છે. આજેય અજંપો આપતી અને કલમ ગ્રહાવતી એ જ યંત્રણાઓ મને જંપવા નથી દેતી. બસ, આથી વધીને કાંઈ મોટું મારું પ્રદાન નથી. નથી કોઈ ચોક્કસ દર્શન કે તત્ત્વજ્ઞાન. હું જે છું તે મારા સર્જનમાં જ વ્યક્ત થઈ રહ્યો છું.''

૧૯૮૪માં 'વ્યથાનાં વીતક' પુસ્તક પ્રગટ થયું. સુદીર્ઘ ચરિત્રનિબંધોનું આ પુસ્તક જોસેફને સમગ્ર ગુજરાતી વાચકોમાં જાણીતા બનાવી દે છે, બલ્કે, આ પુસ્તક એમની કીર્તિદા કૃતિ રૂપે આજે પણ એટલું જ વંચાય છે. ૨૦૧૦માં, ૭૪ વર્ષની વયે કિડનીની બીમારીથી જોસેફનું અવસાન થયું ત્યારે એમની છેલ્લી નવલકથા 'ચારુશીલા' હજી પૂરી થવામાં હતી. પચ્ચીસ વર્ષના આ સઘન લેખનકાળમાં જોસેફે ૧૪ નવલકથાઓ, અગિયાર જેટલા રેખાચિત્ર સંગ્રહો, છ વાર્તાસંગ્રહો, ત્રણ નિબંધસંગ્રહો તથા નવ જેટલાં પ્રકીર્ણ સાહિત્યના પુસ્તકો મળીને કુલ ૪૩ પુસ્તકો જોસેફ પાસેથી આપણને મળે છે. એમની અનેક કૃતિઓના અંગ્રેજીમાં, હિન્દીમાં, તેલુગુ, પંજાબી, સિંધી અને બંગાળીમાં અનુવાદો પણ થયા છે. એમની કથા-વાર્તાઓ અને ચરિત્રો પરથી ટીવી સિરિયલ અને ટેલિફિલ્મ પણ બન્યાં છે. સાહિત્ય અકાદમી (દિલ્હી) ઍવૉર્ડ સમેત જોસેફને ત્રીસથી વધારે પારિતોષિક-પુરસ્કારો અને સુવર્ણચંદ્રકો પ્રાપ્ત થયા છે. (પરિશિષ્ટમાં આ યાદી આપેલી છે.) ઇયત્તા અને ગુણવત્તા બંને દૃષ્ટિએ જોસેફનું સાહિત્યસર્જન, સાહિત્યના ઇતિહાસમાં પોતાની અલગ જગ્યા કરી શકે એટલું મહત્ત્વનું અને ધ્યાનપાત્ર છે.

દલિત-પીડિત પરિવારમાંથી અનેક અભાવો વેઠીને, વિપરીત પરિસ્થિતિઓ સામે સંઘર્ષ કરીને જોસેફ મેકવાન આપબળે આગળ આવ્યા હતા. સાત ચોપડી ભણ્યા પછી ઘર કુટુંબ માટે નોકરીએ ચડી ગયા હતા. શિક્ષકની નોકરી કરતાં કરતાં, હિન્દી વિષય સાથે એમ૰એ૰ પણ થયેલા. ડાકોર કૉલેજમાં ખંડ સમયના અધ્યાપક તરીકે બેએક વર્ષ કામ કરી જોયું, પણ ઉચ્ચત્તર શિક્ષણમાં એમને કશા રંગઢંગ કે ઊજળું ભવિષ્ય દેખતાં નહોતાં, એટલે તરત જ કૉલેજ છોડીને એ આણંદની ઝેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા અને ત્યાંથી જ નિવૃત્ત થયા હતા.

ગુજરાતીમાં દલિત સાહિત્યની શરૂઆત ૧૯૭૫ના ગાળામાં દલિત કવિતાથી થઈ હતી. એ પછી વાર્તાઓ લખાવા માંડી હતી પરંતુ ગુજરાતીમાં દલિત સાહિત્યનો પાયો નાખનાર અને એને દૃઢમૂલ કરનાર તો જોસેફ મેકવાન જ છે. 'વ્યથાનાં વીતક' (૧૯૮૫) અને 'આંગળિયાત'(૧૯૮૭) આ બે કૃતિઓએ દલિત સાહિત્યને ઊંચાઈ બક્ષવાનું કામ કર્યું છે. એ પછી સારા વાર્તાકારો, નવલકથાકારો આવ્યા છે એની ના નથી પણ જોસેફનાં રેખાચિત્રો, વાર્તાઓ અને નવલકથાઓ દલિત સમાજનું સમગ્રલક્ષી અને જીવતરનો તાગ મેળવનારું સબળ અને સફળ ચિત્રણ આપે છે. એમને માત્ર દલિત સાહિત્યકાર કહીને મર્યાદામાં બાંધવા એ એટલું સરળ અને સાચું પણ નથી. દલિત સમાજ નિમિત્તે એમણે નિયતિની કઠોરતા સામે અને માનવમૂલ્યોના સંઘર્ષ માટે ઝૂઝતાં સાચુકલાં મનુષ્યોનું જે ચિત્રણ કર્યું છે તે કોઈ પણ સમાજનું પ્રતિબિંબ રજૂ કરવા સમર્થ છે. એક રીતે કહીએ તો આ વીસમી સદીના ઉત્તરાર્ધનું ભારતીય ગ્રામીણ સમાજનું વાસ્તવલક્ષી ચિત્રણ છે.

સાહિત્યમાં જોસેફનું સર્જન-લેખન એક નવી દિશાનું વહેણ રચી આપે છે. જીવનની વ્યથાઓ, વેદનાઓ સામે ઝઝૂમતાં જોસેફનાં પાત્રો પ્રેમ અને માણસાઈ છોડતાં નથી. વિધિની કઠોરતા એમને મંજૂર છે, જીવતરમાં દુઃખ વેઠવાની નવાઈ નથી એમ પણ એ માને છે, અભાવોની વચ્ચે સહભાગી થઈને જીવી લેવાનું એમને આવડે છે પણ સુખ માટે થઈને સારપનો, ભલાઈનો અને માણસાઈનો ત્યાગ કરવાનું એમને આવડતું નથી એ એમને મંજૂર પણ નથી. આ ભૂમિકાએ જોસેફ ભારતીય સાહિત્યની પરંપરાંમાં પોતાનું સ્થાન મેળવવાના હકદાર બને છે.

જોસેફના સાહિત્ય સર્જન વિશે ગુજરાતીના મૂર્ધન્ય સર્જકો અને વિવેચકોએ ઉમળકાથી લખ્યું છે : ઉમાશંકર જોશી, દર્શક, રઘુવીર ચૌધરીથી લઈને એમના સહૃદય ભાવકોએ પણ એમની કૃતિઓ વિશે ભાવપૂર્વક લખ્યું છે. ઉમાશંકર જોશી 'આંગળિયાત'ને ગુજરાતી સાહિત્યની એક વિશિષ્ટ નવલકથા તરીકે આવકારે છે અને જોસેફ પાસેથી 'લામિઝરેબલા' જેવી મહાન નવલકથાની અપેક્ષા રાખે છે. દર્શકને જોસેફની કૃતિઓમાં માનવમૂલ્યો સાથે લાગણીઓનું રસાયણ પામવા મળે છે. નારાયણ દેસાઈ જોસેફના સાહિત્યમાં પરમ સત્ય પ્રતિનું પ્રસ્થાન જુએ છે. કોઈ એમની બળૂકી સર્જકતાને સલામ કરે છે તો કોઈ એમને સાચના સાહિત્યકાર અને માનવતાના

ઉપાસક કહે છે. ભગવતીકુમાર શર્મા જોસેફના ચરિત્રનિબંધોને ગુજરાતી ભાષાસાહિત્યની અનોખી ધન્યતા ગણાવે છે. તળપદી ભાષાનું આટલું બળૂકું આલેખન જોસેફ સિવાય આપણને પન્નાલાલમાં મળ્યું હતું. જોસેફના સાહિત્યમાં માટીની મહેંક છે, વહાલ માટેનો વલોપાત છે, હેત ભૂખ્યાં સ્વજનો છે તો પ્રેમ અને આદર ઝંખતી સ્ત્રીઓ છે. જોસેફનાં નારીપાત્રો શરદબાબુનાં નારીપાત્રોની લગોલગ બેસી શકે એવાં ભાવ સમર્થ અને સમર્પણ સક્ષમ છે. આ સ્ત્રી-પુરુષોને મહેનત મજૂરી જરાયે કઠતી નથી, એમને કઠે છે અપમાન અને શોષણ એટલે એ સગાં-સ્વજનો સાથે કે શેઠ-માલિક સામે વિદ્રોહ કરતાં ખચકાતાં નથી. પ્રેમ આગળ, સ્વમાન માટે વેઠવાને આ પાત્રો કશી વિસાતમાં લેખતાં નથી. આવા ચરિત્રોના સર્જક જોસેફ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં પોતાના આગવા સ્થાનના અધિકારી છે.

છેલ્લે જોસેફના શબ્દો જ નોંધીએ :

> ‘‘દુઃખ માણસને માંજે છે. સંઘર્ષો સરાણે ચડાવીને ધાર કાઢી આપે છે. અભાવો ધૃતિશીલ બનાવે છે. લાલચ-લાલસાને વળોટી જવાની વૃત્તિ તમારા શંખનો વિજયનાદ બની જાય છે અને નાની અલ્પ સફળતાઓ જીવનના ઉમંગનું અક્ષય પાથેય અર્પે છે. આ છે મારો પદાર્થપાઠ.
>
> કદીએ હતાશ ન થવું, સમ્યક વિવેકે સૌ સાથે અવૈર-અમર્ષ સાધવું ને સતત આત્મશોધન કરવું એ છે મારો ગુરુમંત્ર ને એ જ જીવનસંદેશ.’’

❐

॥ પરિશિષ્ટ ॥

જોસેફ મેકવાન : સર્જક- પરિચય

સર્જકનું નામ : જોસેફ મેકવાન

પૂરું નામ : શ્રી જોસેફ ઈગ્નાસ મેકવાન

જન્મતારીખ : ૯ ઑક્ટોબર,૧૯૩૫

જન્મસ્થળ : ત્રણોલ, જિ. આણંદ

વતન : ઓડ, જિ. આણંદ

અભ્યાસ : – બી.એ .(પ્રથમ વર્ગ, ૧૯૬૭)

– એમ.એ. (દ્વિતીય વર્ગ, ૧૯૬૯)

– બી.એડ. (પ્રથમ વર્ગ, ૧૯૭૧)

– ‘સાહિત્યરત્ન’ સેવક

સરનામું : ‘ચન્દ્રનિલય’, સૂર્યનગર સોસાયટી, ઝેવિયર્સ રોડ, આણંદ-૩૮૮૦૦૧ (ગુજરાત)

*** અંગત/પારિવારિક :**

લગ્ન : ૧૯૫૪માં સૌ. રેગીના મેકવાન સાથે.

દીકરીઓ :

– વંદના સાયમન (જી.ઈ.બી.)

– અર્ચના નીતિન શાહ (મેનેજમેન્ટ)

– ગૌરા મેકવાન (અડમિનિસ્ટ્રેટર)

– હિરલ અરૂણ (અંગ્રેજી વ્યાખ્યાત)

દીકરાઓ :

– ચંદ્રવદન-અન્નપૂર્ણા (ઉપસચિવ)

– જયેશ-પારુલ (MBA, કમ્પ્યુટર નિષ્ણાત)

– મધુરમ્-કોકીલા (M.B.A.B., E.Mic. કેનેડા)

– અમિતાભ-જયા (અંગ્રેજી શિક્ષક)

સમગ્ર સાહિત્ય-સર્જન

*** નવલકથાઓ :**

૧. આંગળિયાત

૨. લક્ષ્મણની અગ્નિપરીક્ષા

૩. મારી પરણેતર

૪. મનખાની મિરાત

૫. બીજ-ત્રીજનાં તેજ

૬. આજન્મ અપરાધી

૭. દાદાનો દેશ

૮. માવતર

૯. અમર ચાંદલો

૧૦. દરિયા

૧૧. સંગવટો

૧૨. ભીની માટી કોરાં મન

૧૩. અપનો પારસ આપ

૧૪. ચારુશિલા (પ્રેમમાં)

*** રેખાચિત્રસંગ્રહો :**

૧. વ્યથાનાં વીતક

૨. વહાલનાં વલખાં

૩. મારી ભિલ્લુ

૪. જનમજલાં

૫. જીવતરના નાટારંગ

૬. માણસ હોવાની યંત્રણા

૭. ન યે ચાંદ હોગા

૮. રામનાં રખોપાં

૯. લખ્યા લલાટે લેખ

૧૦. ધરતીજાયાં ધીંગાં મનેખ

૧૧. નીંભાડે નીપજેલાં

૧૨. જોસેફ મેકવાનનાં પ્રતિનિધિ રેખાચિત્રો (સં૦ મણિલાલ હ૦ પટેલ)

*** ટૂંકીવાર્તાસંગ્રહોઃ**

૧. સાધનાની આરાધના

૨. પન્નાભાભી

૩. આગળો

૪. ફરી આંબા મ્હોરે

૫. આર્કિડનાં ફૂલ

૬. બીજી બોણી

૭. જોસેફ મેકવાનનો વાર્તાલોક (સં૦ ગુણવંત વ્યાસ)

*** નિબંધસંગ્રહો :**

૧. વ્યતીતની વાટે

૨. પગલાં પ્રભુનાં

૩. સંસ્કારનાં વાવેતર

*** અહેવાલસંગ્રહો :**

૧. ભાલનાં ભોમભીતર

૨. ઊઘડ્યો ઉઘાડ અને આવી વરાપ

૩. વહેલી પરોઢનું વલોણું

*** સંપાદનો :**

૧. અમર સંવેદન-કથાઓ

૨. અનામતની આંધી

૩. અરવિંદસૌરભ

૪. એક દિવંગત આત્માની જીવનસૌરભ

*** સાહિત્યલેખો અને વિવેચનસંગ્રહો :**

૧. વાટના વિસામા

૨. પ્રાગડના દોર

*** અનુવાદો :**

૧. 'આંગળિયાત'નો 'સ્ટેપ ચાઈલ્ડ' નામે અંગ્રેજીમાં ડૉ. રીટા કોઠારી દ્વારા અનુવાદ (ઓક્સફર્ડ યુનિ. પ્રેસ દ્વારા પ્રકાશિત પ્રથમ ગુજરાતી નવલકથા)

૨. 'વ્યથાનાં વીતક' - નેશનલ બુક ટ્રસ્ટ, ન્યૂ દિલ્હી દ્વારા અંગ્રેજી તથા અન્ય ૧૧ ભારતીય ભાષાઓમાં અનુદિત.

૩. 'ઘંટી' વાર્તા હિન્દી, તેલુગુ, પંજાબી, સિંધી અને બંગાલીમાં અનુદિત.

*** ફિલ્મો :**

– 'લોહીનો સંબંધ' પરથી ગોપી દેસાઈ દ્વારા દિગ્દર્શિત 'બસ યારી રખ્ખો' બાળફિલ્મ

– 'બહેરું આયખું મૂંગી વ્યથા' પરથી ટેલિફિલ્મ

– 'મારી પરણેતર' આધારિત ૧૩ હપ્તાની સિરિયલ

*** સાહિત્યિક સિદ્ધિઓ:**

– 'સી.એ.એસ.' ઍવૉર્ડ ('વ્યથાનાં વીતક'), ૧૯૮૫

– સદ્‌વિચાર પરિવાર પારિતોષિક ('વ્યથાનાં વીતક'), ૧૯૮૫

– તખ્તસિંહ પરમાર પારિતોષિક ('વ્યથનાં વીતક'), ૧૯૮૫

– ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક ('વ્યથાનાં વીતક'), ૧૯૮૫

– કનૈયાલાલ મુનશી જન્મશતાબ્દી નવલકથા સ્પર્ધામાં પ્રથમ પારિતોષિત ('આંગળિયાત'), ૧૯૮૭

– ધનજી કાનજી પારિતોષિક ('વ્યથાનાં વીતક'), ૧૯૮૭

– ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક ('આંગળિયાત'), ૧૯૮૮

– રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી ઍવૉર્ડ ('આંગળિયાત'), ૧૯૮૯

– દલિત સાહત્યિ અકાદમી, દિલ્હી દ્વારા 'આંબેડકર ઍવૉર્ડ', ૧૯૮૯

– કાકાસાહેબ કાલેકર ઍવૉર્ડ ('જનમજલાં'), ૧૯૯૧

– ડૉ. જીવરાજ મહેતા ઍવૉર્ડ ('બીજ-ત્રીજનાં તેજ'), ૧૯૯૬

– દર્શક ઍવૉર્ડ (૧ લાખ રૂ.) ૧૯૯૮, શ્રેષ્ઠ સાહિત્યસર્જન માટે

*** ગુજરાત સાહિત્ય અકાદમીનાં પારિતોષિત :**

– 'સાધનાની આરાધના', ૧૯૮૫

– 'મારી પરણેતર', ૧૯૮૬

– 'જમનજલાં', ૧૯૮૭

– 'મારી ભિલ્લુ', ૧૯૮૮

– 'પન્નાભાભી', ૧૯૯૦

*** સુવર્ણચંદ્રકો :**

– સેંટ ઝેવિયર્સ સુવર્ણચંદ્રક, ૧૯૮૧

– શિક્ષણક્ષેત્રે એકધારી સંનિષ્ઠ સેવા બદલ સંસ્થા તરફથી સુવર્ણચંદ્રક, ૧૯૮૧

– સંસ્કાર ઍવૉર્ડ, ૧૯૮૪

– અભિવાદન ટ્રોફી, ૧૯૮૭

– મેઘરત્ન ઍવૉર્ડ, ૧૯૮૯

– ધનજી કાનજી સુવર્ણચંદ્રક, ૧૯૯૦

– કનૈયૈલાલ મુનશી સુવર્ણચંદ્રક, ૧૯૯૫

– રાજકવિ ડાહ્યાભાઈ પટેલ ટ્રસ્ટ, વડોદરા તરફથી 'સર્વશ્રેષ્ઠ ચરિત્રલેખક' તરીકેનો સાહિત્યરત્ન સુવર્ણચંદ્રક, ૨૦૦૮

– શ્રી કમળાશંકર પંડ્યા સુવર્ણચંદ્રક, ૨૦૦૯

*** અનુવાદને પારિતોષિક :**

– 'આંગળિયાત'નો રાજસ્થાની ભાષામાં શ્રી જેઠમલ હ૦ મારુ દ્વારા થયેલ અનુવાદ સાહિત્ય અકાદમી, દિલ્હીનો રાષ્ટ્રીય અનુવાદ પુરસ્કાર પ્રાપ્ત, ૨૦૦૮

*** સામાજિક ક્ષેત્રે :**

– સમગ્ર મુંબઈ દલિત સમાજ તરફથી ૧૯૯૦માં 'મિત્રરત્ન ઍવૉર્ડ'

– 'દિવ્ય ભાસ્કર' દ્વારા થયેલ '૧૦૦ પાવરમેન સર્વેક્ષણ'માં આણંદ જિલ્લાના ત્રણ 'પાવરમેન'માંના એક જોસેફ મેકવાનની પસંદગી

*** સંસ્થાગત સંબંધો :**

– ગુજરાત વિષમતા નિર્મૂલન પરિષદના ઉપપ્રમુખ

– ગુજરાત ખેતીવિકાસ પરિષદના સાથે ગાઢ-સક્રિય સહયોગ

– 'સેવા', 'લોકાયન', 'નવસર્જન' અને 'સંકલ્પ', 'વિશ્વગ્રામ', 'રિશ્તા' જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સક્રિય સહયોગ

– ૧૯૭૩થી ૧૯૮૭ ગામડી ગ્રામપંચાયતના સભ્ય

– ૧૯૭૮થી ૧૯૮૨ ગુજરાત રાજ્ય પછાતવર્ગ બોર્ડ, ગાંધીનગરના સભ્ય

– ૧૯૮૭થી ૧૯૯૦ રાજ્ય પાઠ્યપુસ્તક બોર્ડના સભ્ય

– ૧૯૮૮થી ૧૯૯૦ રાજ્ય સરકારની બાબાસાહેબ આંબેડકર જીવનચરિત્ર સમિતિના સભ્ય

– ૧૯૮૯ : બાબાસાહેબ જીવનચરિત્રના સરકાર મનોનીત લેખક

– ૧૯૮૫થી ૨૦૦૦ સુધી ગુજરાતી સાહિત્ય પરિષદના કારોબારી સભ્ય

– ૧૯૯૭થી ૨૦૦૦ ગુજરાત સાહિત્ય અકાદમીના ચૂંટાયેલ સમિતિના સભ્ય

– ૧૯૯૨થી ૧૯૯૭ આણંદ નગરપાલિકાની શિક્ષણસમિતિના અધ્યક્ષ

– ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ

– ભારતીય જ્ઞાનપીઠની ગુજરાતી ભાષા સાહિત્યની સમિતિમાં વરણી

*** રાષ્ટ્રીય ક્ષેત્ર :**

– ૧૯૯૩માં ભારત સરકારના શિક્ષણ મંત્રાલય તરફથી શાંતિનિકેતન, પશ્ચિમ બંગાળમાં અહિન્દી ભાષી હિન્દી લેખક તરીકે પસંદગી. ત્યાં પ્રગતિશીલ સાહિત્યસર્જનના વર્કશોપમાં યોગદાન.

– ૧૯૭૮માં ઑલ ઇન્ડિયા ક્રિશ્ચિયન લીયર્સ કન્વેશન, બેંગ્લોરમાં 'પ્લાઈટ ઑફ શિડ્યુઅલ કાસ્ટોરિજીન' ગુજરાતનું પ્રતિનિધિત્વ.

– ૧૯૭૯માં દિલ્હીમાં યોજાયેલ ઑલ ઇન્ડિયા માઇનોરિટી કન્વેન્શનમાં ખ્રિસ્તી લઘુમતીનું પ્રતિનિધિત્વ. રાષ્ટ્રીય અને ભાવનાત્મક એકતા પર અભ્યાસપૂર્ણ પેપરવાચન.

– ૧૯૮૧માં લોકાયતનના ઉપક્રમે બિહારની રજધાની પટણાની એસ. એન. સિંહા ઇન્સ્ટિટયૂટમાં ગુજરાતી-બિહારના કર્મશીલોના સેમિનારમાં ગુજરાતની દલિત સમસ્યા પર પેપરવાચન.

– ૧૯૮૧ અને ૧૯૮૫ના અનામત વિરોધી તોફાનો દરમિયાન આપદગ્રત ગામડાંમાં શાંતિ-સુલેહની કામગીરી.

– ૧૯૮૧થી ૧૯૮૬ દરમિયાન ઈસરી, રાજપીપળા, કંજેટામાં પાયાના કાર્યકરોની શિબિરોનું સંચાલન સ્વ. ભાનુભાઈ અધ્વર્યુ સાથે.

– વડોદરા તથા અમદાવાદમાં અનામત વિરોધી તોફાનોમાં કોમી એખલાસ તથા શાંતિના પ્રયાસો. બૌદ્ધિક કાર્યકરો સાથે વિચાર-વિમર્શ.

– સ્વાવલંબી મહિલા સંસ્થા 'સેવા'ના પદ્મવિભૂષણશ્રી ઈલાબહેન ભટ્ટ, નારીમુક્તિ આંદોલનના અગ્રણી પત્રકાર પ્રો. ઈલાબહેન પાઠક, મહારાષ્ટ્રના સ્ત્રી-કાર્યકર છાયાબહેન કર્ણાટકમા મજૂર કાર્યકર શ્રી સુભાષ જોશી, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરતના ડૉ. ઘનશ્યામ શાહ વગેરે સાથે સક્રિય સંપર્ક અને પ્રવૃત્તિમાં સહયોગ

– નોર્થ અમેરિકન ગુજરાતી લીટરરી એકેડમી, ન્યૂયોર્ક તરફથી અમેરિકાનાં વિવિધ રાજ્યોમાં લેખકનાં વક્તવ્યોનું ૧૯૮૮ માં આયોજન. ત્યાં ૩૧ વ્યાખ્યાનો આપ્યાં. લંડનમાં ચાર વ્યાખ્યાનો. અમેરિકામાં બ્લેક રાઇટર્સ મૂવમેન્ટનો પરિચય.

– ૧૯૯૫માં કેરાલાના કોચી નગરમાં નેશનલ ઍવૉર્ડ વિનર્સ આંતરરાષ્ટ્રીય સાહિત્યકાર સંમેલનમાં ઉપસ્થિતિ અને 'સરસ્વતી સમારોહ'માં વખાણાયેલું 'માય ટાઇમ, માય રાઇટિંગ્સ' વિષય પરનું પેપર પ્રેઝન્ટેશન.

– ૧૯૯૮માં દિલ્હીમાં 'મ્યુઝ ઍન્ડ માયનોરીટી' ના ત્રિ-દિવસીય સંમેલનમાં 'માય એકાઉન્ટીબિલીટી ઇન માય રાઇટિંગ્સ' પર પેપર પ્રેઝન્ટેશન.

– ૨૦૦૧માં દક્ષિણ આફ્રિકામાં યુનો દ્વારા મળેલ 'વર્લ્ડ કોન્ફરન્સ અગેઇન્સ્ટ રેસીઝમ' ડરબન ખાતે ઉપસ્થિતિ.

– ૨૦૦૨માં ગુજરાતમાં થયેલ કોમી રમખાણો સમયે કોમી એખલાસના પ્રયત્નો. 'વિશ્વગ્રામ' સાથે સંકળાઈને ઉત્તર ગુજરાતમાં એક માસ વ્યાખ્યાન – પ્રવાસ.

❐

કવરપેજ - ૪ માટે

જોસેફ મેકવાન (૧૯૩૫–૨૦૧૦) : ગુજરાતીના મહત્ત્વના નવલકથાકાર, વાર્તાકાર અને ચરિત્ર નિબંધકાર તરીકે જાણીતા છે. ગુજરાતીમાં દલિત સાહિત્યનો મજબૂત પાયો નાંખનાંર અને ગુણસમૃદ્ધ દલિત સાહિત્યનું માતબર સર્જન કરનાર અગ્રણી સર્જક લેખે તેમનું ઘણું મહત્ત્વ છે. અભાવગ્રસ્ત દલિત પરિવારમાં અનેક સંઘર્ષો વેઠીને તેઓ પ્રાથમિક શિક્ષક બન્યા હતા. એ પછી નોકરી સાથે ભણતા જઈને તેઓ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં સીનીયર અધ્યાપક પદેથી નિવૃત્ત થયા હતા.
પોતાને થયેલા વાસ્તવજીવનના કઠોર અને કપરા અનુભવોને એમણે એમના સર્જનમાં રૂપાંતરિત કરી આપ્યા છે. તેમણે ચૌદ નવલકથાઓ, છ વાર્તાસંગ્રહો, અને અગિયાર જેટલા રેખાચિત્રોના સંચયો આપ્યા છે. એક કર્મશીલ વ્યક્તિ તરીકે એમની સેવાઓ ઘણા પીડિતોને મળી છે. પોતાના સાહિત્ય વડે એમણે દલિત અને મુખ્યધારાના સાહિત્યને રળિયાત કર્યું છે.

*

આ લઘુગ્રંથના લેખક મણિલાલ હ૦ પટેલ (૧૯૪૯) ગુજરાતી ભાષાના મહત્ત્વના સર્જક તરીકે જાણીતા છે. સરદાર પટેલ વિશ્વ વિદ્યાલય, વલ્લભવિદ્યાનગરમાં ગુજરાતી ભાષાસાહિત્યનું અધ્યાપન કરાવનાર મણિલાલ પટેલ હાલ નિવૃત્ત છે. એમણે કવિતા ઉપરાંત વાર્તાઓ, નિબંધો અને નવલકથા ક્ષેત્રે ધ્યાનપાત્ર લેખન કર્યું છે. વિવેચક, સંપાદક તરીકે પણ એમનું કાર્ય જાણીતું છે. સંનિષ્ઠ અધ્યાપક અને અભ્યાસી વક્તા તરીકે પણ તેઓ જાણીતા છે.